સ્વ. સરદારશ્રી પોતાનો જાતઅનુભવ નગરપાલિકા વિશે લખે છે કે 'મેં ૨યુ.માં ઘણાં વરસો સુધી કામ કર્યું છે. તે દિવસોમાં મને રાત્રે ઘણી સારી ઊંઘ આવતી હતી. કારણ કે જ્યારે શહેરની સ્વચ્છતાનું કે શહેરી કે ગરીબ લોકોની સેવાનું કામ કરતો હતો ત્યારે મને સાંજે અનુભવ થતો હતો કે દિવસભર કાંઈક કામ કર્યું છે; તેથી ઘણી સારી ઊંઘ આવતી હતી. તેથી હું કહું છું કે મ્યુનિસિપાલિટીનું કામ ઘણું સારું છે. બલ્કે સૌથી સારું કામ છે.'[1]

આ સમયનું ખંભાત :

જ્યારે બ્રિટિશ સામ્રાજ્યમાં લૉર્ડ રિપન વાઈસરૉય હતા ત્યારે ખંભાતમાં મર્હુમ નવાબસાહેબ જાફરઅલીખાન સાહેબ તખ્તનશીન હતા. તેમનો શાસનકાળ (ઈ.સ. ૧૮૮૦ થી ૧૯૧૫ સુધી)માં પ્રજાને અનેક પ્રકારની સુખસગવડો પ્રાપ્ત થઈ છે.

તેમના પિતાના સમયમાં (મર્હુમ નવાબ હુસેનયાવરખાનના ૧૮૪૧–૧૮૮૦) શહેરને અંગે એટલું જ કામ થતું કે ચોમાસું ગયા પછી પાણીથી પડેલા મોટામોટા વહેળા 'ચણુતરા'ના માણસો મોકલી દુરસ્ત કરાવતા; આ સિવાય પ્રજાના સુખ માટેનું કોઈ કાર્ય ન થતું.

શ્રી મર્હુમ નવાબ જાફરઅલીખાન ગાદી પર આવ્યા તે વખતે તેમના દિવાન શામરાવ નારાયણ લાડે (ઈ. સ. ૧૮૮૦–૧૮૮૩ અને બીજી વખત ૧૮૮૫–૧૮૯૦) ખંભાતમાં પાણી છંટાવવાનું તથા રસ્તા ઉપર ફાનસો મુકાવવાનું કામ શરૂ કર્યું. ગુજરાતી નિશાળો પણ શરૂ કરી. અહીં સુધારાનાં બીજ રોપાયાં હતાં. તેમણે બીજાં ખાતાંની પેઠે એક ખાતું કાઢ્યું તેને 'સુધરાઈ ખાતુ' કહેતા. તેનો સઘળો વહીવટ સરકાર જ કરતી. તેના ઉપરીને 'દારોગા' કહેતા.[1]

પછી દિવાન તરીકે શ્રી માધવરામ હરિનારાયણ વ્યાસ આવ્યા. (તા. ૧૭–૭–૧૮૯૪ થી તા. ૨–૭–૧૯૧૩) તેઓ ખંભાત રાજ્યમાં પ્રથમ રેવન્યુ અધિકારી હતા. તે કામ એમણે સાડાત્રણ વર્ષ સુધી કર્યું હતું. તે દરમિયાન એમની મહેનત, હોશિયારી, દાનાઈ અને ઈમાનદારીથી રેવન્યુખાતામાં ઘણા જ સુધારા કર્યા; એમની સારી નોકરીથી ખુશ થઈ ના. મ. નવાબસાહેબ જાફરઅલીખાને તેમને દીવાનગીરી આપી હતી.[2] આ દિવાનસાહેબે ખંભાત શહેરને આપેલી ભેટમાંની આ અમૂલ્ય ભેટ તે આજની નગરપાલિકા.

### પ્રથમ નિમાયેલા મેમ્બરો : ઈ. સ. ૧૯૦૯

દીવાન શ્રી માધવરામે તા. ૧૩–૧૧–૧૯૦૯થી નીચેના મેમ્બરોની નિમણૂક કરી. અને તા. ૧–૧૨–૧૯૦૯ (વિ. સં. ૧૯૬૬ના કારતક વદ ૪ બુધવાર)થી કાર્યનો પ્રારંભ થયો.

મેંબરો — ૧ શ્રી મણિભાઈ ગુલાબભાઈ – અધ્યક્ષ, ૨ શ્રી છોટાલાલ કાશીભાઈ, ૩ શ્રી ધનજીભાઈ મોટાભાઈ, ૪ શ્રી વજેરામ હરિનારાયણ, ૫ શ્રી વેણીભાઈ દીપચંદ, ૬ સૈયદ અબદુલ લતીફ સાહેબ, ૭ શ્રી સૈયદ સુજાતહુસેન હુસેનમીયાં, ૮ શેઠ છોટાલાલ જુગલદાસ, ૯ શ્રી વકીલ બાલકૃષ્ણ નારાયણ, ૧૦ વકીલ દ્વારકાંદાસ મગનલાલ ૧૧

---

૧. એ જ પૃ. ૬૬૪

૧. શ્રી શામરાવ દિવાને સુધારા કર્યા તે વિશે તે વખતના ખંભાતના નાગર કવિ નાથાલાલે એક કાવ્ય બનાવેલું. જે અમે 'નવસંસ્કાર' તા. ૧૯–૬–૫૩ આપી ગયા છીએ.

૨. ના. મ. ન. જાફરઅલીખાન સાહેબે દિલ્હીથી આવેલા ચાંદમાંથી એક ચાંદ (૧ લી સપ્ટે. ૧૯૦૩) દિ. સા. માધવરાવને આપતી વખતે.

શેઠ પોપટભાઈ અમરચન્દ, ૧૨ શેઠ કાવસજી રતનજી જીનવાળા ૧૩ શેઠ કીકાભાઈ હસનઅલી માસીવાળા.

આમાં પ્રથમના ૭ મેંબરો સરકારી અમલદારો હતા અને બાકીના ૭ સરકારે પ્રજામાંથી નીમેલા.

સુધરાઈપંચના નિયમો ઘડાયા : ૧૯૧૦

સુધરાઈપંચના ધારાની કલમ ૪૪ મુજબ સુધરાઇના નિયમો સુધરાઈ પંચે ઘડ્યા છે તે તા. ૨૭મી માર્ચ સને ૧૯૧૦ના રોજથી હજુરથી મંજર થયા; અને એ નિયમોનો ખરડો લોકોની જાણ માટે સુધરાઈ કચેરીમાં ખુલ્લો મૂક્યો.[3]

પ્રથમ સુધરાઈની હદ — ૧૯૧૦

શહેરસુધરાઈના કાર્યની મર્યાદા માટે નીચે પ્રમાણે સુધરાઈની હદ નક્કી કરી.[4]

પૂર્વ : કંસારી ગામના દક્ષિણના ઝાંપે થઈ બૌધક, ત્યાંથી શકરપોર થઇ મહેતપોર.

દક્ષિણ : મહેતપોરથી માછીપરું ત્યાંથી રેલવે સડકને રસ્તે થઈ ગંધાતી ગલી સુધી.

પશ્ચિમે : ગંધાતી ગલીથી પીર નાળિયેરી અને ત્યાંથી સદરફડ થઈ ધોબીઘોવાણ અને બાલેસા સુધી.

આ પ્રમાણે પ્રજાના કાર્યનાં પગરણ શરૂ થયાં.

ઉપર જણાવેલી હદ શરૂઆતની છે. ત્યાર પછી તેમાં વધારો થતો ગયો છે. તા. ૧–૩–૬૯ વધારો થયો છે. જેમ જેમ શહેરની પ્રગતિ થતી જાય છે તેમ હદવધારો થાય છે.

---

૩. ખં. દ. ગે. તા. ૧ લી એપ્રિલ સને ૧૯૧૦ પૃ. ૧

૪. ખં. દ. ગે. તા. ૧લી સપ્ટે. ૧૯૧૦

ખંભાત

કાર્યક્ષેત્ર અને કાર્ય

અક્ષાંશરેખાંશ–અક્ષાંશ ૨૨ અંશ ૯ ફૂટથી ૨૨ અંશ ૪૧ ફૂટ ઉત્તર અક્ષાંશ. રેખાંશ ૭૨ અંશ ૨૦ ફૂટથી ૭૩ અંશ ૫ ફૂટ પૂર્વ રેખાંશ.

ખંભાત શહેરનો વિસ્તાર–૫૩૦૯૨૩૮ ચો. વાર. (૧.૭૨ ચો.મી.)

સમુદ્રથી ઊંચાઈ–૧૦૩ મીન્સસીલેવર ઊંચું છે.

વસ્તી (૧૯૬૧) – ૨૬૬૨૫ પુ. + ૨૪૬૬૬ સ્ત્રી = ૫૧૨૯૧ કુલ.

રસ્તા –૧ હુસેનયાવરરોડ–ગવારા દરવાજાથી સ્ટેશન ઈ. સ. (૧૯૩૭)

૨ મહંમદ જાફર અલીખાન રોડ–સ્ટેશનથી લાલ દરવાજા ૧૯૩૭.

૩ ગાંધારોડ–ત્રણ દરવાજેથી લાલ દરવાજા

૪ જવાહરરોડ–ચિતારીથી ગવારા દરવાજા

૫ સુભાષરોડ–કડિયાપોળથી ઝંડાચોક

૬ વલ્લભભાઈ પટેલરોડ–ત્રણ દરવાજાથી અલીંગ

૭ આઝાદરોડ–મંડઈગેટથી ફતેહદરવાજા

૮ ડો. માણેકલાલ રોડ–અલીંગથી પાણિયારી

બગીચા–૧ લાલબાગ—લાલ દરવાજે

૨ તિલકબાગ–સ્ટેશન

૩ શહીદબાગ–ત્રણ દરવાજે

૪ માદળાના તળાવ ઉપરનો બાગ

બાળકોને રમતનાં સાધનો–

૧ તિલકબાગમાં–ખં. મ્યુ. તરફથી

૨ માદળાના ઉપરના બાગમાં ”

૩ શહીદબાગમાં ”

૪ લાલબાગમાં–શેઠ વખારિયા તરફથી

૫ રઝા અલીખાન બાગ ”

પાણીની ટાંકીઓ :

શહેરમાં તથા શહેર બહાર ચોવીસે કલાક પાણી મળે; અને ગામમાંથી જતાઆવતા મુસાફરોને સુગમતા મળે તે માટે શહેરીઓએ બંધાવી આપેલી ટાંકીઓ.

૧ શ્રી મોતીભાઈ રામદાસે — મીલ પાસે
૨ ,, રણછોડભાઈ ગોવિંદજીએ — લાલ દરવાજા બહાર
૩ ,, જોશી સુખદેવે — બેઠક સામે
૪ ,, હીરાગૌરી જયશંકરે — લાલબાગ પાછળ
૫ ,, હરિપ્રસાદ ભવાનીશંકરે — સ્મશાનમાં
૬ ,, અંબાશંકર પ્રાણશંકર — સ્મશાનમાં
૭ ,, હરિલાલ છગનલાલ — લાલબાગની અંદર
૮ ,, ભીખાભાઈ હરિભાઈ મ્યુ. ઓફિસ પાછળ
૯ ,, ચવાણુવાળા તરફથી — ભાવનાથ પાસે
૧૦ — મોચીવાડે
૧૧ — ખાંજ્યાપરાને નાકે
૧૨ — ત્રણ દરવાજા પાસે
૧૩ બેન ચંચળે (મૂળચંદદાસ દામોદરદાસ ગોટલાવાળાની દીકરી) — મંડાઈની નિશાળ પાસે
૧૪ મફતલાલ રણછોડદાસે — માછીપરા

ટાવર—

૧ સરદાર ટાવર-શ્રી છોટાલાલ હરિવલ્લભદાસે
૨ મોટું ટાવર-ત્રણ દરવાજા ઉપર ખંભાત સ્ટેટ તરફથી

ફાનસ—

૧ શેઠ કાએમઅલી તૈયબઅલી સ્મારક-શ્રી ગુલામ અબ્બાસ અને શ્રી ફીદા હુસેન અબ્દુલ અલીએ મરહુમની યાદ માટે બંધાવ્યો. તા. ૧૫ ઓગષ્ટ ૧૯૨૧
૨ પાંચ પાનસ-કોર્ટ આગળ
૩ ગાંધીજીના સ્મારક અને સરદારના સ્મારક આગળના લાઈટો સર્કલ સહિત છોટાલાલ ઓડિટર

પ્રતિમાઓ—

૧ શ્રી ગાંધીજીની—શ્રી છોટાલાલ એચ. શાહ
૨ શ્રી સરદારની— ,,

રસ્તાઓ બાંધેલા—

૧ એસફાલ્ટના-૩૬૬૫૪૫ ફૂટના છે.
૨ મેટલના કાચા-૨૩૪૫૫ ફૂટના છે.

લાઈટો—

ખંભાતને ખૂણેખાંચરે ઇલેકટ્રીકની લાઈટો આવી ગઈ છે; ભાગ્યે જ કોઈ સ્થળ બાકી હશે.

પહેલાં કેરોસીનના દીવા હતા. હવે તો તે ગયા છે. સને ૧૯૫૧માં ૭૧૨ લાઈટો હતી અને ૧૯૬૩-૬૪માં ૨૪૪૦ લાઈટો છે. મુખ્ય મુખ્ય સ્થળે એવડી ટયુબલાઈટો નાખી છે.

રેડિયોસેટ—

શ્રી શેઠ બુલાખીદાસ નાથાલાલ તરફથી લાલ બાગમાં મૂકવામાં આવ્યો છે. તેનાથી પ્રજા સમાચાર તથા ગીતો વગેરેનો આનંદ લઈ શકે છે.

રેડિયોઘર—

આ સેટને મૂકવા માટે શ્રી કૃષ્ણલાલ હીરાલાલ પરીખે એક રેડિયોઘર બનાવી આપ્યું છે.

પ્રોજેકટર—

શહેરમાં મ્યુ.એ આરોગ્યને લગતી ફિલમો બતાવવા માટે પ્રોજેકટર વસાવ્યું છે. જેથી ચેપી રોગોને લગતી ફિલમો બતાવાય છે.

મ્યુનિસિપાલિટીનું મકાન

પહેલાં સુધરાઈખાતુ ચાલતું હતું ત્યારે તેનો પ્રારંભ ખંભાતની જૂની જેલની એક ઓરડીમાં

ઓફિસ કાઢવામાં આવેલી; દિનપ્રાતદિન જેમ જેમ મ્યુ.નો વિકાસ થતો ગયો તેમ તેમ મકાનો વધારતા ગયા.

મ્યુ. હોલ : મ્યુ.એ પોતાને ખર્ચે સને ૧૯૫૪માં એક ભવ્ય હોલ બાંધ્યો. તેમાં નીચેના ભાગમાં મ્યુ.ના કર્મચારીઓ બેસે છે; જ્યારે ઉપરના ભાગમાં સભા–જનરલ મિટિંગ વગેરે માટે ઉપયોગ થાય છે.

મ્યુ. પુસ્તકાલય

સને ૧૯૫૪માં ૧૫મી ઓગષ્ટે ખંભાત શહેર માટે ફરતા પુસ્તકાલયની યોજના મ્યુ. તરફથી કરવામાં આવી. તેનું ઉદ્‌ઘાટન ના. નવાબસાહેબને હસ્તે થયું હતું. તે માટેનાં પુસ્તકો મૂકવા માટેનાં કબાટ, ટાયરવાળી ગાડી વગેરેની વ્યવસ્થા મ્યુ.ના સભ્ય શ્રી કાંતિલાલ ડી. દલાલે કરી આપી. પુસ્તકો મ્યુ. મંગાવવામાં આવ્યાં; અને શહેરમાં તે ફરતા પુસ્તકાલયની યોજના ચાલી; જેથી ઘેર રહેલો સ્ત્રીવર્ગ પણ સારો લાભ લેતો થયો, પાછળથી આ યોજના બંધ પડી. પુસ્તકો તે વાચનાલયમાં રાખવામાં આવ્યાં છે.

મ્યુ. વાચનાલય

પરીખ જીવણલાલ મોહનલાલ ધર્મશાળાના એક ભાગમાં વર્તમાનપત્રોનું વાચનાલય, તથા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું. જનતા આ વાચનાલયનો સારા પ્રમાણમાં લાભ લે છે.

જન્મમરણની નોંધ

આ એક અગત્યનું દફતર રાખવામાં આવે છે; કે જેમાં જન્મમરણની નોંધની વિગતો મળે છે.

સ્ટેન્ડપોસ્ટ–૬૮ (૧૯૫૦–૫૧)

ફાયરસ્ટેન્ડ–૩૧

હાઈડ્રન્ટ–૧૫૩

૬૪

પાણીના પાઈપનાં કનેક્શન ખુલ્લાં સરકારી–૪૯

શેપર્ડ શાકમાર્કેટ

ગવારા દરવાજે આવેલી 'શેપર્ડ મારકીટ' મ્યુ.ના કબજામાં છે. ખંભાતના સને ૧૮૮૮–૮૯ના રિપોર્ટમાં આ માર્કેટ વિષે શ્રી શેપર્ડસાહેબ લખે છે કે—

'તમારી આવક વધતી જાય છે; શહેરની આબાદાની વધતી જાય છે; નવાં નવાં ઘર બંધાતાં જાય છે, નવાં નવાં પબ્લિક બિલ્ડીંગ થાય છે તે તમારા રાજ્યની આબરૂનો વધારો કરે છે. તમે મારા નામથી મારકીટ રાખી છે તેને માટે હું તમારો આભાર માનું છું. હજી પણ સુધારા કરતા જાઓ.'

આ માર્કેટની દુકાનો ભાડે અપાય છે અને તેનું ભાડું સારા પ્રમાણમાં મળે છે.

મીરમાર્કેટ

પીરજ પોરથી આગળ જતાં મીરમાર્કેટ બાંધવામાં આવ્યું છે; તેની દુકાનોનું ભાડું સારી રીતે મળે છે.


ધર્મશાળાઓ :

૧ શ્રી જીવણલાલ મોહનલાલ ધર્મશાળા તથા રૂક્ષ્મણી બા હોલ — મોટાગવારે

૨ શ્રી હીરાલાલ બાપુલાલ — સ્ટેશનથી અકબરપુર જતાં.

હવાડા :

ઢોરોને પાણી પાવાની સગવડ માટે જનતાએ બંધાવેલા હવાડા.



ખંભાત મ્યુનિસિપાલિટીનું મકાન

| | |
|---|---|
| ૧ ભાવનાથ સામે— | શ્રી ભાણાભાઈ રામજીભાઈએ |
| ૨ માછીપરાની ધર્મશાળા સામે— | શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ ખારવા તરફથી |
| ૩ ખાંજીયાપરાને નાકે— | શ્રી અમરતલાલ બાપુલાલ શાહે |
| ૪ મોચીવાડે — | શ્રી ભગવાનજી જગજીવનદાસે |
| ૫ જીન પાછળ — | જીનતરફથી |
| ૬ મકાતમંડાઈ પાસે — | બાઈ દિવાળી તરફથી |
| ૭ કુમારફળિયા પાસે — | શ્રી દેવજીભાઈ પટેલ તરફથી |
| ૮ શેખાજીની વાવ પાસે — | શ્રી જેસંગભાઈ ભગવાનજી તરફથી |
| ૯ ફતેહદરવાજા પાસે — | શ્રી ભઈજીભાઈ પીતાંબરદાસે |
| ૧૦ સ્મશાનમાં — | શ્રી અંબાશંકર કૃપાશંકર તરફથી |
| ૧૧ રાહધારી — | શ્રી રાહધારી નાવેપારીયો તરફથી |

૧૧ તખતીઓવાળા
૪ તખતી વગરના
૧૫ કુલ હવાડા છે.

વોટરવર્કસ :

સને ૧૯૧૬માં નામદાર નવાબસાહેબ જાફર અલી ખાન સાહેબે તૈયાર કરાવ્યું. અને ૮મી જાન્યુ. ૧૯૧૬ના રોજ ગવર્નરની કૌંસીલના સભાસદ મિ. ડબલ્યુ. ડી. શેપર્ડ બહાદુરને હાથે ખુલ્લું મુકાવ્યું. જેને બંધાવતાં સાડાત્રણ લાખ રૂા. ખર્ચ થયો છે. તેનું નામ ' ધી નવાબ જાફરઅલીખાન વોટર વર્કસ ' રાખ્યું.

આ પાણીના ટાંકી બાવન ફૂટ ઊંચી છે.

સને ૧૯૪૮–૪૯માં ૭ ઈંચનું નવું બોરિંગ નારેશ્વર ઉપર સુધરાવીને મુકાવ્યું.

પાણીની પહેલી પાઈપ ૨૪ ઇંચના વ્યાસની છે.

નવાં બોરિંગો :

૧ તીલકબાગમાં ( સ્ટેશન પાસે ૮ ) ઈંચના માપનું

૨ માદળાના તળાવ ઉપર — ૮ ઈંચના માપનું

૩ પાટના આરે — ૮ ,,

૪ લાલબાગમાં — ૮ાા ઈંચના

૫ વોટરવકર્સના જૂનાં હતાં તે સુધરાવ્યાં.

શહેરમાં ખૂબ પાણી મળી શકે તે માટે બોરિંગો કરાવી અને ભૂગર્ભમાં પાણીની વિશાળ ટાંકીઓ બંધાવી.

બંબાખાનું :

કચેરીઓ પાસે બંબાખાનાનું મકાન છે.

૧ પ્રથમ તો ઘોડા ખેંચે તેવા બંબા હતા; તે કાઢી નાખી સને ૧૯૨૮માં મેરીવેધરનો બંબો ખરીદ્યો.

૨ જીપની સાથે જોડાય તેવા પંપ ખરીદ્યા

૩ ટાંકીથી છંટાય તેવા પંપ ખરીદ્યા.

એમ્બ્યુલન્સ

૧ ના. નવાબસાહેબે મ્યુ.ને ભેટ આપી.

૨ મ્યુ. ખરીદી

પ્રજાને અગવડે ભાડે અપાય છે. અને દર્દીઓ તેનો ઉપયોગ સારી રીતે કરે છે.

જાહેર જાજરૂ મૂતરડી :

ખં. મ્યુ.ના કબજાનાં જાહેર જાજરૂની સંખ્યા ( ૧૯૬૨માં ) ટોપલાના ૬૨ અને એકવાના ૧૨ (૩ યુનીટ )૩ ના છે.

અને મૂતરડીની સંખ્યા ૨૭ છે. મ્યુ.ના ભંગીઓ રાખી ખડકીના જાજરૂઓ સાફ કરવાની ગોઠવણ કરી.

દુકાનો ( ૧૯૬૨ ) :

દુકાનોની સંખ્યા ૩૧૩૨ છે અને વેપારી-સંસ્થાઓ ૪૩૯ છે. રેસ્ટોરેન્ટની સંખ્યા ૫ છે. સગવડવાળી હોટલો ૨ છે. તથા આનંદપ્રમોદની જગાઓ ૧૩૩ છે.

ખંભાત મ્યુ. તરફથી આરોગ્યસપ્તાહ ઉજવાયો.

તા. ૨–૬–૫૭ થી તા. ૯–૬–૫૭ સુધી શહેરની સ્વચ્છતાનું ધોરણ વધે અને તેમાં લોકો વધુપડતો રસ લે તે હેતુથી મ્યુ. તરફથી આરોગ્યસપ્તાહ ઉજવવામાં આવ્યું હતું.

૧ સફાઈહરીફાઈ ( પોળોની )

૨ હોટલો અંગેની સફાઈહરીફાઈ

૩ નિબંધ હરીફાઈ

૪ પ્રદર્શન

૫ આરોગ્યવિષયક ફિલ્મો બતાવવામાં આવી હતી.

ચેતવણી અને પગલાં :

શહેરમાં જ્યારે જ્યારે પ્લેગ, કોલેરા, ઓરી-અછબડા, ઈન્ફ્લુએન્ઝા વગેરે કોઈ રોગ ચાળો શરૂ થતાં મ્યુ. તરફથી સાવચેત રહેવાની સૂચનાઓ-ઉપાયો બહાર પડતી, અને ઈન્ફ્લુએન્ઝા વખતે દવાઓ આપવાની તથા ઈંજેક્ષનો આપવાની ગોઠવણ થઈ છે, શહેરના દાક્તરોના સહકારથી શહેરની પ્રજાનું આરોગ્ય જાળવવા પ્રયત્ન કર્યા છે, અને થાય છે.

વળી બાળકોને ડીપ્થેરિયા, ધનર્વા, ઉટાંટિયો જેવા ગંભીર અને જીવલેણ રોગથી બચાવવા માટે ' ત્રિગુણી રસી ' બાળકોને મૂકી હતી.

માથાદીઠ ૧૮–૨૦ ગેલન પાણી મ્યુ. આપે છે. વૉટરવર્ક્સ ઉપર બાંધેલી પાણીની ટાંકી ૧૫૦૦૦૦ ગેલનની છે, અને બે લાખ ગેલનની એક ટાંકી તથા બીજી નેવું હજાર ગેલનની અંદર-ગ્રાઉન્ડની ટાંકી છે. માદળાના તળાવની ત્રીસ હજાર ગેલનની અને તિલકબાગની ત્રીસ હજાર ગેલનની અંદરગ્રાઉન્ડની ટાંકીઓ બાંધેલી છે.

૭૫ હોર્સપાવરના પંપીંગસેટથી ડીરેકટ પાણી આપવામાં આવે છે. જેને લીધે ખૂટતા પ્રમાણમાં દબાણમાં મળી રહે છે.

એક કલાકે ૭૦–૭૫ હજાર ગેલન પાણી ચાલુ પાઈપમાં દાખલ કરવામાં આવે છે.

તિલકબાગ અને માદળાતળાવ પરની ટાંકીનું પાણી પંદરથી ૨૦ હજાર કેપીસીટીથી પાણી સીધું પાઈપમાંથી જ ચડાવવામાં આવે છે.

રસ્તા ઉપર પાણીનો છંટકાવ :

જ્યારે વૉટરવકર્સ ન હતું ત્યારે હાલની મંડાઈની નિશાળના ચોગાનમાં વિશાળ કૂવો હતો; તેમાંથી કોસ વડે પાણી કાઢી ગામમાં છાંટવામાં આવતું. અને એવો બીજો કૂવો જુમ્મા મસીદ આગળ હતો. આ પ્રમાણે ઈ. સ. ૧૯૧૬ પહેલાં હતું.

વૉટરવકર્સ થયા પછી તેને પીપો વડે છાંટવામાં આવે છે. કે જેમાં બહુ જ સરળતા છે. અને તે અંગે ટ્રેકટરનો ઉપયોગ થાય છે.

સ્વીમીંગબાથ—૧૯૬૮

ખંભાતના માદળાના તળાવ ઉપર મ્યુ. તરફથી સ્વીમીંગબાથ કરાવવામાં આવ્યો; જેમાં તરવાની ગોઠવણ કરવામાં આવી છે.

માદળાના તળાવ ઉપર રસ્તો મોટો કરી; ત્યાં બે મજલાની દુકાનો બનાવી; ઉપર ગેસ્ટહાઉસો બનાવ્યાં. બાગ નવો બનાવી તેમાં બાળકોને ખેલવાનાં સાધનો મુકાવ્યાં; તળાવની મધ્યમાં સુંદર બગીચો બનાવી, ત્યાં લાઈટો મુકાવી; બેટ જેવું બનાવી સુંદર સ્થાન બનાવ્યું છે, આ સ્થળે સાંજના ઘણા માણસો ફરવા આવે છે, એટલે એક રીતે આ સ્થળ ઘણું રમણીય થયું છે. શહેરની પ્રગતિમાં નવીનતા દેખાવ છે. વળી સરદાર ટાવર પાસે નવું શોપિંગ સેન્ટર બાંધી શોભામાં ઓર વધારો કર્યો છે; મ્યુ.એ ભાડાંની આવક વધારી છે. ( ૧૯૭૦ )

હાલની મારકીટ સામે અને સરદાર ટાવર પાસે મ્યુ. તરફથી દુકાનો બાંધી આપી વેપારીઓને સગવડ કરી આપી છે; એટલું જ નહિ પણ શહેરની રોનકમાં સારો વધારો થયો છે. (૧૯૭૦)

શહેરમાં ગટરયોજના ચાલુ રહી છે. આ યોજના પ્રમાણે ગટરોનું કામ પૂરું થશે ત્યારે શહેરમાંથી ગંદા પાણીના નિકાલથી પ્રજા રાહત અનુભવશે.

ખંભાત મ્યુ.ની ' શેપર્ડ માર્કેટ ' ( ઈ. સ. ૧૮૯૦ ) નાની પડવાથી બીજી માર્કેટ અદ્યતન સગવડવાળી, લગભગ ૧૨ લાખને ખર્ચે માદળાના તળાવની ઉત્તરે બાંધવા વિચારી રહી છે.

બાલમંદિરો : ( ૧૯૬૫ )

ખંભાત શહેરમાં ઘણાં વર્ષોથી કમળાલક્ષ્મી બાલમંદિર અને નૂતન બાલમંદિર ચાલે છે; તેનું સંચાલન ' શ્રી નૂતન બાલમંદિર કેળવણી સંઘ ' કરતો હતો. ઉપરોક્ત બન્ને બાલમંદિરો તા. ૧લી જૂન સને ૧૯૬૫ થી ખંભાત નગરપાલિકાને સોંપી દીધાં છે, તે સાથે શ્રી જયંતિલાલ મગનલાલ વખારિયાએ રૂા. ૫૦૦૦] તેમનાં માતુશ્રીના સ્મરણાર્થે ' શ્રી મોતીબાઈ બાલમંદિર ' શરૂ કરવા આપ્યા છે. ઉપરાંત સદર બાલમંદિરોમાંનાં તમામ

સાધનો તથા રૂા. ૧૫૦૦૦ની રકમ નગરપાલિકાને સોંપવામાં આવી છે.

શ્રી ખંભાત સાર્વજનિક માધ્યમિક શાળા (૧૯૬૫).

ખંભાત નગરપાલિકાના સુવર્ણમહોત્સવ પ્રસંગે સ્થપાયેલા શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળે જેમ કૉલેજો કાઢી તેમ તેના સંચાલક શ્રી રણજીતરાય શાસ્ત્રીએ કૉલેજના મકાનમાં 'શ્રી ખંભાત સાર્વજનિક માધ્યમિક શાળા' તા. ૧૪મી જૂન સને ૧૯૬૫થી શરૂ કરી છે. તેમાં ધોરણ ૮ થી ૧૧ સુધી દાખલ કરવાની શરૂઆત કરી છે.

મ્યુ.ના કર્મચારીઓ :

ઑફિસમાં લગભગ ૨૫ કલાર્કો; ૧૨ ઇન્સ્પેક્ટરો કામ કરે છે, શૉપઈન્સ્પેકટર, ફૂડ ઈન્સ્પેકટર; તથા સબસેનીટરી ઈન્સ્પેકટરો લગભગ ૯ એક કૉન્ઝરવેન્સી ઈન્સ્પે. વગેરે કામ કરી રહ્યા છે.

હરિજન કામદારો લગભગ ૨૬૭ છે. તથા વૉર્ડ ઈન્સ્પેકટરો ૮ તથા સેનેટરી ઇન્સ્પે ૧ છે.

આ રીતે મોટી સંખ્યામાં ખંભાતની મ્યુ.નું કાર્યતંત્ર ચાલી રહ્યું છે.

મ્યુ. કર્મચારીઓની સ. સો. ધી કૅમ્બે. મ્યુ. એમ્પલોઈઝ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

૧. ખંભાતના મ્યુ.ના કર્મચારીઓએ પોતાની એક સ. સો. સ્થાપી છે; તેમાં લગભગ ૧૦૦ સભાસદો છે. સારા પ્રમાણમાં નાણાંકીય કામ ચાલે છે.

૨. ખંભાત મ્યુ. હરિજન કામદારોની કો. ઓ. કેશક્રેડિટ સોસાયટી લી. મુંબઈ

૩. હરિજન કામદારોની સહકારી સોસાયટી ચાલે છે. તેમાં પણ ઠીક પ્રમાણમાં નાણાંકીય કામ ચાલે છે.

કતલ બંધ :

ખંભાતનું મુસ્લીમ રાજ્ય હતું; છતાં મુસ્લીમ રાજા હિન્દુ અને મુસ્લીમને સરખા ગણવા ખડે પગે તૈયાર રહેતા. તેમણે એક હુકમ કર્યો હતો કે ના. નવાબસાહેબના જન્મદિવસે, જન્માષ્ટમી, અને રામનવમીને દિવસે શહેરમાં કતલ સદંતર બંધ રાખવી.

ખંભાત સ્વસ્થાન સુધરાઈપંચનો ધારો.

વિ. સં. ૧૯૬૬ પહેલો.

ઈ. સ. ૧લી ડિસેમ્બર ઈ. સ. ૧૯૦૯થી અમલ સંવત ૧૯૬૬ (સને ૧૯૧૦)માં સુધરાઈના ધારા તૈયાર થયા; અને તે મુજબ સુધરાઈનું તંત્ર ચાલવા લાગ્યું. પરંતુ જ્યારે જ્યારે તેમાં સુધારાની જરૂર જણાઈ તથા તેમાં કાંઈ વધારો કરવાનું લાગ્યું ત્યારે તેમાં ફેરફાર કરવામાં આવતો હતો, અને તે માટે હજુરમાં એટલે કે દીવાનસાહેબની કચેરીમાં લખાણ જતું અને ના. નવાબસાહેબની સહીથી તે મંજૂર થયા પછી; તેને પ્રજાની જાણ માટે પ્રસિદ્ધિમાં મૂકવામાં આવતું; તેવાં લખાણો બનતા સુધી ખંભાત ગેઝેટમાં તે પ્રસિદ્ધ થતાં. અને કોઈ લખાણ ઑફિસે અગર ગવારા દરવાજે કે ગામમાં જાહેર જગ્યાઓ ઉપર ચોંટાડવામાં આવતાં.

આ પ્રમાણે જે જે કાંઈ કાયદામાં વધારો થાય કિંવા સુધારો થાય તેની સ્લીપો તે કાયદાબુકમાં ચોંટાડવામાં આવતી. તથા નવા મેંબરોને તે આપવામાં આવતી.

ડિસ્ટ્રીક્ટ મ્યુ. એક્ટ – ૧૯૦૧નો લાગુ થયો.

ખંભાત રાજ્ય તા. ૧૦-૬-૪૮ના રોજ મુંબઈ રાજ્ય સાથે વિલિનીકરણ થયું, ત્યારથી ડિસ્ટ્રીક્ટ મ્યુ. એક્ટ — ૧૯૦૧નો ખંભાતને લાગુ પડ્યો છે; અને તે મુજબ કાર્યપદ્ધતિ ચાલે છે.

આ કાર્ય ૧લી ફેબ્રુઆરી સને ૧૯૫૧ થી શરૂ થયું. તથા લોકલ ઓથોરીટી એડલ્ટ ફ્રેન્ચાઈઝ એન્ડ રીમુવલ ઑફ રીઝર્વેશન ઑફ સીટસ ઍકટ ૧૯૫૦નો કાયદો લાગુ થયો. આ કાયદાથી સ્ત્રીઓને મ્યુ.માં સ્થાન મળ્યું. અને સને ૧૯૫૧ની મ્યુ. ચૂંટણીમાં સ્ત્રીઓ આવી.

## સન્માનાંજલિઓ

ખંભાતની પ્રગતિશીલ નગરપાલિકા તરફથી ખંભાતને આંગણે પધારેલા મહેમાનોના યોગ્ય સત્કારસમારંભો કરી ખંભાતનું ગૌરવ વધાર્યું છે. ઘણી ભાવભીની અંજલિઓ અપાઈ છે.

નેક નામદાર નવાબસાહેબને તેમના રાજ્યારોહણના પ્રસંગે. લગ્નપ્રસંગે, યાત્રાના પ્રસંગે વગેરે શુભ પ્રસંગોએ સન્માનપત્રો અપાયાં છે; વળી જ્યારે ખંભાતને હિન્દી સંઘમાં નવાબસાહેબે જોડ્યું; ત્યારે પણ તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

વળી સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવલંકર (૧૩-૧-૪૮), મુંબઈ સરકારના નાણાંપ્રધાન શ્રી જીવરાજ મહેતાને ૧૯–૬–૫૫, ત્યારે તેમ જ ગુજરાત સરકારના વડા પ્રધાન થયા ત્યારે; વળી શ્રી મોરારજી દેસાઈને, શ્રી રસિકલાલ પરીખ, મુંબઈ રાજ્ય મહેસૂલી પ્રધાન, ૩૦-૧૨-૫૬, વળી ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ તા. ૪-૪-૬૦ને, તથા રશિયાના નાયબ વડા પ્રધાન શ્રી એફ. આર. કોઝલોવ તેના તા. ૨૮-૧૦-૬૦ના રોજ તથા ગુજરાત રાજ્યના ગવર્નરો, શ્રી મેદીનવાબ ઝાંગ, વગેરેને પ્રધાનો; યુનિવર્સિટીના વડાઓ, દિલ્હીના સભ્યો; તથા અનેક સન્માનયોગ્ય રાજપુરુષોનું, તથા મહાન ઉદ્યોગપતિઓ વગેરેને સન્માન કરવામાં આવ્યું છે અને હજી કરે છે; એ આપણી ભારતની અતિથિના સત્કારની ભાવના ખંભાત મ્યુનિસિપાલિટીએ જાળવી રાખીને ગૌરવપૂર્ણ બની છે.

તેમ જ રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, સ્વ. જવાહરલાલ નેહરુ સ્વ. શાસ્ત્રી વગેરે ભારતના નામાંકિત પુરુષો વગેરેના અવસાન માટેની શોકસભાઓ ભરી તેમને શોકાંજલિઓ આપી છે.

ખંભાત નગરપાલિકાના પ્રમુખો સને ૧૯૦૯થી
શ્રી પ્રમુખો

સરકાર તરફથી પ્રમુખ નિમાતા હતા. સને ૧૯૦૯–૧૯૪૩

| | |
|---|---|
| ૧ શ્રી મણિભાઈ ગુલાબભાઈ દેસાઈ | ૧૯૦૯ |
| ૨ ,, ઝીયાઉદ્દીન | ૧૯૧૩ |
| ૩ ,, મોતીભાઈ ઓતાભાઈ પટેલ | ૧૯૧૪-૨૧ |
| ૪ ,, ધીરજલાલ એચ. દેસાઈ | ૧૯૨૧-૨૬ |
| ૫ ,, નંદલાલ નાથાલાલ રાવલ | ૧૯૨૬-૩૦ |
| ૬ ,, વાસુદેવ ભાઉજીભાઈ મહેતા | ૧૯૩૦-૩૧ |
| ૭ ,, ફૈઝમોહંમદ ખાન | ૧૯૩૧-૩૨ |
| ૮ ,, જહાંગીર રૂસ્તમજી જસાવાળા | ૧૯૩૩-૩૪ |
| ૯ ,, અકબરઅલી એ. નાગોરી | ૧૯૩૪-૪૩ |

પ્રજાકીય પ્રમુખ ચૂંટવાની યોજના થઈ સને ૧૯૪૩થી શરૂઆત

| | |
|---|---|
| ૧ શ્રી જમનાદાસ મોતીલાલ પટેલ | ૧૯૪૩-૪૮ |
| ૨ શ્રી શાંતિલાલ મગનલાલ શાહ | ૧૯૪૮-૫૧ |
| ૩ શ્રી રસિકલાલ ચુનીલાલ શાહ | ૧૯૫૧-૫૩ |
| ૪ શ્રી ભુલાખીદાસ નાનાલાલ પટેલ | ૧૯૫૪-૫૭ |
| ૫ શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૯૫૮-૬૮ ૧-૮-૬૮ |
| ૬ શ્રી પ્રભાકર અંબાલાલ શાસ્ત્રી | ૧૯૬૮-૬૯ ૩૦-૭-૬૯ |
| ૭ શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૯૬૯ |

## પ્રકરણ ૬૨
# નાના ઉદ્યોગો

ભૂતકાલીન

### ખંભાતી કાગળ

કાગળ ઘણો જ ઉપયોગી અને તેના વિના ઘડીભર ન ચાલે તેવી અગત્યની વસ્તુ છે. અત્યારે આ ઉદ્યોગ પશ્ચિમના દેશોમાં ધમધોકાર ચાલે છે; પરંતુ આ શોધનું માન ચીનને છે. ચીનના લોકો આ ઉદ્યોગ જાણતા હતા. અને તે વાંસ, શણના ગાંઠા, જૂના ધાગા, શેતુરનાં ઝાડ, રેસાવાળા પદાર્થ વગેરેમાંથી બનાવતા. તે શોધનું માન ટસાઈલુન નામના એક ચીનાને જાય છે. ઈ. સ. ૧૦૫માં તેણે ચીનના રાજાને પોતાનો બનાવેલો કાગળ ભેટ ધર્યો હતો. ત્યાર પછી ચીનમાં અને બીજા દેશોમાં તેનો પ્રસાર થયો.

હિન્દુસ્તાનમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ કઈ સાલમાં દાખલ થયો તેની ચોક્કસ માહિતી મળતી નથી. પણ મુસલમાન રાજાઓના હુમલા પછી એટલે કે મહંમદ ગિઝનીએ દસમા સૈકામાં કાગળની બનાવટ આ દેશમાં શરૂ કરાવી એમ માનવામાં આવે છે. મોગલ અને પેશવાના કાળમાં આખા દેશમાં કાગળનાં કારખાનાં હતાં.

ગુજરાત કાગળ બનાવવામાં મશહૂર હતું. ખંભાત અને અમદાવાદમાં ધમધોકાર વેપાર ચાલતો. ૧૫મા સૈકામાં આવેલો પરદેશી મુસાફર નીકોલોકોન્ટી લખી ગયો છે કે 'ખંભાતના લોકો કાગળ વાપરતા. બીજા બધા હિન્દી પાંદડાં ઉપર લખતા હતા.'

જૈન ગ્રંથો તાડપત્રો ઉપર લખાયા છે. અને કાગળ ઉપર લખવાનો સમય વિ. સં. ૧૪૬૮ માનવામાં આવે છે

ખંભાતમાં બનતો કાગળ :


હાથઉદ્યોગથી બનતો કાગળ 'ખંભાતીકાગળ' અને અમદાવાદમાં બનતો અમદાવાદીકાગળ ઓળખાતા. આ કાગળો જગમશહૂર હતા.

આ ઉદ્યોગના મુખ્ય સંચાલકો મુસલમાન હતા. તેઓએ આ ધંધાને દાખલ કર્યો. ચલાવ્યો અને પોષણ આપ્યું. તેઓ મારવાડના વણઝારા પાસે કોથળાઓ, જૂની કોથળીઓ, ચીંથરાંઓ લેતા અને તેમાંથી યંત્રની મદદ વગર કાગળ બનાવતા.

ખાડામાં બેચાર દિવસ સુધી ગાભાને કહોવરાવતા. પછી તેને ખાંડતા. ને તૈયાર થયલા માવાને ધોતા. પછી તેમાં સાજીખાર, ચૂનો વગેરે ભેળવતા. પછી તેને ૧૫ દિવસ સુધી પાણીમાં ડુબાવી રાખતા. જ્યારે માવો ધોળો થાય ત્યારે તેનો કાગળ થાય. તે કાગળને સુકાવા માટે ભીંત ઉપર લગાડવામાં આવતો, તે સુકાઈને નીચે પડે ત્યાર પછી તેના ઉપર લાકડાના ગોળ કકડાથી કે અકીકની ઓપર્ણીથી ઘસીને સફાઈદાર બનાવતા. આવી રીતે હાથકારીગરીથી કાગળ તૈયાર થતો.[1]

---

૧. અખંડ આનંદ પુ.૨, સને ૧૯૪૯. પ્રજાબંધુ અને સમાચાર દીપોત્સવી અંક સં. ૨૦૦૫, પૃ. ૮૧, વિશ્વવિજ્ઞાન દીપોત્સવી અંક વ. ૩, અંક ૭, 'સ્વદેશી' પુ. ૪ વગેરેના આધારે



શેતરંજી તાણો

કાગદીવાડ

જે લોકો કાગળનો ધંધો કરતા તે કાગદી કહેવાતા અને તેમને રહેવાના ઠેકાણાને કાગદીવાડ કહેતા. હજી પણ કાગદી મહોલ્લો ખંભાતમાં છે. હાલ ત્યાં મસ્જિદ છે તેને કાગદી મસ્જિદ કહે છે.

શેતરંજી :

ખંભાતની શેતરંજીઓ વખણાય છે, કારણ કે તે જેવા જાડા સુતરનાં અને જેટલી લાંબીપહોળી બનાવવી હોય તેવી તેને બનાવી શકાય છે. ખંભાતમાં આ હસ્તઉદ્યોગ ઘણાં વર્ષોથી જાણીતો છે, હવે તો મીલોમાં શેતરંજી વણાતી થઈ; એટલે આ હસ્તઉદ્યોગ નાશ પામવા લાગ્યો છે. આ ઉદ્યોગ ઉપર જીવનારાં માંડ માંડ ૨૫ માણસો હશે.

સૌથી ઊંચી અને સારામાં સારી શેતરંજી બનાવવી હોય તો તે નીચે મુજબ બનાવે છે.

પહોળાઈ :

વધારેમાં વધારે ૧૨ ગજ પહોળી શેતરંજી વણે છે તેથી વધારે પહોળી બનાવતા નથી.

લંબાઈ :

ગમે તેટલી લાંબી બનાવી શકાય છે.

સુતર : દર ૧૦૦ ગજની શેતરંજીમાં ૨ા માણ સુતર જોઈએ. તેને ત્રણ તારવાળુ બનાવે છે. લાલ રંગનું ૧ા મણ અને કાળું મણ ૧ા જોઈએ; તેનો ભાવ રૂ. ૨૪) લેખે રૂ. ૩૦) થાય. આ ભાવ ઈ. સ. ૧૮૭૨ના છે.

રંગ :

લાલ સુતર ખંભાતમાં સારું રંગાતું હતું તેથી લોકો ખંભાતમાં જ રંગાવતા. તે રૂ. ૧૬) મણના ભાવે મળતું. કેટલાક લાલ રંગનારા છીપા પાસે પણ રંગાવે છે. તેનું રંગામણ ખંભાતી જંઈ ૧૧ બેસતા ( પૈસા ).

કાળો રંગ :

સુતર લઈને ગલીયારા પાસે મણ એક લઈ રંગાવે છે.

બ્લુ રંગ :

તે રંગ પાકો બનાવે છે, અને પીળો રંગ પણ બનાવે છે.

સારી જાત :

ઊંચી અને સારી જાતની શેતરંજી લાલ તથા કાળા રંગની બને છે.

કારીગરો :

આ રંગીત અને સારી શેતરંજી ૮ કારીગરો જાથુ સવારે નવ વાગ્યાથી તે સાંજના પાંચ વાગ્યા સુધી કામ કરે અને ૨૦ દિવસ સુધી તે પ્રમાણે વણે તો તે તૈયાર થાય છે.

મજૂરી :

આ કારીગરોને દરેકને રૂ. ૧)ની ચાર ગજ ( એટલે એક ગજ પહોળી ને ચાર ગજ લાંબી પ્રમાણે ભરી ) મજૂરી અપાય છે. એટલે ૧૦૦ ગજના રૂ. ૨૫) વણકરી ખર્ચ થાય છે.

આ શેતરંજીઓ ઘણું કરીને ૧૪ આનાથી ૧૬ આના સુધી ગજ; સવાગજ કરી આપે છે.

અથવા સુતર વગેરે માલ અપાવે તો ઉપર મુજબ મજૂરી લે છે. સારી, જાડી, મજબૂત અને લાંબી પહોળી શેતરંજી બનાવે ત્યારે આ કારીગરો રૂ. ૧)ની ૩ ગજ મુજબ વણે છે. તે કામ ઘણું મજબૂત થાય છે અને તેની મજૂરી ગજ ૧ની કિંમત રૂ. ૧)થી તે ૧ાા સુધી બને છે.



ઇ. સ. ૧૮૭૨માં ખંભાતના શેતરંજીના વેપારી હાજી ફ્જજુએ અરબસ્તાનના સુલતાનને માટે બનાવી મોકલી હતી. તેની વિગત ઉપરથી આપણે જાણી શકીશું કે ખંભાતની શેતરંજીઓ દેશ અને વિદેશમાં રાજરજવાડામાં જતી હતી, અને રાજદરબારને બંધબેસતી તેઓ વણી આપતા હતા. આ વેપાર ધમધોકાર ચાલતો હતો.

અરબસ્તાનના સુલતાનને મોકલેલી શેતરંજીની વિગત નીચે પ્રમાણે મળે છે.

નંગ ૧ આ શેતરંજી ૧૮ ગજ લાંબી અને ૧૨ ગજ પહોળી.

નંગ ૫ લાલ રંગની ૨૫ ગજ લાંબી અને ૫ ગજ પહોળી.


નંગ ૫ લાલભૂરા ૬ ગજ લાંબી અને ૫ ગજ પહોળી.

આ અગિયાર શેતરંજીઓ ૧૮ મહિને તૈયાર થઈ હતી. અને કુરજામાં છપાવીને મોકલી હતી.

આ શેતરંજી બનાવનારા તે વખતના મશહૂર કારીગરો હતા.

વેચાણભાવ :

દોઢથી બે ગજ પનાની અને ૪ ગજ લાંબી વેચાણ સારુ તૈયાર રાખતા. રંગે લાલ, કાળી પટાવાળી હોય છે. તેનો ભાવ ૧૨ આનાથી ૧૪ આને ગજ લેખે વેચતા. સફેદ ને કાળી બનાવે તે દસ આને ગજ લેખે વેચે.



શેતરંજી વણેલી

સુતર રંગવાની રીત :

એક મણ સુતર લઈ તેને ટાઢા પાણીમાં પલાળીને પછી બાફી કાઢે છે; બાફયા પછી ધોવું પડે છે, પછી ખારો શેર ૭ અને દીવેલ શેર ૧૨ ભેગું કરી તેમાં સુતર બોળી કાઢે છે. ફરી તેને ધોઈને સૂકવે છે, ફરી પાછું તે જ ખારા અને દીવેલના પાણીમાં બોળે છે; અને સૂકવે છે. સારું લાલ કરવાને પ્રથમ મણ અને બીજી વખત મણ લઈ કુલ બે મણ શોરંગી અને ફટકડી મણે શેર ૮ મુજબ નાખી ઊકાળીને તેમાં સુતર બોળે છે અને ફરી બોળે છે. આથી પાકા રંગનું સારું સુતર થાય છે.

શોરંગીનો ભાવ રૂા. ૪–૮ સુધી હોય છે અને તે મુંબઈથી મંગાવતા. ફટકડી મણના સાડા-ત્રણ રૂા. હતા. દીવેલના ૪॥। સુધી મણનો ભાવ હતો. ગામઠી સુતર લાલ કરવાના રૂા. ૧૬ સુધી ખર્ચ થતો. અને દફતરી સુતર લાલ કરવાના રૂા. ૨૦ ખર્ચ થતો.

આ સુતર તમામ વણાટનાં કપડાં જેવાં કે ગાદલાપાટ વગેરેમાં જાય છે. આ સુતર બહુ પંકાતું અને તમામ કપડાંના તે વણાટમાં વપરાતું.[1]

---

૧. આ લેખની માહિતી જૂના હસ્તલિખિત કાગળો ઉપરથી તારવી કાઢી છે. — લેખક

## ગળી[1]

ખંભાતનો ભૂતકાળનો આ મોટો ઉદ્યોગ હતો. તે માટે સારું વાવેતર થતું અને પાક પણ સારો થતો.

પાનનું વાવેતર :

ગળીના વાવેતરને ' પાન 'નું વાવેતર કહેતા. ગળીનું બી મેથી જેવું થાય છે. દર વરસે અર્ધો મણ બી લગભગ જોઈએ. તેના વાવેતર સાથે તલ, તુવેર વગેરે થતાં. દર વીઘે ૧૫ ગાડાં ખાતર નાખવામાં આવતું. ઑગસ્ટ માસના પાકને ' મોહેન ' અને ઑક્ટોબર માસના પાકને ' કુમ્તી ' કહેતા.

ભાદરવા માસમાં પાનના છોડ કાપીને ઉપાડવામાં આવતા. ખેતરમાં તલ અને તુવેરો રહી હોય તે શિયાળામાં ઊતરે.

ગળી બનાવવાની રીત :

ગળી કરવાના કોઠા ચૂના તથા ગરીયાળીના સાત ફૂટ ઊંડા અને પાંચ-છ ફૂટ પહોળા ગોળાકાર બનાવતા. તળિયું છોબંધ બનાવતા. કાપેલાં પાન પાંચ ભાર થાય તેટલો મોટો તે કોઠો હોય; તેમાં તૂટેલાં પાન નાખવામાં આવતાં. ઓછાં નાખવામાં આવે તો તેને કસ આવતો ન હતો. કોઠામાં પાન નાખ્યા પછી દરરોજ કોઠો પાણીથી ભરવામાં આવતો અને ૧૦૦ કોસ પાણી નવું નવું નાખવામાં આવતું. દહાડે સવારે પાણી નાખવામાં આવતું અને પાછલી રાતે મજૂરો રાખી તેમની પાસે પગ વડે ગુંદાવતા અને સવારે પહોર દહાડો ચડતા સુધી તેમ કરવામાં આવતું. પછી તે કોઠાની સાથે બીજો કોઠો હોય તેમાં પહેલા કોઠાનું ગુંદેલું પાણી જવા દેતા. બીજા કોઠામાં પાણી ભરવામાં આવ્યું હોય તે ત્રણ દિવસ સુધી ભેગું કરી રાખવામાં આવતું. તે પાણીને ઠરવા દે. ગળીનાં ડાંખળાં કાઢી તેનો ખાતર તરીકે ઉપયોગ કરતા. બીજા કોઠાનું પાણી ત્રીજે દિવસે નીતરતું કાઢી નાખવામાં આવતું અને નીચે જાડું ગળીનું પાણી રહેતું. તેને એક ચાદરમાં લઈ નીતરવા દેતા. પછી તે ચાદરમાં જાડી ગળી રહેતી. તે એક દિવસ રહ્યા પછી ખળામાં રાખોડી પાથરીને તેમાં પડીઓ પડે તે ગળી થઈ કહેવાય.

પાકપ્રમાણ :

બે વીઘાંનો ૧ કોઠો થતો; અને એક કોઠામાંથી ૮ શેરથી ૧૦ શેર સુધી ગળી તૈયાર થતી અને દર મણે રૂ. ૬૦ થી ૯૦ સુધીનો ભાવ ચાલતો.

સરકારનું ભરત :

સરકાર દર કોઠે રૂ. ૨) લેતી અને તે એક કોઠામાં બે વીઘાંની જ ગળી પકવવા દેવામાં આવતી. તેથી વધારે તો નહિ જ.

ખરચ :

૧ ખેતરમાંથી કોઠા ઉપર લઈ જવાનું ગાડાનું ભાડું રૂ. ૦ાા–રૂ. ૧) સુધી થતું. તેથી ઓછું નહિ જ. જો વરસાદ (ભાદરવામાં) વધારે હોય તો ભાડું વધારે બેસતું.

૨ પાન કાપવાની મજૂરી તથા

૩ પાનને ગુડયા પછી પાનનાં ડાંખળાં બહાર કાઢ્યાની મજૂરી ઉચક રૂ. ૧) આપતા.

૪ કોઠા ધોઈ સાફ કરે તે પછી તેમાં નવું પાન તે લોકો નાખે અને કામ કરનાર તે કોઠામાં પ્રથમ જેણે કામ કર્યું હોય તે જ લોક કામ કરે. તેમાં બીજા મજૂર આવી શકે નહિ. તેમને ખીચડી ખવડાવવાની અને મજૂરી રૂ. ૦। આપવાની.

---

૧ જૂનાં. હસ્તલિખિત કાગળો ઉપરથી મેળવેલી માહિતી.

૫ તજવીજદાર સમજણવાળો એક માછી રાખવો પડે તેને રોજનો રૂા. ૧| આપવો પડે. તે ચાદરો લાવે.

કોઠાઓ માછી અને રજપૂતોના બંધાવેલા હતા.

સરકારી જકાત :

ગળી તૈયાર થયા પછી ગામમાં લાવતી વખતે દર કોઠે ૧૩ તેર આના ખુશકી મંડાઈનો ઈજારદાર લેતો. અને જ્યારે વેચાય ત્યારે બહારના વેપારી પાસેથી ૧૩ આના મહેસૂલ ઈજારદાર લેતો.

કોઠાની સંખ્યા :

ખંભાત કસબાની સીમમાં સને ૧૮૭૦માં ૧૨ કોઠા ઊભા હતા.

વાવેતરની જમીન :

દર વરસે ૬૦૦થી ૮૦૦ વીઘાં સુધી વાવેતર થતું અને ૮૦૦ વીઘે ૨૦૦ મણ ગળી થતી. શહેરના ગળિયારા લોકો લીલો ગળીનો કચરો ૨૦–૨૫ રૂા.એ મણના ભાવે લઈ જતા.

વેચાણભાવ :

સને ૧૮૭૦ના અરસામાં ગળીનો ભાવ મણ ૧ના રૂા. ૨૨થી માંડીને ૬૦ અને ૯૦ સુધી જતા.

વાવેતર બંધ :

ઈ. સ. ૧૮૮૧ના અરસામાં અફીણ પકવવાનું બંધ કરવામાં આવ્યુ તે જ અરસામાં ગળીનું વાવેતર બંધ થયું. અને આ ઉદ્યોગ સદાને માટે બંધ થયો.

અફીણ :

ખંભાત રાજ્યની હદમાં ચરોતરનાં ગામોમાં અફીણ પકવવામાં આવતું. તેમાં ઉંદેલ વગેરે મોટાં ગામોમાં તેનો ખાસ પાક થતો હતો.

સરકારને તેમાંથી વાર્ષિક લગભગ ૬૫૦૦ રૂા. મળતા. એટલે નવાબસાહેબને મીઠાની ઉપજથી બીજે નંબરે અફીણની ઉપજ હતી.

ઈ. સ. ૧૮૮૧માં ના. નવાબસાહેબ સાથે કંપની સરકારે કરાર કરીને અફીણ પકવવાનું બંધ કરવામાં આવ્યું.

દોરડાં બનાવવાનો હસ્તઉદ્યોગ :

રાધારીમાં નાળિયેરી ઉપરનાં છાલાં હજારના ભાવે મળે છે. છાલાંને ઘેર લાવી તડકે સૂકવે છે. ઉપરથી પાતળી છાલ કાઢી નાખે છે. પછી પાણીમાં પલાળી રાખે છે. તે સારું પલળ્યા પછી, તેની ટૂંકી ટૂંકી ફેલો લઈ એક માટીનું ગોળ ફૂંડું (માટલા આકારનું) લઈ તેના ઉપર વેંત વેંતના ફેલાં મૂકી હાથ વડે વળ ચડાવે છે, પછી તે હાથની હથેળી વડે બબ્બે ભેગાં કરી વળ દે છે. તેથી તેની દોરી બને છે. એવી ત્રણ દોરી ભેગી કરી દોરડું તૈયાર કરે છે. એક દોરડું ૪૦ હાથનું તૈયાર કર્યું હોય તો સસ્તા વખતે ૧૫ રૂા.નાં હજાર છાલમાંથી ૬૦ દોરડાં તૈયાર થાય એટલે ૨૦–૨૫નાં છાલાં લાવી ૩૫–૪૦ રૂપિયા ઉપજે (કિંમત ફેરફાર થાય.)

એક માણસ આખો દિવસ કામ કરે અને પછી બીજે દિવસે પરાણે ૨૦ હાથનું દોરડું તૈયાર કરે. મોટે ભાગે સ્ત્રી વર્ગ આ કામ કરે છે.

ખંભાતનાં કાથાનાં દોરડાં ટાંકાનાં પાણી કાઢવામાં અને ખેતીના કામમાં વખણાય છે. ઘણાં મજબૂત બને છે. પરગામ પણ ચડે છે.

જૂના હસ્તઉદ્યોગ :

૧ કાળું કાપડ — ખંભાતમાં ઘણું બનતું. તેને કાળો રંગ ચઢાવામાં આવતો. અને આ કાપડ અરબસ્તાન, જંજીબારના ટાપુઓમાં મોકલવામાં આવતું. હવે કાપડનો ઉદ્યોગ તદ્દન પડી ભાંગ્યો છે.



૨ ઓઢણી બનાવવાનો : મુસલમાનોનાં કેટલાંક કુટુંબોની ઓરતો માથે બાંધવામાં ઓઢણીઓ – મુસમમાનો બાંધે છે તે—કસબ કરતી હતી. તેમાંથી માસિક રૂા ૧૦ થી ૨૦ સુધી પેદા થતા હતા; અને તેનાથી ગુજરાન ચલાવતા હતા. કેટલાક પ્રખ્યાત મુસ્લમાનોએ આ ધંધામાં નામના કાઢી હતી. આ તૈયાર થયેલી ઓઢણીઓ સુરત, વડોદરા, વાડાશિનોર તથા જૂનાગઢ વગેરે મોકલવામાં આવતી. જાળીવાળું કાપડ આવવાથી આ રોજગાર પડી ભાગ્યો.

૩ ચૂડીબંગડીવાળા — રાહધારીમાંથી સીસમનું લાકડું લાવી તેની ચૂડીઓ ઉતારતા હતા. આ ધંધો તો છેક ૧૯૪૮ સુધી ચાલ્યો. હવે તો તદ્દન બંધ પડી ગયો. તે ચૂડીઓ ગુજરાતના અન્ય ભાગમા મોકલવામાં આવતી, કેટલાક મુસલમાન લોકો કાચ લાવી તેનાં ફાણસો વગેરે બનાવતા. બેઉ ધંધા મુખ્ત્વે મુસલમાનો કરતા.

૪ પગનાં મોજાં તથા માથાની ટોપી :

કેટલાક મુસલમાનોની ઓરતો પગનાં મોજાં તથા માથે ઘાલવાની ટોપીઓ હાથવતે ગૂંથીને બનાવતી.

૫ હિંદુ દરજીઓ ટોપી બનાવતા :

માથે ઘાલવાની રૂઈદાર ટોપીઓ, છીંટની, તથા ઊંચા કપડાની બનાવીને શહેરમાં વેચતા અને દેશાવર જથાબંધ મોકલતા.

૬ પારસી સ્ત્રીઓ :

પારસી કોમમાં વપરાતાં સફેદ કપડાં ઊંચી જાતનાં બનાવતા. અને સારા ઈજ્જતદાર લોકો તેનાં અંગરખાં તથા પાઘડીઓ વગેરે બનાવતા.

૭ હાથવણાટ :

સુતરાઉ અને રેશમી કાપડ વણનારા સાળવી, કણબી, કાછિયા, મુસલમાન ભાઈ, શેખડા, ગલિયારા, બંધારા, ભાવસાર વગેરે લોકો આ ઉદ્યોગ નરમ પડવાથી અમદાવાદ, બોરસદ, વડોદરા, સુરત, ભરૂચ, નડિયાદ વગેરે શહેરમાં ચાલ્યા ગયા.

૮ હુક્કા બનાવવા :

કણબી, ખમાર વગેરે લોકો હુક્કા બનાવવાનો હસ્તઉદ્યોગ કરતા. નાળિયેરના ઉલકા મલબાર,

તરફથી વહાણમાં ભરી મંગાવતા. કારતક તથા ચૈત્ર મહિનો તેમને અનુકૂળ પડતો. લાવ્યા પછી તેને અતરડા વડે ઘસીને સાફ કરે, પછી ચરક ઉપર ચડાવીને કાળો રંગ આપતા હતા. ઉપર બે કાણાં પાડે છે. એક નેહનું અને એક મેરનું એમ બે. મેર ખરાદી પાસેથી સીસમનું બનાવીને તૈયાર રાખે છે, અને નેહ સાગની બનાવીને રાખે છે રૂ. ૨ થી તે રૂ. ૧૧ સુધીના હુક્કા બનતા.

આ માલ અમદાવાદ, વીરમગામ, ધોળકા, કડી, ડાકોર અને ચરોતરનાં ગામોમાં જતો. હવે આ ધંધો બંધ થઈ ગયો છે.

૯ શાહી બનાવવાનો :

આ ધંધો બંધ થઈ ગયો છે.

૧૦ અગરબત્તી બનાવવાનો :

કોઈ કોઈ હાથે બનાવે છે. બાકી તો ફેક્ટરી-ઓમાંથી તૈયારી લાવી વેચે છે.

રેશમનું કામ :

રેશમની ગુંછલીઓ લાવી, તેને ઉકેલાવી, તેનો તાણો કરાવી, તેને વણાવી, જુદા જુદા રંગ ચડાવી, તેમાંથી ઘાટડીઓ, પાનતરો, અતલસો, ઘાટ વગેરે બનાવતા. એની ખપત ઘણી સારી થતી. વડોદરા, અમદાવાદ, મુંબઈ, જંગબાર વગેરે જુદાં જુદાં સ્થળોએ જતી. દરસાલ લગભગ પચાસ હજાર જેટલી ખપત થતી; આ કામ કરનારાનાં જુદાં જુદાં પંચ હતાં; જેવાં કે ગલિયારાનું પંચ, છીપાનું પંચ, તાણો કરનારનું પંચ, પાંજણીગરા, પાનારા, વણકરો વગેરેનાં પંચ હતાં.

દિવાસળીનાં કારખાનાં : ( ૧૯૩૬ ઇ. સ. )

ખંભાતના સાહસિક વેપારીઓ ખૂબ હિંમત-પૂર્વક નવાનવા ઉદ્યોગો શોધી કાઢી તેને ખંભાતમાં જ શરૂ કરવા પ્રયત્ન કરે છે. ખંભાતમાં ( ૧ ) 'કૂમ્બે મેચ વર્કર્સ જેના માલિક મુસ્લિમ એન્ડ કું.) હતા. ( ૨ ) 'હરિહર મેચ ફેક્ટરી' અને ( ૩ )



હાથીદાંતની ચૂડીઓ



લાકડાની ચૂડીઓ

હુસેનયાવર મેચ વર્કર્સ આ પ્રમાણે ખંભાતમાં ત્રણ મેચીસ કારખાનાં સને ૧૯૩૬માં વિદ્યમાન હતાં. તે કારખાનાંની દિવાસળીઓ હિંદમાં જતી હતી. પાછળથી સને ૧૯૪૫ લગભગ કાચો માલ મળવાના અભાવે આ કારખાનાં બંધ પડચાં. પ્રયત્નો થયા પણ તે પાછાં ઊભાં ન જ થયાં.

આઈસફેક્ટરી

ખંભાતમાં નારેશ્વરના તળાવ ઉપરના કૂવા પાસે આઈસ બનાવવાનું કારખાનું ઘણાં વર્ષ પૂર્વે નાખવામાં આવ્યું છે. તે કૂવાના પાણીનું આઈસ બનાવવામાં આવે છે. બીજી હવે થઈ છે.

સીંગતેલની મીલ :

ખંભાત સ્ટેશન નજીકના ખેતરમાં મીલ કાઢવામાં આવી. પરંતુ મગફળી ખંભાત આવતાં મોંઘી પડવા લાગી, આથી તે મીલ બંધ કરવી પડી.

અર્વાચીન

નાના ઉદ્યોગો ( ગૃહઉદ્યોગ )

ઘણા જ નાના પ્રમાણમાં ચાલતા હસ્તઉદ્યોગ આ પ્રમાણે છે. ( ધંધા )

(૧) પતરાળાં બનાવવાનો (૨) પતંગ બનાવવાનો (૩) દાળ વીણવાનો ( હવે તો આ ધંધો બંધ થયો છે ) (૪) મોસમમાં કપાસ ફોલવાનો (૫) પાપડ વણવાનો (૬) સેવ કરવાનો (૭) સુતરનાં બટન બનાવવાનો (૮) દારૂખાનું બનાવવાનો (૯) તાડની છાબડીઓ, ઘુઘરા, સાવરણા વગેરે બનાવવાનો (૧૦) વાંસના ટોપલા, પંખા, છાબડીઓ વગેરે બનાવવાનો (૧૧) બીડીઓ વાળવાનો (૧૨) કલાઈ કરવાનો (૧૩) દરજી, સોની, કંસારા, કુંભાર વગેરે કામ કરનારા (૧૪) ઈંટો બનાવવાનો (૧૫) સિમેન્ટની પાઈપો (૧૬) માટીનાં રમકડાં બનાવવાનો (૧૭) સાબુ બનાવવાનો.



ખંભાતનું કુંભારકામ

ખારવા–માછી :

બંદરનો વેપાર પડી ભાગવાથી ખારવા, વેપારી, માછી વગેરે લોકોએ ખંભાત છોડયું. તેઓ મુંબઈ, વડોદરા, સુરત, દીવ, દમણ, ભાવનગર વગેરે સ્થળે ઉદ્યમ માટે જતા રહ્યા. વડોદરામાં તો માછીપરું જુદું છે. વહાણનો ધંધો પડી ભાંગ્યો. હવે ઘર રંગવાનો, છાપરાં ચાળવાનો એવો ઉદ્યોગ કરે છે.

કુંભારકામ :

ખંભાતમાંથી કુંભારકામ ઓછું થવાથી તે લોકો ગુજરાતનાં બીજા ગામોમાં જતા રહ્યા છે. વડોદરામાં કુંભારનાં ઘરો ઘણાં છે. ખંભાતમાં કુંભારકામ ઘણું સારું થાય છે. તેનાં માટલાં એકદમ પાતળાં અને મોટાં બને છે. બટેરાં (શકોરાં) એકદમ પાતળાં અને તેમાં પાશેર ઘી માય તેવાં બને છે, અને તેથી નાનાં કોડિયાં કે જેમાં દીવો કરવામાં આવે છે તે બને છે. બટેરાંથી મોટાં હોય તેને 'ચપ્પન' કહે છે. તેમાં દૂધપાક, શિખંડ વગેરે વસ્તુ મૂકે છે. ખંભાતમાં પડિયા વપરાતા નથી. પણ બટેરાં (શકોરાં) વપરાય છે. એ ખાસ ખંભાતની વિશિષ્ટતા છે. ગુજરાતના કોઈ ગામમાં તેવાં થતાં નથી. માટલી, માટલાં, ચંબુ, બટેરીઓ વગેરે બધાં લાલ વાસણો બને છે અને તાવડિયો, કલાડાં, કાળી ગોળી, પાટિયા વગેરે કાળાં વાસણો બને છે. ખૂબ ટકાઉ, હલકાં અને દેખાવવાળાં હોય છે. આ વાસણો દરિયાની માટીમાંથી બનાવે છે. આ સિવાય રમકડાં, કુંડાં વગેરે બને છે. આસો મહિનામાં નવરાત્ર પછી કામનો આરંભ કરે છે. અને આસો વદ ૧૧થી અમાસ સુધી કપાસીપોળ આગળ મોટું બજાર ભરાય છે જ્યાંથી સ્ત્રીવર્ગ લઈ જાય છે. ખંભાતથી દૂરના ભાગનાં ગામડાંઓમાંથી શિયાળામાં કરેલાં માટલાં, ગાગડીઓ વગેરે ગાડાં ભરી ખંભાતમાં વેચવા આવે છે.



તાડજાના પંખા, ઘુઘરા, સૂપડાં વગેરે કામ

દળવાની ઘંટી (મિલો)

ઈ. સ. ૧૯૧૩

સને ૧૯૧૧–૧૨માં ખંભાત શહેરમાં દળવાની ઘંટી પહેલી અંધારી શેરીના રજપૂતવાડા પાસે નાખવામાં આવી; તે વરાળયંત્રથી ચાલતી હતી. અને ત્યાર પછી તેના માલિકે બીજે ઠેકાણે ઘંટીઓ નાખી. તે માટે સને ૧૯૧૩માં ખંભાત રાજ્યે તેના નિયમો બનાવ્યા. અને પછી ઈલેકટ્રીક આવ્યા પછી તો તે માટે મોટર ગોઠવી તેનાથી ચલાવે છે; એટલે હવે ઠેકાણે ઠેકાણે તે સહેલાઈથી થયેલી જોઈએ છીએ.

ધી કેમ્બે સ્ટાર્ચ પ્રોડેકટસ લિ.—

ખંભાતમાં આ કંપની સારું ઉત્પાદન કરે છે.

મિઠાઈઓ—

ખંભાતની સુતરફેણી ઘણા લાંબા સમયથી વખણાય છે, કારણ કે બહુ ઝીણા તારવાળી બીજા કોઈ સ્થળે થતી નથી.

હલવાસન—

ઘઉંને પલાળીને તેનો લોટ બનાવી, દૂધના મિશ્રણમાં તે બનાવે છે. ખંભાતની ખાસ વિશિષ્ટ બનાવટ છે.

સુકાં ભજિયાં—

ચણાના લોટનાં બને છે અને લાંબા વખત સુધી રહે છે, તેથી દરિયાઈ મુસાફરી કરનાર તે વિશેષ વાપરે છે.

મોહનઠાર—

ખંભાતનો મોહનઠાર એ ખાસ વિશિષ્ટ પ્રકારનો છે. તેમાં માવાનું પ્રમાણ વિશેષ પ્રમાણમાં પડે છે.

બિસ્ટીક પણ અહીં બને છે.

સને ૧૯૨૫માં વિદ્યમાન કારખાનાં—ફેક્ટરી

૧ ધી નવાબ ઓફ કેમ્બે મીલ્સ કું. લિ.

૨ ધી અબ્દુલ મેચ ફેક્ટરી

૩ ધી કેમ્બે મેચ વર્કર્સ

૪ ધી કેમ્બે કોટન પ્રેસીંગ ફેક્ટરી

૫ ધી નારેશ્વર જીનીંગ ફેક્ટરી

૬ ધી શકરપોર જીનીંગ ફેક્ટરી

૭ બીજી ૨૫ કરતાં ઓછા ચરખાવાળી ફેક્ટરીઓ.

ઉપરની ફેક્ટરીઓ સને ૧૯૨૫માં વિદ્યમાન હતી. તેના ઉપર સ્ટેટ તરફથી ફેક્ટરી એક્ટ લાગુ કરવામાં આવ્યો; અને જુદી જુદી વાર્ષિક ફી લેવાની ઠરાવી[1]

૧. ખં. રા. સ. બુ. પૃ. ૨૮૦

સોમીલ (લાકડાં વહેરવાની મીલ) :

ગોળ લાકડાં વહેરીને સાઈઝવાર બનાવવામાં આવે છે. પહેલાં ઘર બનાવનાર ગોળ લાકડાં ઘેર લાવી, વહેરણીયા પાસે તેની જોઈતી સાઈઝો વહેરાવતા હતા. હવે તે બધું બંધ થઈ ગયું છે અને દરિયા ઉપર લાકડાં વહેરવાની સોમીલો થઈ છે.

એસ્ટ્રેલા બેટરીઝ લિ. મુંબઈ
(સને ૧૯૪૦)

વીજળીના પાવરો બનાવવાનું કારખાનું મુંબઈમાં શ્રી ચુનીલાલ ગિરધરલાલ અને શ્રી શાંતિલાલ ચુનીલાલના ડીરેક્ટર અને મેનેજિંગ એજન્ટસ તરીકે તેઓશ્રી કામ કરી રહ્યા છે. આ બેટરીનો રોપ્ય (૨૫ વરસે) મહોત્સવ સને ૧૯૬૫માં મુંબઈમાં ઉજવાઈ ગયો. આ માટે તેમણે અથાગ મહેનત કરી કંપનીને સારા પાયા પર મૂકી છે. અને એસ્ટ્રેલા બેટરીઝ ખૂબ જાણીતી થઈ ગઈ છે. તેનું સઘળું માન સ્વ. શેઠજી ચુનીલાલ ગિરધરલાલને ફાળે જાય છે.

પ્રકરણ ૬૩મું

## અકીક અને ઝવેરાતનો ઉદ્યોગ



ખંભાતનો અકીકઉદ્યોગ

ખંભાતનો અકીકઉદ્યોગ :

ભારતની ખનીજસંપત્તિમાં કોલસા, મેંગેનીઝ, અબરખ, સોનું, હીરા વગેરે કિંમતિ ચીજો ગણનાપાત્ર છે. તે પ્રમાણે અકીક પણ ભારતની કિંમતી કાચી ખનીજસંપત્તિ છે.

ખંભાત એક સમયે ગુજરાત અને હિન્દુસ્તાનનું મુખ્ય બંદર હતું. ભારતનાં મહાસમૃદ્ધ શહેરોમાં તેની ગણના હતી. પરદેશો સાથે તેનો વ્યાપારી સંબંધ ઘણો હતો. ખંભાતનું કાપડ જગભરમાં પહોંચતું તેથી તેને 'દુનિયાનું વસ્ત્ર' એવું ઉપનામ મળ્યું. તે જ પ્રમાણે ગુજરાત અને હિન્દને ગૌરવાંકિત કરનાર ખંભાતનો અકીકઉદ્યોગ એક અને અજોડ હતો. આજે પણ આ ઉદ્યોગે ખંભાતની ભૂતકાલીન કીર્તિને ટકાવી રાખી છે.

અકીક અરબી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ લાલ રંગનો પથ્થર એવો થાય છે. અંગ્રેજીમાં તેને એગેટ કહે છે.

એગેટ નામ કેમ પડયું એ વિષે એમ કહેવામાં આવે છે કે સીશીલીમાં આવેલી એચેટ એ શબ્દ મૂળ અરેબીક અકીક ઉપરથી થયો લાગે છે.

ગુજરાતમાં અકીક : ખંભાતની આસપાસના ૧૨૦ માઈલના વિસ્તારમાં કોઈ કોઈ સ્થળેથી અકીક મળી આવે છે તે 'ખંભાતના કીંમતી પથ્થરો' એ નામે ઓળખાય છે. ખંભાતમાં ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી અકીકના પથ્થરો આવે છે. રાજપીપળાના રતનપુર અને લીમોદરાનો અકીક તો સેંકડો વર્ષથી ખંભાતમાં આવે છે. તે સારો વજનદાર અને લાલ રંગનો હોય છે. કાઠીયાવાડનાં મોરબીનાં મહેદપુર નજીકમાંથી નીકળતો પથ્થર ખંભાત આવે છે. તેનાં ઘાટ અને પોલીશ સારાં થાય છે. તેને 'મોસએગેટ' કહે છે. ટંકારાની બાજુમાંથી નીકળે છે તે પણ ખંભાત આવે છે. અમદાવાદ જિલ્લાના રાણપુર તરફથી મળી આવે છે તે 'દોરાદાર' તરીકે જાણીતો છે. કપડવંજથી આશરે પંદર માઈલ દૂર માજૂમ નદીમાંથી મળે છે. તેને 'મોચા' કહે છે તેમાં સુંદર દેખાવો હોય છે. અંકલેશ્વર, તડકેશ્વર, રુસવાડ વગેરે સ્થળેથી પણ મળી આવે છે.

ગુજરાતના ઘણા ભાગોમાંથી અકીકના કીંમતી પથ્થરો મળવાથી એક વિદ્વાને લખ્યું છે કે 'આઠમી સદીમાં ગુજરાત આ જાતના પથ્થરોના કામથી એટલું તો પ્રસિદ્ધ હતું કે એને લોકો 'અકીકક્ષેત્ર' કહેતા.'

વળી ભારતમાં જબલપુર તથા બિહારના ભાગલપુર વગેરે ભાગોમાંથી અકીક મળી આવે છે.

ભારત સિવાય બ્રાઝીલ, ઉરૂગ્વે, યુનાઈટેડ સ્ટેઈટ્સ, સકસોની અને સીસીલી વગેરે દેશોમાંથી અકીક નીકળે છે.

અકીકની ઉત્પત્તિ : ભૂસ્તરવેત્તાઓએ જણાવ્યું છે કે અકીકની ઉત્પત્તિ દખ્ખણ સોપાન એટલે કે ડેક્કન ટ્રેપના લાવાના પ્રવાહોમાંથી થઈ છે. ડેક્કન ટ્રેપ પાસે આવેલી નદીઓમાંથી અકીક એકત્ર કરવામાં આવે છે. ઘણા કીંમતી ગણાતા અકીક તો ત્રેતાયુગીય લોહયુક્ત કાંકરાના પાતાળપડમાંથી મળે છે. પ્રાચીનકાળમાં જે ઉષ્ણદ્રાવણ શિલાઓના પોલાણમાં ભરેલું હશે, આને અંગ્રેજીમાં જીઓડીઝ કહેવામાં આવે છે તે દ્રાવણમાંથી રેતી સ્ફટિકરૂપે જુદી પડવાથી અથવા એમ ને એમ જુદી પડવાથી ગાંગડા પેદા થયા હશે એમ વિદ્વાનોનું માનવું છે.

વૈજ્ઞાનિકો જણાવે છે, કે અકીકમાં ૮૦ થી ૯૦ ટકા રેતી સાથે એલ્યુમિનિયમ ઓકસાઈડ હોય છે. તેમાં જે રંગ છે તે લોહ યા મેંગેનીઝ ઓકસાઈડને લીધે છે.

કેટલાક પથ્થરને ભાંગવાથી તેની અંદર વેલ, સુંદર ભાત, તથા કોદરી કોદરી જેવું દેખાય છે.

વળી કોઈમાં વચમાં વચમાં પાણી ભરાઈ રહેલું દેખાય છે, તે ક્ષણભર મહાન જગતકર્તાની અદ્દભુત ચમત્કૃતિનું ભાન કરાવે છે.

પ્રાચીન સંસ્કૃતિ અને અકીક : અકીકનો ઐતિહાસિક કાળ ઘણો પ્રાચીન છે. ૭ હજાર વર્ષ પૂર્વે જાહોજલાલી ભોગવતી બેબીલોનિયાની પાટનગરીના ખોદકામમાં તેનાં પ્રાચીન થરોમાંથી અકીક મળી આવ્યા છે. પાંચ હજાર વર્ષ જેટલાં પ્રાચીન મોહન–જો-ડેરોમાંથી અકીકની કળાસામગ્રી મળી આવ્યાની હકીકત સુપ્રસિદ્ધ છે. આફ્રિકાના ઉત્તર ભાગમાં ઈજીપ્તથી માંડીને પશ્ચિમે છેક મોરોક્કો અને નાઇજીરિયા સુધીના વિશાળ પ્રદેશ પર પથરાયેલ ઐતિહાસિક અવશેષોમાંથી વારંવાર જે અકીકની વિવિધ પ્રકારની કળાસામગ્રી મળી આવે છે તે સોનપુરની ખાણોના અકીકની છે. પ્રાચીન સમયમાં રોમન લોકોને પથ્થરના પ્યાલા બહુ પ્રિય હતા. તે પ્યાલા ખંભાતના લીલા પથ્થરના હતા. કહે છે કે એવા એક પ્યાલાની કિંમતના સમ્રાટ નીરોએ ૫૮૧૨૫ પૌંડ આપ્યા હતા. યુરોપીય ઈતિહાસવેત્તા હીરો ડોટસ છે કે હિન્દુસ્તાનમાંથી આવતા અકીકની વીંટીઓ બનતી, અને તે વીંટીઓ બેબીલોનમાં પહેરાતી.

અકીકના ગુણ : ઈ. સ. ૭૭માં પ્લીની લખે છે કે અકીકના પથ્થરોમાં ઘણા ગુણ છે. તેનાથી વીંછી ઊતરે છે, તેનો દેખાવ ઘણો સારો છે; તેને મોંમાં રાખવાથી તૃષા છીપે છે. ઈ. સ. ૧૫૦૩માં આવેલો મુસાફર વરથેમા જણાવે છે કે ખંભાયથી ૭૦ માઈલ દૂર અકીકનો પથ્થર મળે છે. ઈ. સ. ૧૫૧૪માં આવેલો પોર્ટુગીઝ મુસાફર બારબોસા જણાવે છે કે દરેક જાતના પથ્થરનું કામ ખંભાતમાં થતું. ટેવર્નિયર લખે છે કે ખંભાતના કુશળ કારીગરો સુંદર કપ–રકાબી, છરીઓના હાથા, તલવારની મુઠ અને બીજી અનેક ચીજો અકીકની બનાવીને વેચતા. મિરાતે અહેમદીનો લેખક કે જે ખંભાતમાં અધિકારી તરીકે આવેલો તે લખે છે કે યમન દેશના નગીના જેવી માળાઓ, પ્યાલાઓ, છરીઓ, તલવારો તથા ખંજરોના દસ્તાઓ અકીકના પથ્થરમાંથી બને છે. અને તે વેપારીઓ સમુદ્રમાર્ગે પરદેશ લઈ જાય છે.

રાજપીપળાનો ડુંગર ઈજારે અપાતો. ઈજારદાર મજૂરો મારફતે ખાણો ખોદાવી અકીકના પથ્થર કઢાવતા. કાઢેલા પથ્થરની સારી અને નરસી જાતો જુદી પાડવામાં આવતી; બંને જુદા જુદા ભાવથી વેચાતી.

જમીનમાંથી ખોદાયા પછીની ક્રિયા : પથ્થર કાઢવાનું કામ ઓકટોબર નવેમ્બર માસથી શરૂ થાય છે, અને વરસાદ આવતાં સુધી ચાલે છે.

અકીક જમીનમાંથી નીકળ્યા પછી તેના કુદરતી રંગમાં ફેરફાર કરવા માટે અને રંગમાં વધારો કરવા માટે તાપ મુખ્ય ભાગ ભજવે છે જેથી ખાણમાંથી કાઢ્યા પછી તેને સૂર્યના તડકામાં નાંખી મૂકવામાં આવે છે. વેપારી પોતાને ઘેર માલ લાવ્યા પછી તેને સૂર્યતાપ આપે છે. બીજો ભઠ્ઠીતાપ અપાય છે. આશરે ત્રણચાર ફૂટ સમચોરસ અને એક ફૂટ ઊંડી ભઠ્ઠી કરી તેની નીચે તળિયામાં રાખોડી પાથરી તે ઉપર પથરા પાથરી દે છે. પછી તે ઉપર લાકડાનો વહેર, બકરીની લીંડીઓ, કોલસાનો ભૂક્કો, છાણાં વગેરે નાંખી તેને ઢાંકી દે છે, પછી તાપ આપે છે. હવામાન પ્રમાણે તથા સીઝન પ્રમાણે તાપ મૂકવામાં આવે છે. જો વધારે તાપ અપાય તો પથ્થરની ભસ્મ થઈ જાય છે. અને જો કાચો રહે તો તેને ફરી મૂકવો પડે છે. માટે જોઈતા પ્રમાણમાં તાપ આપવામાં આવે છે. લીલી અને પીળી છાયાવાળા પથ્થરને તાપ આપવાથી તે પથ્થરો લાલ રંગના બની જાય છે, અને નરમાશનો ગુણ આવે છે. સફેદ દોરાવાળા પથ્થરને તાપ આપવાથી તેનાં દરેક પડ જુદાં થઈ જાય છે એટલે કયા પથ્થરને

પકવવાથી તેમાં રંગ આવશે, તેનું જ્ઞાન અને અનુભવ હોવાં જોઈએ.

અકીકના પથ્થર ઉપરથી લીસા હોય છે. તેમ તેના ઉપરનો રંગ અને અંદરનો રંગ ભિન્ન હોય છે. ઉપરના લીસા ભાગને અકીકિયા 'ચામડી' કહે છે. એ ચામડી કાઢી નાંખે તો જ તેનું કામ સારું થાય છે.


સૌથી પ્રથમ પથ્થરને ભાંગવાની ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયા કુશળ કારીગરને હાથે જ કરાવવામાં આવે છે, કારણ કે અનુભવી કારીગર જાણી શકે છે કે અમુક સ્થળે ઘા મારવાથી તેના સરખા ટુકડા થશે. બીન અનુભવી માણસ ઘણો પથ્થર નકામો કરી નાંખે છે.

ઘાટ ઘડવાનાં સાધનો: અકીકને ભાંગવા માટે એટલે કે તેનો ઘાટ કરવા માટે 'સીક', 'શીંગાડી' અને 'મડીઓ' આ ત્રણ મુખ્ય સાધનો વપરાય છે. 'સીક' એટલે લોખંડની પાતળી કોશ, ચોરસ આકારનો આશરે બે–અઢી ફૂટ લાંબો સળીયો લઈ તેના બંને છેડા અણીદાર બનાવે છે તેનો એક છેડો ઘણો અણીદાર હોય છે. તેને અર્ધો–પોણો ફૂટ જમીનમાં ત્રાંસો ખોસે છે અને બીજા છેડાની અણી સાથે પથ્થર રાખી તેના ઉપર 'શીંગાડી' વડે ટોચે છે. એટલે પથ્થર તૂટે છે. શીંગાડી એ જનાવરના શીંગડાની બનાવેલી નાની હથોડી છે, તેવી જ રીતે લોખંડની પાતળી હથોડી બનાવી હોય, તેને 'મડીઓ' કહે છે. કઠણ પથ્થર તેનાથી તોડે છે. 'પથ્થરને' વહેરીને તેની પાતળી પાટો બનાવવા માટે ધારવાળી પાટી રાખે છે.

અકીકનો ગમે તેવો ઘાટ બનાવેલો હોય પરંતુ તેને ચકચકીત પોલીશ કરવામાં ન આવે તો તે ઘાટ આંખને એક નકામો પથરો છે એવો લાગશે. ઘાટ થવા પછી તેનું ખરબચડાપણું ઘસી નાખી તેને પોલીશ કરવામાં આવે છે. પોલીશ કરવાથી તેમાં રહેલો રંગ સુંદર અને મોહક લાગશે. પોલીશ કરવાને મુખ્ય સાધન સરાણ જોઈએ. આ સરાણ કારીગરો પોતાને હાથે જ બનાવી લે છે. દરેક કારીગરને સરાણ બનાવતાં આવડે એ ઘણું અગત્યનું છે. સરાણ લાખ અને સમાદોકરજની બનાવવામાં આવે છે. આ યંત્ર યુગમાં આ હસ્તઉદ્યોગનાં વપરાતાં સાધનો સ્વદેશી હોય છે. સરાણની વચમાં લાકડું ઘાલે છે. પછી તેને બે ઊભા રાખેલા ઠોયા વચ્ચે ઘાલી ડાબા હાથ વડે દોરી વીંટેલી લાકડી વડે ફેરવે છે. અને જમણા હાથ વડે અકીકનો દાણો સરાણ ઉપર ઘસે છે. ઘસતી વખતે પાણી તથા મસાલો સરાણને ચોપડતા રહે છે. દિનપ્રતિદિન આ પદ્ધતિમાં સુધારો થતો ગયો છે. વળી ઘણાં નંગો એકસામટાં પોલીશ કરવાની રીત એવી હતી કે પીપ જેવું નળાકાર ચામડાનું એક વાસણ લઈ એમાં સામટાં નંગો લઈ ભરત અને તેમાં પોલીશ કરવાનો મસાલો અને પાણી નાંખી મોઢું બંધ કરી દેવામાં આવતું પછી તે ભરેલા પીપને એક પાટિયા પર બે માણસો સામસામે બેસી ગબડાવ્યા કરતા, આ રીતે કરવાથી પંદર દિવસે અંદરનાં નંગ ઘસાઈને પોલીશ થઈ જતાં; હવે આવી પીપ ઈલેકટ્રીકની મદદથી ફેરવવામાં આવે છે જેથી જલદી પોલીશ થાય છે. પોલીશ કરવાને જુદી જુદી સરાણો રાખવી પડે છે.

વીંધવાની ક્રિયા :

અકીકને વીંધવાની ક્રિયા પણ તેટલી જ અગત્યની છે. અકીકને વીંધવાને વીંધારા પોતાને હાથે જ શારડી બનાવે છે. લોખંડની છત્રીની સળી જેટલી જાડી સળી ઉપર હીરાકણી જડેલી હોય છે. નંગ પાટિયાની ખામણમાં ઘાલી તેને એક હાથ વડે શારડી ફેરવી નંગ વીંધે છે, વીંધતી વખતે તેના ઉપર આમલીવાળું પાણી ટીપે ટીપે પડયા કરે એવી યોજના કરેલી હોય છે. આથી તેને



અકીક વીંધવાનું કામ

સહેલાઈથી વીંધી શકાય છે. આ ક્રિયા કુશળ કારીગર જ કરે છે. જો પૂરતી સાવચેતી રાખવામાં ન આવે તો સઘળી મહેનત વ્યર્થ જાય છે.

**અકીકમાંથી બનતી વસ્તુઓ :**

અકીકની બનતી ચીજોમાંથી કેટલીક દાગીના તરીકે ઉપયોગમાં આવે છે. નાનાંમોટાં મોદન, છસર્ઈ, લોઈ, ગલ, મણકા, ગીલોડાં, વીંટીના નંગ, ઢોલકી, સૂપડું, ઊંટિયો, માદળિયાં, વીંટીઓ, માળાઓ, હાર, કાનના લોલક, ડૂલ વગેરે; કળામય ચીજોમાં કેરી, ચોકીઓ, બદામી નગીના, પહેલદાર તસબીર, પોંચીઓ, સોકટાં, છરીચાકૂના દસ્તા, દાબડીઓ, પેટીઓ, મોટાં ગોળ દાણાં, તોપો, રકાબી, ચમચા નિશાન, ખમીસ અને કોટનાં બટન, સીગારેટ ઘાલવાની ભૂંગળી, ઓપણી, પેપર-વેઈટ, ખલ, મછલી અને જનાવરના કલામય ઘાટ તૈયાર થાય છે.

હિંદુ સાધુઓ સ્ફટિકની માલા પહેરે છે. અને મુસલમાન ફકીરો કંઠ, વીંટીઓ, માદળિયાં વગેરે વાપરે છે. આફ્રિકામાં તો એ ઘણાં કીમતી ઘરેણાં તરીકે વપરાય છે.

**અકીકના વિવિધ ઉપયોગ :**

જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ કેટલાંક વીંટીમાં પહેરે છે. તે પહેરવાથી તંદુરસ્તી, દીર્ઘાયુષ અને ધનસમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે.

અકીકનો ઔષધ તરીકે ઉપયોગ થાય છે. તેની ભસ્મ બનાવી વૈદ્યરાજો અને હકીમો વાપરે છે.

અકીક ભાંગતાં જે નકામા ટૂકડા પડે છે તેને 'ચાળ' કહે છે. તેને સીમેન્ટ સાથે મેળવી મકાન બાંધવાના ઉપયોગમાં લે છે.

અકીક વીંધતાં જે બારીક ભૂકો પડે છે તથા નકામા અકીકને ખાંડી જે ભૂકો કરે છે તેને 'વડી' કહે છે. તેમાંથી પાનાં, મોતી, માણેક, શનિ, સ્ફટીક અને અકીક વગેરે પોલીશ કરવામાં આવે છે, તેમ જ મૂર્તિઓ, ચશ્માં વગેરેને પોલીશ કરવામાં વપરાય છે.

અકીક ઘણા રંગનાં અને ઘણી જાતનાં હોય છે. તેમાં કાર્લેનિયન, કેલકેડોની, બ્લડસ્ટોન, પ્લાઝમાં, ઓનીકસ, સારડોનીકસ, જાસયર, ટચસ્ટોન, હોર્નસ્ટોન, ફ્લીન્ટ વગેરે મુખ્ય જાતો છે. રાતા, ભૂરા, લીલા, વાદળી, બદામી, ધોળા, કાળા વગેરે રંગના તે હોય છે.

**અકીકની દંતકથા :**

ખંભાત અને રતનપુરનાં અકીક સાથે બાવા-ઘોર અને બાવાશાબાનનું નામ જોડાયેલું છે. એમને વિશે એમ કહેવાય છે કે ૩૦૦ વર્ષ ઉપર એક એબિસિનિયન સીદી વેપારીએ આવી રતન-પુરમાં અકીકનું કારખાનું નાંખ્યું. તેમની પાસેથી કેટલાક કારીગરો શીખ્યા. બાવાઘોર ત્યાં જ સમાયા, ત્યાં ડુંગર ઉપર તેમની કબર છે. બાવા-શાબાન અને કેટલાક કારીગરો ખંભાત આવ્યા. બાવાશાબાન ખંભાતમાં સમાયા. આજે પણ બાવાઘોરનો તકીયો અને બાવાશાબાનની કબર

ખંભાતમાં છે, અને ભોર્હબારી પાસે આવેલી તળાવડી બાવાશાબાનની તળાવડીને નામે ઓળખાય છે.

અકીકની સઘળી પ્રક્રિયા વિભક્ત થયેલી હોય છે. આ પૃથક પૃથક ક્રિયા કરનાર કારીગરોનાં પંચ હતાં. અકીકિયાનું, ઘસિયાનું, વીંધાનું, પટીમારનું, પરોવનારનું વગેરે. આધુનિક સમયમાં એ પંચો અસ્તિત્વ ધરાવતાં નથી.

અકીકનો વેપાર :

વર્તમાન સમયમાં નાનામોટા પચાસસાઠ વેપારીઓ છે. તેમાં દસબાર ઘણા જૂના છે. તેઓ દસથી લાર લાખનો માલ પરદેશમાં મોકલે છે. ચાળીસપચાસ કારખાનાં ચાલે છે. તેમાં પાંચેક હજાર માણસો કામ કરે છે. સારો કારીગર રોજ પાંચ રૂપિયા મેળવે છે અને સામાન્ય કારીગરને ઓછામાં ઓછા બે રૂપિયા મળે છે.

તૈયાર થયેલો માલ આફ્રિકામાં અને તેમાં મુખ્યત્વે નાઈઝીરિયા જાય છે. કેનો તેનું મુખ્ય કેન્દ્ર છે. ઈરાક, ઈરાન, અરબસ્તાન, આસામ, સિલોન અને બર્મા વગેરે દેશોમાં તેની નિકાસ થાય છે.

સોનારૂપાનાં તોલ પ્રમાણે અકીક તોલાના, મણના અને હંડ્રવેટના વજનથી વેચાય છે. તેના ભાવ જુદાજુદા હોય છે.

ખંભાતના અકીકઉદ્યોગે અનેક વાર તડકાછાંયા જોયા છે. વેપારી હજારો રૂપિયા પથ્થરમાં રોકે છે પરંતુ તેની ખપત સંબંધી તેને અશાંતિ રહે છે.

વળી યુરોપમાં, જર્મનીમાં, બ્રાઝિલનો અકીક આવે છે. તેના ઉપર વૈજ્ઞાનિક રીતે ઘણી પ્રક્રિયાઓ કરવામાં આવે છે; એટલે કે બનાવટી અકીકથી ખંભાતનાં કુદરતી અકીકને સહન કરવું પડયું છે. છતાં જેણે દેશવિદેશનાં પ્રદર્શનો દીપાવ્યાં છે, જેણે જગતનાં મહાન સંગ્રહસ્થાનોમાં અનેરૂ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેણે મહામૂલી હસ્તકળાથી કળાવિદોને મુગ્ધ કર્યા છે એવો 'ખંભાતનો અકીકઉદ્યોગ' સદા જ્વલંત રહેશે.*

ખંભાતનો ઝવેરાતનો ઉદ્યોગ :

ઘણાં વર્ષોથી ખંભાતમાં ઝવેરાતનો ધંધો ચાલે છે. લગભગ પાંચથી છ હજાર માણસો આ ધંધો કરે છે, મોટે ભાગે પટેલ, કાછિયા, રાણા વગેરે આ ધંધામાં વધુ પડતો ભાગ લે છે; મોટામોટા ઝવેરીઓ, વાણિયા, બ્રાહ્મણ જેવા તે ધંધામાં જોડાયેલા છે.

આ ગૃહઉદ્યોગ જેવો ધંધો છે; પોતાના ઘરમાં જ, અને પોતાના માણસોની મદદથી આ ધંધો શરૂ થાય છે.


ખંભાતમાં મુખ્ય કામ માણેક અને શનિના કટીંગનું થાય છે. બરમામાં આવેલા મોગોકમાં ખંભાતના ઘણા લોકો ગયા છે ત્યાંથી તેઓ કાચો માલ લાવતા; અને ખંભાતમાં તેનું કટીંગ કરી; તેનો ઘાટ બનાવી તેને પોલીશ કરી, માલ તૈયાર કરતા. ખંભાતનું કટીંગ ખૂબ વખણાય છે. પરદેશમાં તે ઘણું જ કીંમતી અને તેજસ્વી ગણાય છે.

માલ તૈયાર થયા પછી તે પેરીસ, અમેરિકા, ઇંગ્લેંડ, જર્મન, અને સ્વીડન, સ્વીટ્ઝલૅન્ડ વગેરે ઘણા દેશોમાં જાય છે. આથી આપણી સરકારને ડૉલર અને સ્ટર્લીંગ મેળવી આપે છે.

બરમાથી આવતા માલ ઉપર પાંચ ટકાની જકાત છે. બરમામાંથી જેટલો કાચો માલ આવે તેનો

---

* મેં ઑલઇન્ડિયા રેડિયો ઉપર તારીખ ૧૮--૧૦--૫૫માં ભાષણ આપેલું. વધારે જાણનારે મારું 'ખંભાતનો અકીકઉદ્યોગ' (ઈ. સ. ૧૯૬૬) પુસ્તક વાંચવું.



ઝવેરાતઉદ્યોગ—ખંભાત હાથવડે ફેરવાતી ચરક

પાકો માલ કરીને ત્રણ માસમાં પરદેશ મોકલવામાં આવે એવી બાંહેધરીથી કાચા માલની આયાત કરવામાં આવે છે; અને પછી પાછો તૈયાર કરીને મોકલવામાં આવે છે.

પરદેશમાં એકદમ માલ ખપતો નથી, એટલે પરદેશની કંપનીઓ ઉપર જાંગડ માલ મોકલવામાં આવે છે; અને ત્યાં જ્યારે વેચાય ત્યારે નાણાં મળે છે; ત્યાં સુધી કારીગરો અને વેપારીઓને નાણાં વિના મૂંઝવણ ઊભી રહે છે; કદાચ માલ પાછો આવે તો તેને ફરી વેચવા પ્રયત્ન કરવો પડે છે; આ ધંધામાં નાણાંકીય મુશ્કેલીનો પાર નથી.

ગરીબ અને થોડું ભણેલા કેટલાક કારીગરો આ ધંધામાં ઘણા જ નિષ્ણાત થયેલા હોય છે જેથી પોતે કારીગરો રાખીને માથાનું કામ કરે છે. અને લાયસન્સ ધરાવનાર મોટા ઝવેરીઓને તે માલ વેચે છે. આ રીતે લાખોનો વેપાર ચાલે છે.

ખંભાતનો માણેક અને શનિ ઘસવાનો ઉદ્યોગ પેઢીઓથી ગૃહઉદ્યોગ તરીકે ચાલે છે, જેનો માલ પરદેશ જાય છે અને ત્યાંથી લાખો ડોલરો મેળવી આપે છે, કારણ કે આ મોજશોખની વસ્તુ છે, અને તેના ગ્રાહકો પરદેશમાં વધુ હોય છે.

ખંભાતમાં રશિયાના નાયબ વડાપ્રધાન શ્રી કોઝલોવ તેલક્ષેત્રની મુલાકાતે આવ્યા હતા ( ઇ. સ.

૧૯૬૦) ત્યારે ના. નવાબસાહેબના મહેલ લાલેઝારમાં તેમને ઝવેરાતનું કટીંગ બતાવવામાં આવ્યું હતું. તેઓ આ કામ જોઈ ઘણા ખુશ થયા હતા.

ખંભાતમાં માણેક — શનિનું કામ થાય છે તેમ પાનાનું કામ પણ થઈ શકે છે, તે માલ રશિયાથી આવતો નથી. આ ગૃહઉદ્યોગમાં ખંભાતના હજારો કારીગરો પોષાય છે, હીરા ઘસવાનાં કારખાનાં થયાં હતાં, પરંતુ હજી તેમાં કંઈ રસ જોઈએ તેવો ઉત્પન્ન થયો નથી. દેસાઈની પોળે એકાદ કારખાનું નીકળ્યું હતું.



← ઝવેરાત ઘસે છે.

## પ્રકરણ ૬૪ મું
## ખંભાતનો કાપડ–ઉદ્યોગ

ખંભાતનું કાપડ ખૂબ વખણાતું હતું અને આખી દુનિયામાં તેને મોકલવામાં આવતું, આથી ખંભાતને ' દુનિયાનું વસ્ત્ર ' કહેતા.

પરદેશી મુસાફરોએ કરેલી નોંધો :

ટેવરનિયર : ઈ. સ. ૧૬૭૬માં લખે છે કે ' હલકામાં હલકી જાતથી માંડીને ઊંચામાં ઊંચી જાતનું કાપડ ખંભાતના કારીગરો બનાવતા હતા. શણના કાપડથી માંડીને બારીક મલમલો અને આખે ઊડીને વળગે એવી વિવિધરંગી છીંટ ત્યાં સસ્તે ભાવે મળી શકતી હતી. વસ્ત્રો બનાવવાના આ કાપડ ઉપરાંત જુદા જુદા રંગની સુજનીઓ, રજાઈઓ, જાજમો, શેતરંજીઓ અને પાટી વગેરે ત્યાં બનતાં હતાં. ગોવાથી તેમજ મલબારનાં બીજાં બંદરોથી બસોઅઢીસો વહાણોનો કાફલો દર વરસે આ કાપડ ખરીદવાને પોર્ટુગીઝોની સરદારી અને

રક્ષણ હેઠળ ખંભાત આવતો, અને યુરોપ તેમ જ અન્ય દેશો માટે જરૂરી કાપડ મોટા જથામાં ખરીદી પાછો ફરતો.

લીન્સ્ટકોટન, પીરાર્ડ વગેરે લેખકોએ ખંભાતના કાપડઉદ્યોગ વિષે પોતાની નોંધપોથીઓમાં વર્ણન કરે છે.

કેપ્ટન હેમીલ્ટન કહે છે કે ખંભાતનું ભરતકામ હિંદમાં તો શું પણ આખી દુનિયામાં સરસ હતું.

ખંભાતમાં ઘણા આરબ અને ઈરાની વેપારીઓ રહેતા હતા. તેઓએ બંધાવેલી મસ્જિદો જોવા જેવી છે ખંભાત હિંદુસ્તાનમાં પહેલી પંક્તિનું બંદર ગણાતું હતું. ત્યાંથી વહાણોનો કાફલો કેરો અને પેકીન વચ્ચેનાં બધાં બંદરોની સફર કરતો.[1]

પંદરમી સદીમાં આવેલો બારબોસા ખંભાતનું વર્ણન કરતાં લખે છે કે ખંભાત સર્વ દેશોના સોદાગરોથી અને ફ્લાંડર્સના જેવા કલાકારો અને કારીગરોથી ભરેલું છે. તેણે કાપડનો વેપાર એક ભારે માલદાર ધંધો છે એમ જોયું.[2]

પંદરમી સદીમાં પરદેશી વેપારીઓ ગુજરાતને તથા હિંદના કેટલાક ભાગને ખંભાતના મહારાજ્ય તરીકે અને અમદાવાદ ને ખંભાતના મહારાજ્ય તરીકે ઓળખતા.[3] ખંભાતમાં અમદાવાદના ભભકાદાર અમીર વર્ગ માટે પૂર્વના તમામ દેશોમાંથી મોજશોખની અનેક ચીજો આવતી.[4]

સ્વતંત્ર બાદશાહીના સમયમાં અમદાવાદના કીનખાબ મશરૂ અને સુતરાઉ કાપડ ખંભાતથી ચઢતાં એટલે ખંભાતને નામે મશહૂર હતાં અને કેરોથી પેકીન સુધીના પૂર્વગોળાર્ધનાં દરેક બજારોમાં બહુ ખપતાં. મલાકાના જંગલી લોકો પોતાની ઊંચાઈ જેવડો ઢગલો આ કાપડનો આપતા ત્યારે બંધનમાંથી છૂટકારો મેળવી શકતા. આફ્રિકાના કિનારા ઉપર આ કાપડ સુવર્ણના બદલામાં વેચાતું અને ઘણી વાર એની સોગણી કીમત ઊપજતી.[5]

કાળું કાપડ :


કાળું કાપડ ખંભાતનું ઘણું વખણાતું; અને પરદેશ ઘણું ચડતું; હવે તે તેનાં સ્વતંત્ર કારખાનાં નથી. તે જંગબાર, મોખ્ખા જતું જતું. એ કાપડ વિશે ગુજરાત સર્વસંગ્રહમાં લખે છે કે[6] 'એ કપડું ત્રણ જાતનું હોય છે. બદામી, ગર્ભી, મીમ, જુડી દરેક કકડો પાંચ વાર લાંબો અને અર્ધો વાર પહોળો હોય છે. તેની કિંમત રૂા. ૩થી ૧૨ સુધીની બેસે છે. અંગ્રેજી રાજ્યની શરૂઆત થઈ ત્યારથી હાથવણાટનો ધંધો ઘણોક પડી ભાંગ્યો છે, તોપણ હાથના વણાટનું કાપડ પોતાના ટકાઉપણાને લીધે યુરોપના સસ્તા કાપડની સામે ટકી રહ્યું છે.'

ખંભાતમાં હાલ જ્યાં ઈલેક્ટ્રીકનું કારખાનું છે તે સ્થળને ખતાલીવાડ કહેતા. ત્યાં ખતાલી લોકો રહેતા. તેઓ અરબી પોષાક પહેરતા હતા; અને અરબી બોલી બોલતા. તેમનો મુખ્ય ધંધો કાળું કાપડ ખંભાતમાંથી ખરીદી જંગબાર વગેરે સ્થળે મોકલતા હતા. ઓગણીસમી સદીમાં હાજી ફજજુ નામે મોટો વેપારી હતો તે દર સાલ એક લાખ રૂા.નું કાળું કાપડ જંગબાર મોકલતો અને ત્યાંથી હાથીદાંત મગાવતો. સને ૧૮૯૦માં આ વેપારી પડી ભાંગ્યો.

---

૧ 'ખાદીનિબંધ' પૃ. ૨૪૨
૨. 'ખાદીનિબંધ' પૃ.–૧૭
૩. 'અમદાવાદ' પૃ. ૪૪૧
૪. એ જ–પૃ. ૪૪૯

૫. એ જ.
૬. ગુજરાત સર્વસંગ્રહ પૃ. ૨૭૧



હાથશાળ (હાથવણાટ)

ઓગણીસમી સદી : હાથવણાટમાં નીમજરી, પ્રેમલી, બીમાલદાર, દૈયડી, ચોકડીયા વગેરે જાતનું કાપડ બનતું હતું. અને આ કાપડ અરબસ્તાન, સુદાન, મીસર વગેરે દેશોમાં નિકાસ કરવામાં આવતું હતું. પણ તે કાપડ પરદેશની હરિફાઈને લીધે વણાતું બંધ થઈ ગયું.

વીસમી સદી : આ સદીમાં માહેશ્વરી, ચારગોમી, નાગપુરી અને ઇંદોરી કિનારોની સુતરાઉ તથા રેશમી સોળ હાથની સાડીઓ વણાવા લાગી. આ માલ અમદાવાદના વેપારીઓ ખરીદ કરવા લાગ્યા અને ત્યાંથી મહારાષ્ટ્ર અને વરાડમાં મોકલતા હતા.


પછી કસબની સાડીઓ બનારસ, ખંભાત, ધોલકામાં વણાતી હતી અને ત્યાર પછી ચંદેરી, ઇન્દોર, શાહપુર, ભીમડી, નાગપુર, પુના બેંગલોર તથા બુરાનપુર, અને માયસોર વગેરે સ્થળે વણાવા લાગી; તે સાડીઓ પાકા રંગની અને કિંમતમાં માફકસર હોવાથી હરિફાઈમાં તેઓની સાડીઓ રોકડેથી ખપી જતી. અને ખંભાતની સાડીઓના પૂરતું માર્જીન નહિ મળતું હોવાથી ઉધારે પણ પૂરતા પ્રમાણમાં ખપી શકતી નહિ.

ધંધાદારી જ્ઞાતિઓ : વણાટકામ કરનાર મુખ્ય પાટીદારો, કાછિયા, દૂધારા અને મુસલમાનો છે.

ખંભાતમાં ઘણા જુના સમયથી હાથશાળનો ઉદ્યોગ એટલે કાપડ વણવાનો ધંધો ચાલે છે. આજે પણ ખંભાતના મુખ્ય ઉદ્યોગોમાં 'વણવાનો' ઉદ્યોગ પ્રાધાન્ય છે. તેના ઉપર ઘણા લોકોની આજીવિકાનો મુખ્ય આધાર છે.

ખંભાતમાં સુતરની પ્રથમ મીલ ઈ. સ. ૧૯૦૮

ગુજરાતમાં સૌ પ્રથમ મીલ સને ૧૮૬૦માં અમદાવાદના રણછોડલાલ છોટાલાલે કાઢી. તેમણે યંત્રસામગ્રી પરદેશથી મંગાવી: તે પહેલી વખતે



( પાવરલુમ વણાટ, ખંભાત )

તો ખંભાતના અખાતમાં ડૂબી ગઈ; અને પાછી બીજી વખતે મંગાવી; તેમાં ૨૫૦૦ ત્રાકો, યંત્ર-સામગ્રી અને મોટું બોયલર વગેરે હતું; તે ખંભાત બંદરે સહીસલામત ઉતર્યા પછી; તે સાધનસામગ્રી ૨૦ થી વધુ ગાડાંમાં ભરી અમદાવાદ લઈ ગયા. અને સને ૧૮૬૧ની ૩૦મીએ શરૂ થઈ.

ખંભાત શહેર અને સ્ટેટની ઉન્નતિ કરવાના પ્રયાસોમાં નવાબસાહેબ જાફરઅલીખાન સાહેબના સમયના ખંભાત રાજ્યના દિવાન માધવ રાજા હરિનારાયણનો મોટો ફાળો છે. તેમણે ખંભાતના ધનાઢ્યોને ઢંઢોળ્યા, રાજ્યાશ્રય આપ્યો તથા જોઈતી બીજી કેટલીક સવલતો આપી; અને ખંભાતમાં મીલ કાઢવામાં આવી.

### ધી નવાબ ઑફ કેમ્બે મીલ

મીલ સ્થાપના : ૧૯૦૮

સને ૧૯૦૭ના જુલાઈ માસમાં શહેરના વતની શાહ હરિલાલ જગન્નાથ અને મુંબઈના મગનલાલ દલપતરામ ખખ્ખરે ખંભાતમાં સ્પીનીંગ અને વીવીંગ કાઢવા માટે ના. નવાબ જાફરઅલીખાન સાહેબને અરજ કરી, પરવાનગી માગી.

રાજ્યાશ્રય :

શહેરમાં મીલ થાય તો શહેરના ધંધારોજગાર અને આબાદીમાં વધારો થાય તથા ઘણા લોકોને રોજી મળે; વળી યાંત્રિક કામમાં લોકો વાકેફગાર

થાય એવા શુભ હેતુઓ ધ્યાન રાખી; પ્રજાનું કલ્યાણ કરવા અને ખંભાતની ઉન્નતિનો વિચાર કરી રાજ્યે મીલ કાઢવાની પરવાનગી આપી.

વળી સ્ટેટમાં પ્રથમ મીલ નીકળે છે તો તેને ઉત્તેજન આપવા માટે બે લાખ રૂપિયાના શેર ખંભાત રાજ્યે લેવા વિચાર્યું. શરૂ થતી મીલમાં કંઈ નફો થાય એવા હેતુથી બીજી કોઈ મીલ ૧૫ વર્ષની અંદર નીકળે તો તેને સ્ટેટ પરવાનગી નહિ આપે; વળી મીલ કાઢવા માટે જમીન જોઈએ. તે સરકારી પડતર જમીન આકાર ભરી તેમને આપવામાં આવી. અને બીજા કોઈની જમીન લેવી પડે તો તેને યોગ્ય કોંપેસેશન અરજદારોને આપવાનું ઠરાવ્યું. મીલના સંચા ઉપર તથા માલ ઉપર મહેસુલ માફ કર્યું. આમ અનેક રીતે મીલઉદ્યોગ સ્થાપવાને રાજ્ય તરફથી આશ્રય આપવામાં આવ્યો.

સ્ટેટની શરતો :

રાજ્યના દિવાન મીલના ડિરેક્ટરોના ચેરમેન રહેશે. મીલનો હિસાબ સ્ટેટ તરફથી તપાસાશે, શેર હોલ્ડરોને ઓછામાં ઓછું ૬ ટકા વ્યાજ અપાય તો જ એજંટોએ કમિશન લેવું: આ કરતાં વધુ આનંદકારી શરત એ હતી કે મીલમાં એક હુન્નરશાળા કાઢવી, અને તેમાં દરબાર તરફથી જે વિદ્યાર્થી મોકલવામાં આવે તેમને એન્જિનયરનું તથા સ્પીનીંગ અને વીવીંગ તથા રંગવાનું કામ મફત શીખવવું.

મીલનું ખાતમુહૂર્ત :

સને ૧૯૦૮ વિ. સં. ૧૯૬૪ના માગશર માસમાં સ્ટેશન નજીક મીલનું ખાતમુહૂર્ત કર્યું અને સ્ટેટની પરવાનગી લઈ મીલનું નામ 'ધી નવાબ ઓફ કેમ્બે મીલ્સ' રાખવામાં આવ્યું.

મીલ ખુલ્લી મૂકવાની ક્રિયા : ઉદ્ઘાટન વિધિ : ૧૯૦૯ ઈ. સ.

તા. ૩૦મી જાન્યુઆરી સને ૧૯૦૯ના રોજ મીલના મકાનને તથા સમિયાનાને શણગારવામાં આવ્યો હતો. મુંબઈથી તથા ખંભાતના ગૃહસ્થો પધાર્યા હતા. અને ૧૦-૩૦ મિ. જ. મર્હૂમ નવાબ સાહેબ જાફર અલીખાન આવ્યા હતા. તેમને મીલના ડાયરેકટરો તરફથી આવકાર આપવામાં આવ્યો હતો.

મીલના ડાયરેકટરો તરફથી સ્વ. મણિલાલ જુગલદાસે નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું, જે આજના પ્રસંગે ઐતિહાસિક હકીકત પૂરી પાડે તેવું હોવાથી અત્રે આપવામાં આવે છે, તેમણે જણાવ્યું હતું કે :

'ખંભાત શહેરમાં પહેલવહેલી નવીન સ્થાપન થયેલી ખંભાત નવાબની સ્પીનીંગ અને વીવીંગ મીલના અમો ડીરેકટરો મીલ ચાલુ કરવા મળેલા આજના મેળાવડામાં આપ નામદાર સાહેબને અમો ઘણા માનપૂર્વક હર્ષભર્યા આવકાર દઈએ છીએ અને એ મીલનું એંજિન આપ સાહેબના મુબારક હાથે પ્રથમ ચાલુ થાય એવી અમારી વિનંતી સ્વીકારી આપ નામદાર સાહેબ તસ્દી લઈ અત્રે પધાર્યા તે માટે અમો આપનો મોટો આભાર માનીએ છીએ.'

'ઇતિહાસ પરથી માલૂમ પડે છે કે આ ખંભાત શહેર જૂના સમયમાં વેપારરોજગારનું એક મુખ્ય મથક હતું અને રૂ, સુતરાઉ તથા રેશમી કાપડ, ગળી અને ચામડાં દૂર દેશમાં ખંભાત બંદરેથી પુષ્કળ જતાં હતાં. સમયના ફેરફારથી, રેલવે થવાથી, તથા ખંભાત બંદર મોટાં વહાણોને લાયક રહેતું ન હોવાથી ખંભાતની આગલી જાહોજલાલી તથા વેપારની ધામધૂમ હાલ રહી નથી, તોપણ ખંભાતનો હાથના વણાટનો ધંધો હજુ કાયમ રહેલો છે અને શેત્રંજી, સાડી

તથા આફ્રિકા જતું કાળું કાપડ એ તો વણાટનો રોજગાર હજી સારી રીતે ચાલે છે અને ઘણા માણસોની એ ધંધાથી રોજી ચાલે છે. વળી ખંભાત શહેર ગુજરાતના મધ્યભાગમાં કપાસની ખેતીની વચ્ચે પહોળા માપની રેલવેનું છેલ્લું સ્ટેશન અને ખંભાતના અખાતમાં ગુજરાતનું છેલ્લું સ્ટેશન અને ખંભાતના અખાતમાં ગુજરાતનું છેલ્લું બંદર છે.

'ખંભાત રાજ્યનો વહીવટ હાલના જમાનાને અનુસરી ત્યાગ અને નીતિને ધોરણે પ્રજાને સુખી કરવા તથા ઉદ્યોગધંધા વધારવાના હેતુથી ચાલે છે. આપ નામદારસાહેબ સને ૧૮૮૦માં ગાદીનશીન થયા ત્યાર પછી અત્યાર સુધીના ૨૯ વરસ દરમિયાન રાજ્યમાં અનેક સુધારા થયા.

૧. જમીનની માપણી થઈ. બ્રિટિશ રાજ્યને ધોરણે વીઘોટી બંધાઈ છે અને જૂનો ઇજારાનો અને ભાગવટાનો વહીવટ બંધ થાય છે તેથી ખેડૂતોને પોતાની મહેનતનો બદલો એકસરખી રીતે મળે છે.

૨. ન્યાયની ફોજદારી તથા દીવાની કોર્ટ સ્થાપન થઈ છે તેથી બ્રિટિશના કાયદાના નિયમે લોકોને શુદ્ધ ન્યાય મળે છે.

૩. પોલીસખાતાનો વહીવટ બ્રિટિશ રાજ્યના અમલદારો મારફતે નવા જમાના પ્રમાણે સુધારવામાં આવ્યો છે, તેથી લોકોના જાનમાલનું રક્ષણ થાય છે.

૪. ગામેગામ કૂવા, તળાવ, ચોરા વગેરે બંધાય છે તથા રસ્તાઓ દુરસ્ત થાય છે.

૫. રાજ્યનું જૂનું કરજ મટી રાજ્યની તીજોરી આબાદ થઈ છે.

૬. શહેરમાં તથા પરગણામાં કેળવણીનો ફેલાવો કરવા જરૂરી નિશાળો તથા કન્યાશાળાઓ થઈ છે, અને ગામડામાં પ્રાથમિક શાળાઓમાં કેળવણી માફીથી આપવામાં આવે છે.

૭. શહેરમાં હાઇસ્કૂલ થઈ છે તેથી દર વરસે કોલેજનો અભ્યાસ કરી બી. એ. એમ. એ. તથા એલ. એલ.બી. બહાર પડવા લાગ્યા છે.

૮. તેમ જ હોસ્પિતાલ, દવાખાનું એ લોકસુખાકારી વધારનારાં જરૂરી સાધનો થયાં છે.

૯. વેપાર ઉપરના કરો કાઢી નાખી હજારો રૂપિયાનું નુકસાન વેઠી વેપાર પ્રતિબંધ વિનાનો છૂટો કરવામાં આવ્યો છે.

૧૦. વેપારમાં હરકત કરતું ખંભાતનું ચલણી નાણું બંધ કરી કલદાર રૂપિયાનું ચલણ કરવામાં આવ્યું છે.

૧૧. ખંભાત સ્ટેટ રેલવે કરી છે તથા,

૧૨. અંગ્રેજી રાજ્યના નિયમોને અનુસરીને બંદર ઉપરના બધા કર કાઢી નાખી ખંભાત બંદરને અંગ્રેજી રાજ્યના બંદર જેવું માફીનું બંદર કર્યું છે તેથી બંદરનો રોજગાર વગર હરકતે છૂટથી થઈ શકે છે. વળી,

૧૩. બંદર સુધી રેલવે તથા ડક્કો થયો છે અને બંદરસુધારાનાં બીજાં કામ ચાલુ છે.

૧૪. લોકોની અનામત રકમ જમા રાખવામાં તથા વેપાર માટે લોકોને નાણું ધીરવા બેંકની સગવડ કરી આપી છે. એ રીતે વેપાર વધારવા તથા દેશને આબાદ કરવા રાજ્ય તરફથી ઇલાજો લેવામાં આવ્યા છે અને છેવટે

૧૫. અંગ્રેજી રાજ્યની માફક રાજ્યવહીવટમાં લોકોને સામેલ કરવા તથા તેમના અભિપ્રાયોને અનુસરી સ્થાનિક સ્વરાજ્યનું કામ ચલાવવા ગામડામાં ગ્રામપંચાયતો અને શહેરમાં સુધરાઈપંચ નીમવામાં આવી છે.'

'આ પ્રમાણે ખંભાતમાં આપ નામદારસાહેબે હાલના જમાનાના સઘળા સુધારા દાખલ કર્યા છે, તેથી ખંભાતનો રાજ્યવહીવટ સર્વે રીતે સંતોષકારક છે. એ બધાં કારણોને લીધે સુતરકાપડની મીલ તથા એવાં બીજાં કારખાનાંને માટે ખંભાત શહેર ઘણું યોગ્ય સ્થળ છે.

'એમ હોવાથી આપ નામદારસાહેબના બાહોશ, કાબેલ અને વિદ્વાન દીવાન રા. બ. માધવરામ હરિનારાયણે મીલના એજન્ટ મિ. હરિલાલ જગન્નાથને અમે સુતરકાપડની એક મીલ કરવા સૂચન કર્યાથી; તેમણે તે સૂચના ઘણા ઉમંગભેર ઉપાડી લીધી. અને આપ સાહેબની કૃપા તથા મદદથી તે મીલ આજરોજ તૈયાર થઈ છે ખંભાતમાં આ મીલ થવાનું સઘળું માન આપ સાહેબને ઘટે છે. ખંભાત દરબારે મોટી રકમના મીલના શેર લીધા છે. મીલના સાંચાકામ, રૂ, કોલસા વગેરે જરૂરી સામાનને શહેરની જકાતમાફી આપી છે. પંદર વરસ સુધી બીજી મીલ નહીં થાય એવો હક આપ્યો છે, તથા મીઠા પાણીના કૂવાવાળા સ્ટેશન નજીક પૂરતી જમીન સાધારણ કિરાયેથી આપી છે, એ મોટી ઉદારતાથી આપ સાહેબની મદદને લીધે જ આ મીલ ઊભી થઈ શકી છે અને તે માટે અમો ઘણો જ આભાર માનીએ છીએ.

'મીલનું મકાન આગથી સળગે નહિ એવું ફાયરપ્રૂફ બાંધવામાં આવ્યું છે. તેમાં ૧૮ હજાર સ્પીન્ડલ રહે એટલી જગો કરી છે. પણ હાલ શરૂઆતમાં તેમાં ૧૩ હજાર સ્પીન્ડલ ગોઠવ્યાં છે. સાંચાકામ ઊંચા મેકરનું નવા સુધારા સાથેનું છે. ૨૦ હજાર સ્પીન્ડલો અને ત્રણસો સાલને પૂરતાં એન્જિન બોયલર હોકસહારગ્રીવ કંપનીનાં છે. અને નામાંકિત પ્લાટ બ્રધર્સનાં રીંગ સ્પીન્ડલ તથા બીજું બધું સાંચાકામ છે, સ્પિનિંગ અને વિવિંગ બે સાથે ચલાવ્યાથી કેટલીક મુશ્કેલી નવા સ્થળમાં નડે છે તેથી સ્પિનિંગખાતું બરાબર ચાલે ત્યાર પછી થોડા વખતમાં વણાટખાતું ચલાવવા ધારેલું છે. વળી અત્રે નજીકમાં જ કપાસ મળતો હોવાથી કપાસ પીલવાનું જીન પણ આવતી સાલે મીલ સાથે જોડવા ધારણા છે, અને અત્રે મીઠું પાણી પુષ્કળ જથામાં કૂવામાંથી ઝાઝા ખર્ચ વિના મળે છે; તેથી બ્લીચિંગ અને ડાઈંગ એટલે સુતરકાપડ ધોવાનું તથા રંગવાનું કામ પણ મીલમાં કરી શકાશે. એ પ્રકારે મીલને ફત્તેહમંદ કરવા અમે અમારો બનતો પ્રયત્ન કર્યો છે. અને આજથી હવે મીલ ચાલુ થશે એટલે અમો ઘણી કાળજીપૂર્વક શૅરહોલ્ડરોનું હિત સાચવવાના હેતુથી કામ કરી સારો નફો કરી બતાવવાની ઉમેદ રાખીએ છીએ.

'હવે અમે આપ સાહેબને વિનંતી કરીએ છીએ કે આપ તસદી લઈ આપના મુબારક હાથે એન્જિન ચલાવી મીલ ચાલુ કરશો કે મીલ જલદી ફતેહમંદ થાય. એ તસદી માટે અમો આપ સાહેબનો ફરી આભાર માનીએ છીએ; અને ઇચ્છીએ છીએ કે ભવિષ્યમાં પણ આપ સાહેબની મદદ કાયમ રહેશે.'

તે પછી ના દીવાનસાહેબ ( મા. હા. વ્યાસ ) નવાબસાહેબ તરફથી જવાબ વંચ્યો હતો. જેમાં મીલની ફતેહ ઇચ્છી હતી. બાદ નવાબસાહેબ જાફરઅલીખાન સાહેબે મીલ ચાલુ કરી હતી. પછી અત્તરગુલાબ તથા પાન લઈ મેળાવડો વિસર્જન થયો હતો.[1]

---

૧. સાંજવર્તમાન તા. ૨જી ફેબ્રુઆરી, સને ૧૯૦૯

આ પ્રમાણે ખંભાત શહેરમાં પ્રથમ સુતરની મીલની સ્થાપના થઈ.

સદર મીલમાં ઘણા સુધારાવધારા થયા. સને ૧૯૩૦ સુધી તેમાં સારા પ્રમાણમાં કામ ચાલેલું પરંતુ તેમાં કેટલીક ખામીઓને લીધે નવાબસાહેબને તે મીલ પોતાને કબજે લેવી પડેલી. ને તેનું નામ 'ધી કેમ્બે સ્ટેટ મીલ્સ' રાખવામાં આવેલું, ત્યાર પછી તે મીલ 'વિજયલક્ષ્મી કોટન મીલ્સ' સને ૧૯૪૩માં થાય છે. અને પછી તે 'શુભ લક્ષ્મી' મીલ બને છે. આમ તેના યુગો પલટાયા છે, અને માલિકો બદલાયા છે.

રાજપ્રકાશ સ્પિનિંગ મીલ્સ લી. ખંભાત
૧૯૬૩
તા. ૭-૫-૧૯૬૩ના રોજ સ્થપાયેલી.

ખંભાતમાં તારાપુરરોડ ઉપર લાલ બાગની નજીકમાં આ મીલની સ્થાપના કરવામાં આવી છે. લગભગ ૨૫ લાખના શૅરો કાઢવામાં આવ્યા છે. જેનું કામકાજ શરૂ થઇ ગયું છે. મકાનો, મશીનરી વગેરે બધું થઈ ગયું છે.

ખંભાતના વતનીઓ અને તેમના પૂર્વજો હાથવણાટ તથા પાવરલૂમની સાડીઓના મુખ્ય વેપારી હતા. તેમના પુત્રોએ આ મીલ શરૂ કરી છે. તેમાં મુખ્ય ડિરેકટરો તરીકે ૧. શ્રી શંકરલાલ બેચરદાસ પટેલ, ૨. શ્રી બાલુભાઈ બેચરદાસ પટેલ, ૩. શ્રી શાંતિલાલ બેચરદાસ પટેલ, ૪. શ્રી નટવરલાલ શંકરલાલ પટેલ, ૫. શ્રી વસંતલાલ લલ્લુભાઈ પટેલ, ૬. શ્રી વિનોદચંદ્ર શંકરલાલ પટેલ વગેરે છે. તેમાં મુખ્ય મૅનેજિંગ ડિરેકટરો તરીકે શ્રી વસંતલાલ લલ્લુભાઈ તથા શ્રી વિનોદચંદ્ર શંકરલાલ પટેલ છે.

આ ખાનગી કંપની તરીકે તા. ૭મી મે, સને ૧૯૬૩ના દિવસે ગુજરાત રાજ્યમાં સ્થાપવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ યાર્ન કોટન, અથવા ફાઈબર કલોથ, તેમ જ રો-કૉટન, જ્યુટ, વુલ અને સિન્થેટિક તથા અન્ય યોગ્ય મટીરીયલમાંથી બનાવેલા ફેબ્રીકસનું મેન્યુફેકચરિંગ, બ્લીચિંગ, ડાઈંગ અને પ્રિન્ટિંગ અને સેલિંગનો ધંધો ચલાવવાનો તથા સામાન્ય રીતે સ્પિનિંગ અને વીવિંગ મીલ્સ પ્રોપાયટર્સ તરીકે તેની બધી શાખાઓમાં ધંધાકીય કામકાજ કરવાનો છે.

હાથવણાટ :

આ ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે સરકારે સને ૧૯૬૧માં તેની નોંધણી કરી અને હાથશાળોનું પ્રમાણપત્ર મેળવવાનું જાહેર કર્યું, આથી ખંભાતમાં ઘણી હાથશાળોની પ્રવૃત્તિ થઈ; વળી સરકારે જોઈતા સુતર વગેરેની પરવાનગી પણ આપવા માંડી.

હાથવણાટ અને પાવરલૂમઉદ્યોગ :
હાથવણાટ

સુતર અને રેશમના તાંતણાથી હાથવણાટની સાડીઓનું ઉત્પાદન મેળવવાની આ જિલ્લાની કારીગરી અપ્રતિમ છે. ખેડા જિલ્લામાં આવી ૭૫૦ હાથશાળો આવેલી છે જે ૨૫૦૦ કારીગરોને રોજી આપે છે. આવા કારીગરોને વાજબી ભાવે પૂરતા જથ્થામા સુતર મળતું નથી, તેથી ૧૨૦૦૦ ત્રાકોનું એક સહકારી યુનિટ સ્થાપવાનું સૂચન કરવામાં આવેલ છે.

ખંભાતની હાથશાળ વણાટોની સંખ્યા લક્ષ્યમાં લઈને સહકારી ધોરણે નાનું ડાઈંગ અને પ્રિન્ટિંગનું કારખાનું ખોલવા સુવિધારૂપ થઈ પડશે તેવું પણ સૂચન છે.

આ રીતે ખેડા જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે સંયોગો સાનુકૂળ છે. ઉદ્યોગનાં બીજ નંખાયાં છે. સાનુકૂળ પરિસ્થિતિ સર્જાતી જાય

છે. કયા કયા ઉદ્યોગોનો વિકાસ થઈ શકે તેમ છે તેનો નિર્દેશ કરેલ છે.[૧]

### ખંભાતમાં પહેલી પાવરલૂમ (યંત્રશાળા)

સને ૧૯૨૪ના અરસામાં ખંભાતમાં પટેલ મોરલીધર દામોદરદાસ ઠે. મકતુવાડો એમણે પાવરલૂમના સંચા સ્વીટ્ઝર્લેન્ડથી મંગાવ્યા હતા. અને ખંભાતમાં પાવરલૂમથી કાપડ વણવાની શરૂઆત કરી હતી.

મોટી ફેક્ટરીઓ :

૧. લક્ષ્મી કોરપોરેશન
૨. મોરારદાસ પીતાંબરદાસ ઍન્ડ કું.
૩. વી. શાંતિલાલ ઍન્ડ કું.
૪. વિક્રમ ઇન્ડસ્ટ્રીઝ
૫. નારાયણ ટેકસટાઈલ મિલ્સ
૬. ઘનશ્યામ મિલ્સ પ્રા. લી.
૭. રાજ પ્રકાશ સ્પિનિંગ મિલ્સ લી.

ઉપર જણાવેલાં કાપડનાં કારખાનાં ખંભાતના કાપડઉદ્યોગના મોટા ગણાતા શ્રી શંકરલાલ બેચરદાસ તથા શેઠ શ્રી વસંતલાલ લલ્લુભાઈ વગેરેના કુટુંબીજનોએ આ ઉદ્યોગ ખીલવ્યો છે

૧. શ્રી પા. ભા. મહેતા. આઈ. એ. એસ. વિકાસ અધિકારી ખેડા જિલ્લાનો લેખ 'નવસંસ્કાર' તા. ૧૦–૯–૬૪

### પાવરલૂમઉદ્યોગ

| | ફેક્ટરીનું નામ | ઠેકાણું | સંચાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેસર્સ કેમ્બે પ્રોસેસિંગ વર્ક્સ | પ્રેસરોડ ખંભાત | ૨૦ |
| ૨ | ,, મુરારદાસ પીતામ્બરદાસ પટેલ ઍન્ડ કું | ,, | ૨૪ |
| ૩ | ,, પ્રકાશ ટેકસટાઈલ્સ | ,, | ૨૪ |
| ૪ | ,, નારાયણ ટેકસટાઈલ્સ મિલ્સ | ,, | ૨૪ |
| ૫ | ,, ઘનશ્યામ મિલ્સ પ્રાઈવેટ લી. | ,, | ૨૪ |
| ૬ | ,, કેમ્બે મહાલક્ષ્મી. પ્રા લી. | ખારોપાટ ખંભાત | ૨૪ |
| ૭ | ,, કેશવલાલ વજેચંદ ઍન્ડ સન્સ પ્રા. લી. | પાવર હાઉસરોડ ખંભાત | ૨૪ |
| ૮ | ,, સતીષ ટેકસટાઈલ પ્રા. લિ. | ,, ,, | ૨૨ |
| ૯ | ,, રાજેન્દ્ર ટેકસટાઈલ | પ્રેસ રોડ–ખંભાત | ૨૪ |
| ૧૦ | ,, શ્રી સર્વોદય ટેકસટાઈલ | બેઠક રોડ ,, | ૮ |
| ૧૧ | ,, રાજ વીવીંગ મીલ | ,, | ૧૨ |
| ૧૨ | ,, લોકમાન્ય વીવિંગ ફેક્ટરી | ,, | ૧૨ |
| ૧૩ | ,, છત્રસાલ ટેકસટાઈલ | ,, | ૮ |

| | | |
|---|---|---|
| ૧૪ ,, ભારત સીલ્ક મિલ | ,, | ૧૨ |
| ૧૫ શ્રી રામ ટેકસટાઈલ મિલ | ખારેપાટ | ૨૩ |
| ૧૬ ,, રસિકલાલ નગીનદાસ શાહ | નેજારોડ | ૪ |
| ૧૭ ,, બાલુભાઈ છોટાભાઈ ઍન્ડ કું. | ,, | ૪ |
| ૧૮ ,, રણછોડદાસ ભગવાનદાસ પટેલ | ઢીંબરવાડો | ૨ |
| ૧૯ મેસર્સ ભોગીલાલ ઍન્ડ પટેલ | ,, | ૨ |
| ૨૦ શ્રી ચંપકલાલ મંગળદાસ | પીરજપુર | ૪ |
| ૨૧ મેસર્સ વિજય ટેકસટાઈલ ફેકટરી | ઝાંખરાવાડી | ૪ |
| ૨૨ શ્રી પન્નાલાલ સુખલાલ શાહ | ,, | ૨ |
| ૨૩ ,, ચુનીલાલ શંકરલાલ પટેલ | એઠક રોડ | ૨ |
| ૨૪ ,, ઘનશ્યામભાઈ મૂળચંદભાઈ પટેલ | ખારીકૂઈ | ૨ |
| ૨૫ ,, હિન્દ ટેકસટાઈલ મિલ | એઠક રોડ | ૪ |
| ૨૬ શ્રી કૃષ્ણ ટેકસટાઈલ | વાઘરીવાડ ખંભાત | ૪ |
| ૨૭ મેસર્સ મહેન્દ્ર ટેકસટાઈલ | વાઘરીવાડ ખંભાત | ૪ |
| ૨૮ શ્રી ભગવાનદાસ ગિરધરલાલ | અંધારીશેરી ખંભાત | ૧ |
| ૨૯ શ્રી ચંદુલાલ કસ્તૂરચંદ શાહ | એઠકરોડ ખંભાત | ૪ |
| ૩૦ મેસર્સ મનિષ ટેકસટાઈલ કોર્પોરેશન | પાવરહાઉસ રોડ ખંભાત | ૮ |
| ૩૧ શ્રી નવીનચંદ્ર નટવરલાલ પરીખ ( સર્વોદય વીવિંગ ફેકટરી ) | જિનિંગ કંપાઉન્ડ | ૪ |
| ૩૨ મેસર્સ હરીશ ટેકસટાઈલ | ખારેપાટ ખંભાત | ૨૨ |
| ૩૩ શ્રી મૂળચંદભાઈ સોમાભાઈ પટેલ | નવી ખડકી વડફળિયા ખંભાત | ૨ |
| ૩૪ શ્રી બિહારીલાલ નટવરલાલ પરીખ સર્વોદય | જિનિંગ કંપાઉડ ખંભાત | ૩ |
| ૩૫ શ્રી ચીમનલાલ મૂળચંદભાઈ પટેલ | રણમુકતેશ્વર મહાદેવ પાસે ખંભાત | ૨ |
| ૩૬ શ્રી પ્રવીણલાલ પુંજાલાલ પટેલ | જિનિંગ કંપાઉન્ડ ખંભાત | ૨ |
| ૩૭ મેસર્સ ભૂપેન્દ્ર ટેકસટાઈલ ( અંબાલાલ માણેકલાલ કાપડિયા ) | મેચફેકટરી કંપાઉન્ડ ખંભાત | ૨ |
| ૩૮ શ્રી ચીમનલાલ ગિરધરલાલ પટેલ | નવી ખડકી, વડફળિયા | ૪ |
| ૩૯ મેસર્સ કાપડિયા ટેકસટાઈલ ( મણીલાલ માણેકલાલ કાપડિયા ) | મેચફેકટરી કંપાઉન્ડ | ૪ |

| | | |
|---|---|---|
| ૪૦ શ્રી મનુભાઈ છગનભાઈ પટેલ | શેખવાડી ખંભાત | ૪ |
| ૪૧ મેસર્સ નગીનદાસ એન્ડ કંપની (નગીનદાસ અંબાલાલ પટેલ) | પ્રેસ રોડ | ૩ |
| ૪૨ શ્રી જયંતિલાલ ફૂલચંદ પટેલ | બેઠક રોડ | ૪ |
| ૪૩ મેસર્સ મહેન્દ્ર વીવિંગ મિલ | બેઠક રોડ | ૪ |
| ૪૪ મેસર્સ નિરંજન ટેકસટાઈલ | બેઠક રોડ | ૬ |
| ૪૫ શ્રી કાંતિલાલ રણછોડદાસ પટેલ | નવી ખડકી | ૨ |
| ૪૬ શ્રી નટવરલાલ લલ્લુભાઈ પટેલ | વડફળિયું | ૨ |
| ૪૭ શ્રી જયેન્દ્રભાઈ વસંતલાલ પટેલ | આંબાવાડી | ૨ |
| ૪૮ શ્રી પરસોતમદાસ કેશવલાલ પટેલ | આંબાવાડી | ૨ |
| ૪૯ શ્રી ગુલામખાન અહમદખાન પઠાણ | સાલવા | ૨ |
| ૫૦ શ્રી ચંદુલાલ મૂળચંદભાઈ પટેલ | રણમુક્તેશ્વર મહાદેવ પાસે ખંભાત | ૨ |
| ૫૧ શ્રી મધુકાંત શાંતિલાલ રાવ | માછીપરા ખંભાત | ૨ |
| ૫૨ ,, રમણલાલ ચુનીલાલ પટેલ | પ્રેસ રોડ | ૨ |
| ૫૩ ,, નંદલાલ જેઠાલાલ પટેલ | આંબાવાડી | ૧ |
| ૫૪ ,, વસંતલાલ મંગળદાસ પટેલ | લાલ બાગ પાસે | ૨ |
| ૫૫ ,, ચીમનલાલ બાલુભાઈ પટેલ | આંબાવાડી | ૨ |
| ૫૬ ,, ભદ્રિકલાલ શાંતિલાલ પટેલ | ગુજ્જરવાડો | ૧ |
| ૫૭ ,, નીત્યાનંદ જેશંકર પુરાણી | આંબાવાડી | ૨ |
| ૫૮ ,, નટવરલાલ ભોગીલાલ પટેલ | વડ ફળિયું | ૨ |
| ૫૯ ,, શેખહુસેન શેખમહમદ | અકબરપુર | ૨ |
| ૬૦ ,, બાલુભાઈ જેઠાલાલ પટેલ | આંબાવાડી | ૧ |
| ૬૧ ,, મેસર્સ ગણેશ ટેકસટાઈલ | પ્રેસ રોડ | ૨ |
| ૬૨ મેસર્સ પરેશ ટેકસટાઈલ | પાવરહાઉસ રોડ | ૪ |
| ૬૩ શ્રી બાલુભાઈ મોતીભાઈ પટેલ | આંબાવાડી | ૨ |
| ૬૪ ,, જમનાદાસ નારણદાસ પટેલ | આંબાવાડી | ૧ |
| ૬૫ ,, બંસીલાલ પ્રાણજીવનદાસ પટેલ | વડ ફળિયું | ૪ |
| ૬૬ ,, નટવરલાલ મગનલાલ પટેલ | આંબાવાડી | ૧ |
| ૬૭ ,, કાંતિલાલ મગનલાલ પટેલ | નેજા રોડ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૬૮ | શ્રી અમૃતલાલ ત્રીકમદાસ પટેલ | આંબાવાડી | ૨ |
| ૬૯ | ,, ચુનીલાલ મગનલાલ પટેલ | રણુમુકતેશ્વર મહાદેવ | ૨ |
| ૭૦ | મેસર્સ દીપક ટેકસટાઈલ | અકબરપુર | ૪ |
| ૭૧ | મેસર્સ મોતી ,, | પ્રેસ રોડ | ૩ |
| ૭૨ | મેસર્સ પ્રાણુનાથ ,, | એઠક રોડ | ૧૦ |
| ૭૩ | મેસર્સ મહેશચંદ્ર સુમતીલાલ | એઠક રોડ | ૪ |
| ૭૪ | શ્રી ફૈજલમીયાં નુરૂમીયાં સૈયદ | હુસેની શેરી | ૨ |
| ૭૫ | ,, ઉસમાનભાઈ અબ્દુલભાઈ મનસુરી | લાલ દરવાજા | ૨ |
| ૭૬ | મેસર્સ ધી ન્યુ કેમ્બે ટેકસટાઈલ | લાલ દરવાજા | ૪ |
| ૭૭ | શ્રી અશોકકુમાર રતિલાલ પટેલ | આંબાવાડી | ૨ |
| ૭૮ | ,, કીર્તિકાંત કેશવલાલ કાપડિયા | લાલ દરવાજા રોડ | ૪ |
| ૭૯ | ,, ચંપકલાલ બાપુલાલ | પીરજપુર | ૨ |
| ૮૦ | ,, ભાઈલાલ મણિલાલ શેખ | ગુજરવાડો | ૧ |
| ૮૧ | શ્રી મહેન્દ્રકુમાર પ્રેમશંકર જોષી | માછીપુરા | ૨ |
| ૮૨ | ,, ગુલામહુસેન કરીમભાઈ | અલૈયાપાડો | ૪ |
| ૮૩ | ,, હાજીહુસેન ગુલામહુસેન | જામળી મહોલ્લો | ૨ |
| ૮૪ | ,, શાંતિલાલ કસ્તુરચંદ | જલીપોળ | ૨ |
| ૮૫ | મેસર્સ રાજ ટેકસટાઈલ | પ્રેસ રોડ | ૪ |
| ૮૬ | શ્રી અંબાલાલ જેઠાલાલ રાણા | આંબાવાડી | ૨ |
| ૮૭ | ,, ચુનીલાલ અંબાલાલ પટેલ | આંબાવાડી | ૧ |
| ૮૮ | ,, ગિરધરલાલ ત્રીકમદાસ પટેલ | નેજા રોડ | ૨ |
| ૮૯ | ,, ઠાકોરલાલ બાપુલાલ શાહ | એઠક રોડ | ૨ |
| ૯૦ | મેસર્સ સ્વસ્તિક વીવિંગ મિલ | એઠક રોડ | ૪ |
| ૯૧ | શ્રી શાંતિલાલ નાથાલાલ પટેલ (રમેશ ટેકસટાઈલ) | નેજા રોડ | ૨ |
| ૯૨ | શ્રી જેઠાલાલ ચંપકલાલ શાહ | એઠક રોડ | ૨ |
| ૯૩ | મેસર્સ રાજેશ ટેકસટાઈલ | માછીપરૂ | ૧ |
| ૯૪ | મેસર્સ સુરટેકસ કોર્પોરેશન | આંબાવાડી | ૪ |
| ૯૫ | શ્રી નજમુદ્દીન અમીરૂદ્દીન શેખ | અકબરપુર | ૨ |
| ૯૬ | ,, દેવેન્દ્ર ગોવિન્દલાલ પટેલ | ગુજરવાડો | ૧ |

| | | |
|---|---|---|
| ૯૭ શ્રી ઠાકોરલાલ અંબાલાલ પટેલ | નેજારોડ | ૪ |
| ૯૮ મેસર્સ દીપક વીવિંગ મિલ | ખેઠક રોડ | ૪ |
| ૯૯ શ્રી નટવરલાલ મોહનલાલ પરીખ | જિનિંગ કંપાઉન્ડ | ૪ |
| ૧૦૦ ” માણેકલાલ નાથાલાલ પટેલ | પ્રેસ રોડ | ૨ |
| ૧૦૧ મેસર્સ થાણાવાળા ટેપ મેન્યુફેક્ચરિંગ કું. | દરિયામંજિલ | ૧૨ |
| ૧૦૨ ગુલામમહંમદ ગુલામરસુલ શેખ | અલીયાપાડો | ૨ |
| ૧૦૩ શ્રી લોકમાન્ય ટેકસટાઈલ (બી. સી. શાહ) | ખેઠક રોડ | ૪ |
| ૧૦૪ મેસર્સ રાજલક્ષ્મી કોર્પોરેશન | લાલ દરવાજા રોડ | ૭ |
| ૧૦૫ ” અલકા ટેકસટાઈલ કોર્પોરેશન | આંબાવાડી | ૨ |
| ૧૦૬ મેસર્સ નાણાવટી ટેપ મેન્યુફેક્ચરિંગ કું. | દરિયા મંજિલ | ૧૬ |
| ૧૦૭ મનુભાઈ જેઠાલાલ રાણા | માછીપરા | ૨ |
| ૧૦૮ મહેશચંદ્ર ઘનશ્યામલાલ | ખારી કૂઈ | ૨ |
| ૧૦૯ યોગીનીબહેન ચંદુલાલ પટેલ | વાઘરીયાવાડ | ૪ |
| ૧૧૦ ભદ્રિકલાલ શાંતિલાલ પટેલ | નવી ખડકી | ૧ |
| ૧૧૧ શ્રી શાન્તાબહેન બાપુલાલ શેખ | ચોક | ૧ |
| ૧૧૨ ,, હસનભાઈ કરીમભાઈ | જામલી મહોલ્લો | ૧ |
| ૧૧૩ મેસર્સ અતુલ ટેકસટાઈલ્સ | ખેઠક રોડ | ૪ |
| ૧૧૪ શેખ ગુલામભાઈ હાજી હુસેન | જામલી મહોલ્લો | ૨ |
| ૧૧૫ મુમતાજ નજમુદ્દીન શેખ | અકબરપુર | ૨ |
| ૧૧૬ વીપુલચંદ્ર પરસોત્તમદાસ પટેલ | વાઘરીયાવાડ | ૪ |
| ૧૧૭ અબ્દુલજમીલ અબ્દુલ રહીમ | આમનસામનનો મહોલ્લો | ૧ |
| ૧૧૮ યુસુફભાઈ અમીરભાઈ | ત્રણ લીમડી | ૨ |
| ૧૧૯ સિકંદરખાન ગુલામખાન પઠાણ | સાલવા | ૨ |
| ૧૨૦ યાસીનભાઈ પીરખાન પઠાણ | સાલવા | ૧ |
| ૧૨૧ મેસર્સ જય જય ગોપાળકીષ્ણ કોર્પોરેશન | ખેઠક રોડ | ૧૦ |
| ૧૨૨ મેસર્સ ગોપાળ વીવિંગ મિલ | ખેઠક રોડ | ૧૨ |
| ૧૨૩ શ્રી બાલુભાઈ જેઠાલાલ રાણા | રજપૂતવાડો | ૨ |
| ૧૨૪ શ્રી સોમીબહેન અંબાલાલ રાણા | રજપૂતવાડો | ૨ |
| ૧૨૫ દેવયાની ટેકસટાઈલ | આંબાવાડી | ૨ |

| | | |
|---|---|---|
| ૧૨૬ મેસર્સ મહાવીર ટેકસટાઈલ | આંબાવાડી | ૨ |
| ૧૨૭ મેસર્સ સીમ્પલેક્સ ટેકસટાઈલ વીવિંગ વર્ક્સ | બેઠક રોડ | ૪ |
| ૧૨૮ મેસર્સ મૂકેશ ટેકસટાઈલ્સ | વાઘડીયાવાડ | ૪ |
| ૧૨૯ શ્રીમતી શાંતાબહેન કેશવલાલ શાહ | આંબાવાડી | ૨ |
| ૧૩૦ મેસર્સ એશિયન ટેકસટાઈલ્સ | પ્રેસ રોડ | ૨૪ |
| ૧૩૧ મેસર્સ હરિકૃષ્ણ ,, | પ્રેસ રોડ | ૪ |
| ૧૩૨ શ્રી પ્રીતમલાલ હરિલાલ શાહ | બેઠક રોડ | ૪ |
| ૧૩૩ ,, જયંતિલાલ નટવરલાલ પટેલ | નેજા રોડ | ૪ |
| ૧૩૪ મેસર્સ સુરેન્દ્રકુમાર નરેન્દ્રકુમાર એન્ડ કું. | આંબાવાડી | ૪ |
| ૧૩૫ શ્રી ભૂપેન્દ્રભાઈ કાંતિલાલ કાપડિયા | આંબાવાડી | ૪ |
| ૧૩૬ હોનેસ્ટ પાવરલૂમ ફેકટરી (અબ્દુલસતાર અમીરભાઈ શેખ) | ત્રણ લીમડી | ૨ |
| ૧૩૭ શ્રી વિજયકુમાર રસિકલાલ શાહ | આંબાવાડી | ૨ |
| ૧૩૮ મેસર્સ અમર ટેકસટાઈલ્સ કોર્પોરેશન | નગીનાવાડી | ૧૮ |
| ૧૩૯ શ્રી જસુબહેન શાંતિલાલ પટેલ | ગુજ્જરવાડો | ૨ |
| ૧૪૦ મેસર્સ ભૂપેન્દ્ર ટેકસટાઈલ્સ | મેચફેકટરી કંપાઉન્ડ | ૨ |
| ૧૪૧ શ્રી અરવિંદ ઠાકોરલાલ પટેલ | આંબાવાડી | ૪ |
| ૧૪૨ શ્રીમતી શાંતિબહેન નાથાલાલ પટેલ | વડફળિયું | ૨ |
| ૧૪૩ વિનસ ટેકસટાઈલ્સ | ઝાંખરાવાડી | ૪ |
| ૧૪૪ શ્રી જયંતિલાલ મૂળચંદભાઈ પટેલ | વડફળિયું | ૨ |
| ૧૪૫ ,, બાબુભાઈ જેઠાલાલ સાડીવાળા | આંબાવાડી | ૨ |
| ૧૪૬ ,, ચંદુલાલ ધુળાભાઈ રાણા | શકરપુર રોડ | ૨ |
| ૧૪૭ ,, નીરંજન રસિકલાલ શાહ | આંબાવાડી | ૨ |

આ યાદીમાં દસ ઉપરની શાળોવાળા મોટા વેપારીઓ છે. અહીંયાં તો સામટી યાદી આપી છે. 'તેમાં ક્રમે સ્મોલ સ્કેલ પાવરલૂમ એસોશિએશન'નું એક મંડળ સ્થપાયું છે.

## ખંભાત સાડીપંચ

ખંભાતમાં હાથશાળોનો મુખ્ય ધંધો હતો. તે વખતે એક મોટો વેપારી સુતર મંગાવે; તેને રંગાવે; તથા કસબ, રેશમ વગેરે કાપડ વણવાનો જે જે સામાન જોઈએ; તે મંગાવે પછી પોતાને ઘેર જમીનમાં હાથશાળ નાખીને; વણવાનું કામ અમુક વેપારીને ત્યાંથી લઈ આવે; તે કામ વણીને તે વેપારીને પાછું આપી દે. વણનારને વણવાની મજૂરી મળે, આ પ્રમાણે હજારો કુટુંબો કાપડ વણવાનો ઉદ્યોગ કરે. તેમાં ઘરનાં તમામ માણસો–સ્ત્રી, પુરુષો, બાળકો–ઉદ્યમે વળગતાં, પટેલ અને મુસલમાન જ્ઞાતિના માણસો આ ઉદ્યોગ ઉપર વધારે પડતા છે.

મોટા વેપારીઓ વણીને આવેલી સાડીઓ ઉપર અમુક રકમ ધર્માદાની ચડાવતા; અને તે રકમ

એકત્ર કરી ખંભાતની પ્રજાના કલ્યાણ માટે વાપરવા વિચારતા; આવું એક મંડળ કે જે કાયદાથી બંધાયા વિના ચાલતું. તેની સ્થાપનાનું વર્ષ મળી શક્યું નથી; પરંતુ લગભગ ઈ. સ. ૧૯૦૦ના અરસામાં સ્થપાયું હોય એમ લાગે છે. આ મંડળ તરફથી ગરીબોને અનાજ આપવામાં આવતું; વિદ્યાર્થીઓને સ્કોલરશિપ તથા મદદ આપવામાં આવતી, ગયો, પંખીઓ, વગેરે માટે પાંજરાપોળ અને પરબડિયોમાં ઘાસદાણો મોકલવામાં આવતો, હરિજનોને તથા દુકાળના વખતમાં મદદ કરવી, આ પ્રમાણે અનેકવિધ ઉપકારક પ્રવૃત્તિઓ આ 'સાડીપંચ' ચલાવતું.

'સાડીપંચ સર્જીકલ વોર્ડ': આ પંચ તરફથી કાયમનું નામ રહી જાય તેવું મહત્ કાર્ય તો એ થયું કે લાલ દરવાજાની હોસ્પિતાલમાં પંચ તરફથી નેવું હજારને ખર્ચે એક હોલ બંધાવી આપવામાં આવ્યો. જેની ઉદ્ઘાટનવિધિ તા. ૯–૬–૬૩ના રોજ ગુજરાતરાજ્યના પંતપ્રધાને કરી હતી.

આ સાડીપંચનું અસ્તિત્વ અને બંધારણીય કાંઈ નથી એમ તપાસ કરતાં માલૂમ પડયું છે. ખંભાતમાં ૧૬૦૦થી ૨૦૦૦ હાથશાળો છે અને આશરે ૩૦૦૦ માણસો કામ કરે છે.

રંગવાનાં કારખાનાં

૧ રસિક ડાઈંગ એન્ડ પ્રોસેસ વર્કસ, ઠે. પીઠનો સુતારવાડો ભદ્રિકલાલ સુંદરલાલ

૨ કૌશિક ઈન્ડસ્ટ્રીઝ ઠે. પરામાં નવી ખડકી, ભદ્રિકલાલ શાંતિલાલ પટેલ

૩ ચૂનીલાલ રણછોડલાલ ઠે. પીઠ બજાર, મફતલાલ ચૂનીલાલ

## મોટા વેપારીઓ :

| | | |
|---|---|---|
| ૧ મોરારદાસ પીતાંબરદાસ | | — શ્રી વસંતલાલ લલ્લુભાઈ |
| ૨ શ્રી એશિયા ટેક્ષટાઈલ | | ,, નટવરલાલ શંકરલાલ |
| ૩ " નારાયણ ટેક્ષટાઈલ | | ,, બાલુભાઈ બેચરદાસ |
| ૪ " પ્રકાશ ટેક્ષટાઈલ | | ,, ઉજમબહેન લાલભાઈ |
| ૫ " ગણેશ ટેક્ષટાઈલ | | ,, લલિતાબહેન રણછોડદાસ |
| ૬ " અજય વીવિંગ ફેકટરી | | ,, નટવરલાલ મોહનલાલ |
| ૭ " ભૂપેન્દ્ર ટેક્ષટાઈલ | અકબરપુર | ,, અંબાલાલ માણેકલાલ |
| ૮ " ગોવિન્દ ટેક્ષટાઈલ | વાઘડિયાવાડ | ,, બાબુભાઈ પ્રાણજીવન |
| ૯ " કમળા ઇન્ડસ્ટ્રીઝ | પીઠ–પ્રણામી મંદિર | ,, ઇન્દુબહેન ચંપકલાલ |
| ૧૦ રાજેન્દ્ર ટ્રેડિંગ કોર્પોરેશન | કડપાપોળ | ,, રતિલાલ ત્રિકમલાલ |
| ૧૧ કેશવલાલ વજેચંદ એન્ડ સન્સ | કુમાર ફળિયું | ,, બાપુલાલ ચૂનીલાલ પટેલ |
| ૧૨ ધી કેમ્બે સ્ટેઈલ પાવરલૂમ્સ એસોસિયેશન | પીઠ બજાર | |
| ૧૩ કેશવલાલ વજેચંદ એન્ડ સન્સ | પાવરહાઉસ | |
| ૧૪ પરેશ ટેક્ષટાઈલ મેન્યુ. ફેકટરી | પાવરહાઉસ | ,, શનિલાલ ઉમેદચંદ |

| | | |
|---|---|---|
| ૧૫ સમનીશ ટેક્ષટાઈલ | સંઘવીની પોળ | શ્રી જ્યોત્સ્નાબહેન કીર્તિકુમાર |
| ૧૬ પ્રશાંત ટેક્સટાઈલ | ભેંસતવાડો | ,, મોહનલાલ માણેકલાલ |
| ૧૭ અનીલ ટેક્ષટાઈલ | ભેંસતવાડો | ,, નટવરલાલ માણેકલાલ |
| ૧૮ શ્રીકૃષ્ણ ટેક્ષટાઈલ | વાઘરીયાવાડ | ,, ચંદુલાલ મોરલીધર |
| ૧૯ મહેન્દ્ર ટેક્ષટાઈલ | વાઘરિયાવાડ | ,, અનિલકુમાર ચંદુભાઈ |
| ૨૦ જય બજરંગ ટેક્ષટાઈલ | વડફળિયું | " ફકીરચંદ છોટાલાલ |
| ૨૧ ચંદુલાલ મંગળદાસ ભાવસાર એન્ડ કું. | ઠે. પીરજપુર | " જસોદાબહેન મંગળદાસ |
| ૨૨ કુસુમ ઈન્ડસ્ટ્રીઝ | એઠક રોડ | " કુમુદચંદ |
| ૨૩ ભદ્રીકલાલ મણિલાલ એન્ડ કું. | મકતુવાડો | " ભદ્રિકલાલ પ્રાણજીવનદાસ પટેલ |
| ૨૪ શ્રી નીજાનંદ વીવિંગ મિલ્સ | ઓફિસ પીઠપ્રણામી મંદિર પાસે | |
| ૨૫ " સ્વસ્તિક ટેક્ષટાઈલ | એઠક રોડ | શ્રી ધર્મિષ્ઠાબહેન ચંદુલાલ |
| ૨૬ સર્વોદય ટેક્ષટાઈલ | ઓફિસ પીઠપ્રણામી મંદિર | " ચંદુલાલ હરિલાલ |
| ૨૭ છત્રસાલ ટેક્ષટાઈલ | ઓફિસ પીઠપ્રણામીનું મંદિર | " શાંતિલાલ હરિલાલ |
| ૨૮ નિરંજન ટેક્ષટાઈલ | પીઠ બજાર | " નર્મદાબહેન શાંતિલાલ |
| ૨૯ એડવાન્સ વીવિંગ મિલ | એઠક રોડ | " નિર્મળાબહેન |
| ૩૦ મહેન્દ્ર વીવિંગ મિલ | એઠક રોડ | " નર્મદાબહેન ચંદુલાલ |
| ૩૧ શ્રી રસિકલાલ નગીનદાસ | કોઠી પાડો | |

## પ્રકરણ ૬૫મું

# તેલક્ષેત્ર ખંભાત

### તેલ–ગેસનું કાળું સોનું

'લુણેજ નૂતન રાષ્ટ્રતીર્થ, વળી કેંક થશે નવનવલાં;
જગતતીર્થ આશ્રમ સાબરતટ, ઠારે દુનિયા દવલાં.'

ઉમાશંકર જોષી

'ખંભાત એ ગુજરાતનાં તેલક્ષેત્રાનું જનક છે'

શ્રી કે. ડી. માલવિયા

### તેલક્ષેત્ર–ખંભાત

ભારત ખેતીપ્રધાન દેશ છે; એટલે તો તે ખેતી કરે એટલે બસ છે. ઔદ્યોગિક ક્ષેત્રે તે પ્રગતિ કરે તે અંગ્રેજોને ગમતું ન હતું. ભારતમાં તેલ મળી આવે તો ઉદ્યોગની દૃષ્ટિએ પોતાના (અંગ્રેજોના) તેલઉદ્યોગના ધંધાને હાનિ પહોંચે તેવી તેને ભીતિ હતી. એટલે ભારતમાં તેલઉદ્યોગ માટે જરા પણ ખોજ કરી નહિ.

ગુજરાતમાં થયેલા પ્રયત્ન : ૧૯૧૦

ઘોઘામાં સને ૧૯૧૦માં પાણી માટે એક પાતાળકૂવો ખોદવામાં આવ્યો હતો. તેની વિગતો મળી નથી; પણ થોડું ખોદકામ થયા પછી તેને પડતો મૂકવામાં આવ્યો. એ પ્રમાણે સને ૧૯૧૨-૧૯૧૫, કૂવા ખોદવામાં આવ્યા હતા. છેલ્લા કૂવાના ખોદકામ વખતે તો ગેસ અને રેતીયુક્ત થર મળી આવ્યો હતો; આ પ્રમાણે સૌરાષ્ટ્રમાં ને વડોદરામાં પણ પ્રયત્ન થયેલા. કલકત્તાના જીયોલોજીકલ સર્વે ઑફ ઈન્ડિયાના મુખ્ય મથકેથી તપાસ કરવાને કેપ્ટન પામર નામના એક અમલદારને વડોદરા મોકલ્યા હતા. તેણે જણાવ્યું કે 'જગતીયા નજીક વડોદરા રાજ્યની વતી તતા ઈન્જીનીઅરિંગ કંપનીના સાત કૂવા ખોદ્યા હતા. આમાંના ચાર કૂવામાંથી બળી શકે તેવો કુદરતી ગેસ મળી આવ્યો હતો. જેનું દબાણ શૂન્યથી માંડી દર ચોરસઈંચના ૧૨.૫ પાઉન્ડ જેટલું હોવાનું માલૂમ પડયું હતું. તેવો તેણે અભિપ્રાય દર્શાવ્યો હતો.'[૧]

ગુજરાતમાં તેલસમૃદ્ધિનો નિર્દેશ આપનાર સ્વ. ડી. એન. વાડિયા.

ખાનગી તપાસ : સને ૧૯૪૮–૪૯

ખંભાતના દરિયાકાંઠાથી ઘોઘા સુધીના પ્રદેશમાં ઘાસતેલના કૂવા નીકળે તેમ છે, તથા કચ્છના અખાતને કિનારે પણ ઘાસતેલ નીકળવા પૂરેપૂરો સંભવ છે એવો જીઓલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાખાતાના પ્રોફેસર ડી. એન. વાડિયાનો રિપોર્ટ યુનિયન ગવર્નમેન્ટે પ્રગટ કર્યો; આ ઉપરથી તેના નિરીક્ષણ માટે અને તેને માટે કેવાં પગલાં લેવાં તેની જાતીય તપાસ કરીને બર્મા શેલ કંપનીના એંન્જિનાયરોએ ખંભાત તાલુકાના પચેગામ પાસે પાનખાડી તથા ઘોઘાના પ્રદેશમાં કેરોસન નીકળી શકે તેની વ્યવસ્થા થઈ શકે તેમ છે એવો અભિપ્રાય દર્શાવ્યો.

સ્વ. પ્રો. ડી. એન. વાડિયા ગુજરાતી હતા. અને દુનિયાના પ્રથમ પંક્તિના ભૂસ્તરશાસ્ત્રી હતા. અમદાવાદમાં સને ૧૯૫૧માં ગુજરાત સંશોધન મંડળના પ્રમુખપદે હતા. અને 'ગુજરાત એ મોટી તેલભૂમિ બની શકે એવું મારું અભ્યાસ પછીનું અનુમાન છે.' તેમણે કહેલું છે.

ભૂસ્તરશાસ્ત્રીની જર્માંનતપાસ : સને ૧૯૫૩

ખંભાતની જમીનના તળમાં કેરોસિન, પેટ્રોલ કે બીજાં ખનિજ છે કે કેમ એની સૂક્ષ્મ તપાસ કરવા માટે મધ્યસ્થ સરકાર તરફથી ભૂસ્તરશાસ્ત્રી યંત્રસામગ્રી અને સર્વેનાં સાધનો લઈને ખંભાત આવ્યા.

૧૯૫૫ : ખંભાત તાલુકામાં તેલ-પેટ્રોલિયમ નીકળી શકે તેવી શકયતા છે એવી ખબર ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ નેચરલ રસોર્સેઝ ઍન્ડ સાયન્ટીફિક રિસર્ચઝ ડિપાર્ટમેન્ટે આપેલી તે મુજબ ખંભાતની પશ્ચિમ બાજુએ ખનિજતેલ નીકળવાની શકયતા નક્કી થઈ. અને તે અંગે વધુ સંશોધન કરવા તા. ૩૦મી નવેમ્બર ૧૯૫૫ના રોજ હિન્દના જીઓલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાના સંખ્યાબંધ ભૂસ્તરશાસ્ત્રીઓ સર્વેયરો પોતાનાં સાધનો સાથે તથા બોર કરવાનાં મશીનો સાથે લગભગ છ જેટલી મોટરો લઈ ખંભાત આવ્યા; અને ખંભાત ખાતે મેગ્નેટિક રીતે અને ગ્રેવીટી રીતથી સર્વે કરી, ત્રીજી સર્વે કરવાનું શરૂ કર્યું હતું. આ વિભાગમાં તેલ નીકળવાની સંપૂર્ણ શકયતા માલૂમ પડી. વળી આ માટે રશિયન નિષ્ણાતો પણ ખંભાત આવનાર હતા. તે વખતે તેમને આશાસ્પદ જણાતાં તેઓએ ઉચ્ચાર્યું હતું કે 'ખંભાતમાં તેલના કૂવાઓ નીકળે તો ભાવી મહાગુજરાત સમૃદ્ધ અને આબાદ થશે એમાં શંકા નથી.'

૧. 'વ્યાપાર' વિ. સં. ૨૦૧૪ ભૂતરશાસ્ત્રીનો લેખ પૃ. ૪૧

૧૯૫૬ : ભારત સરકારે દેશના તેલના જથાના વિકાસમાં રસ લઈ; 'ભૂસ્તર તપાસ ખાતા'ના વિભાગ તરીકે 'પેટ્રોલિયમ–ભૂરચના' વિભાગની રચના કરી; પાછળથી 'ઑઈલ ઍન્ડ નેચરલ ગૅસ ડિરેક્ટરેટ'ની સ્થાપના કરી. અમેરિકન, રશિયન તથા પશ્ચિમ જર્મનીના નિષ્ણાતો આવ્યા અને તેમણે તપાસ કરી અહેવાલ આપ્યો.

સોવિયત સંઘના ભૂસ્તરશાસ્ત્રી
નિકોલાઈનો અહેવાલ :

નિકોલાઈ કાલીનીન : આ સોવિયેત સંઘના જાણીતા ભૂસ્તરશાસ્ત્રી છે. ભારત સરકારે ભારતમાં ભૂગર્ભ તેલની તપાસ કરવા માટે અને એ અંગે યોગ્ય સલાહ આપવા માટે સોવિયત નિષ્ણાતોને ભારતમાં બોલાવ્યા હતા. તેમાં નિકોલાઈ કાલીનીન પણ હતા. સોવિયત નિષ્ણાતોએ આપેલો અભિપ્રાય ઘણો જ ઉત્સાહજનક હતો. અને તેને આધારે ભારતમાં તેલસંશોધન અને ઉત્પાદનનો પંચવર્ષીય કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. મિ. નિકોલાઈ કાલીનીન કહે છે કે :

'સોવિયત અને ભારતીય નિષ્ણાતો પહેલા જ કૂવાઓમાંથી તેલ અથવા ગૅસ મેળવવા આતુર હતા. સાધારણ રીતે પહેલા પ્રયાસો ભાગ્યે જ સફળ થાય છે પરંતુ જ્વાળામુખીમાં ગૅસ મળી આવ્યો કે તરત જ ખંભાતમાં તેલ પણ મળી આવ્યું. માત્ર બે કૂવાઓ ગાળવાના હતા અને બંને સફળ થયા. તેલ અને ગૅસના થરો બરાબર નક્કી કરવાનું કામ સહેલું નથી. એ જોતાં આ ક્ષેત્રના નિષ્ણાતો તરીકે અમને અમારી ગણતરી સાચી પડેલી જોઈ ખૂબ આનંદ થયો હતો. જ્વાળામુખી અને ખંભાતમાં જે સુંદર પરિણામો આવ્યાં છે તે તેલના ભૂસ્તરવિજ્ઞાનની શક્તિની સાબિતીરૂપ છે. વળી આ પરિણામો ભારતમાં ભૂગર્ભ તેલના જથા ઘણા મોટા છે તેની ખાતરી કરાવે છે. ભારતમાં તેલ અને ગૅસનો ઉદ્યોગ વિકસાવવાની ખરેખરી શક્યતા છે એ વિશે શંકા લાવવાનું હવે કશું કારણ નથી.'


'ખંભાતના તેલક્ષેત્રનો જથો કેટલો છે તે અત્યારે કહેવું મુશ્કેલ અને કવેળાનું છે. પરંતુ વૈજ્ઞાનિક સાધનોદ્વારા તેલવાળા ભૂગર્ભપડોનું જે માપ કાઢવામાં આવ્યું છે તે પરથી લાગે છે કે ખંભાતમાં ત્રણ કરોડ ટનથી ઓછું તેલ નહિ હોય. આ અંદાજ સાચો પડે તો ખંભાતમાં વાર્ષિક પંદર લાખ ટન તેલ આપતું તેલક્ષેત્ર બનાવી શકાશે.'

'પરંતુ આ ભૂસ્તરસંશોધન માત્ર ખંભાત વિસ્તાર પૂરતું મર્યાદિત નથી. ખંભાતના અખાતના આખા કિનારા પર તેમ જ ખંભાતની આજુબાજુમાં પણ તેલ અને ગેસના સંખ્યાબંધ થરો મળી આવવાનો સંભવ છે. અત્યારે ખંભાતમાં જે જગ્યાએથી તેલ મળ્યું છે તે થરની પૂરી મોજણી કરીને તાત્કાલિક તેલક્ષેત્ર ઊભું કરવાનું અને તેલ કાઢવાનું શરૂ કરવું જોઈએ, સાથોસાથ આ જિલ્લામાં બીજી જગ્યાએ તેલની વૈજ્ઞાનિક તપાસ પણ ચાલુ રાખવી જોઈએ.'

'જ્વાલામુખીની ભૂસ્તર વૈજ્ઞાનિક પરિસ્થિતિ ખંભાત કરતાં વધુ જટિલ છે. જ્વાલામુખીના ખડકનું બંધારણ ખંભાતના ખડક કરતાં નાનું નથી. એટલું જ નહિ પરંતુ તેમાં વધુ થરો હોવાનો પણ સંભવ છે.'

'ખંભાત અને પંજાબવિસ્તારો ઉપરાંત હાલમાં સોવિયત નિષ્ણાતોની મદદથી આસામના શિવસાગર વિસ્તારમાં પણ તેલના કૂવા ગાળવાનુ કામ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રદેશની ભૂસ્તરરચના સાનુકૂળ છે.'

'ભારત સરકારે બે વર્ષના ટૂંકા ગાળામાં જે કાર્ય કર્યું છે તેનાં સફળ વ્યવહારુ પરિણામો આવ્યાં છે અને તેથી ભૂસ્તરશાસ્ત્રીઓ; ભૂ—પદાર્થ



ખંભાત ખાતે પ્રથમ જ્યાં ડ્રીલિંગ શરૂ કરવામાં આવ્યું તે પોઈન્ટ સને ૧૯૫૭

વૈજ્ઞાનિકો, સારડીકામના ઈજનેરો, સંશોધકો અને હુન્નરી કારીગરોને તાલીમ આપી તૈયાર કરવાનું કામ તેમ જ આ ઉદ્યોગનો જરૂરી આર્થિક અને ટેકૂનિકલ પાયો નાખવાનું કામ હાથમાં લેવાયું છે.'

ખંભાતમાં પ્રથમ સ્ટ્રકચરલ ડ્રીલિંગ સને ૧૯૫૮

ભારત સરકારે ખંભાત, આસામ અને ઉત્તર-પ્રદેશમાં ભૂસ્તરીય તપાસ કરવાનું કામ વિચારી લીધા પછી, ખંભાત ખાતે 'ગ્રેવીટી' ટુકડી ૨૦૦૦ જેટલાં 'ગ્રેવીટી મેગ્નેટિક' મથકોની તપાસ કરી અને દરેક 'સીસ્મીક' ટુકડી, ૩૫૦ 'સીસ્મીક પ્રોફાઈલ' અંગે ઝાણવટભર્યું નિરીક્ષણ કરી ૧૦૦થી ૨૦૦ ચો.મા.ના વિસ્તારમાં તપાસ કરી નકશા વગેરે તૈયાર કર્યું. આ અંગે રશિયા ખાતેથી ભારત આવેલાં ત્રણ મશીનો (શારડા) પૈકી એક ખંભાત મોકલવામાં આવ્યું અને તે મશીનો સાથે તેના ગોઠવનારા પણ હતા. એક મશીનનું વજન ૨૮ ટન જેટલું હતું. આ માટે સ્ટેશનથી, લાલ બાગ અને લૂણેજ સુધીનો પાકો રસ્તો બાંધવો પડચો. આ માટે લૂણેજ અને પાલડી વચ્ચે પીન-પોઇંટ નક્કી કરવામાં આવ્યું: અને મોટાં મશીનો ત્યાં લઈ જવામાં આવ્યાં અને સિમેન્ટથી મજબૂત રીતે બેસાડી બધી ગોઠવણો થઈ.

પ્રારંભ :

'ડ્રીલિંગનું કામ વિ. સં. ૨૦૧૪ના શ્રાવણ સુદ ૮ તા. ૨૩–૭–૫૮ની મધ્યરાત્રિથી શરૂ થઈ ગયું અને રાતદિવસ પૂર ઝડપે ચાલી રહ્યું; અને શાર-ડીનું કામ ઘણી જ ઝડપે ચાલી રહ્યું. લૂણેજની આજુબાજુનો ભાગ ખૂબ વસ્તીવાળો બની ગયો.

૫૩૬૮ ફૂટની ઊંડાઈએ સારડી જતાં તેલના ફુવારા ઊડવા લાગ્યા. તેલક્ષેત્રમાં પહેલી વાર ખોદતાં – એટલે કે પહેલા કૂવામાંથી અને થોડી ઊંડાઈએ તેલ નીકળ્યું; એ તો ઘણી જ વિસ્મયકારક સ્થિતિ હતી. કારણકે અન્ય સ્થળોએ હજાર ફૂટ ઉપરાંત ખોદતાં તેલ નીકળે કે ન પણ નીકળે. મહેનત અને ખર્ચ બધું વ્યર્થ જાય છે, અને આ લૂણેજના ક્ષેત્રમાં પહેલા પ્રયત્નથી પહેલા કુવામાંથી થોડી ઊંડાઈએ તેલ નીકળ્યું એ તો પરમ ભાગ્યની નિશાનીરૂપ ગણવામાં આવ્યું.

કાર્યકરો નાચી ઊઠ્યા :

તા. ૧૨-૯-૫૮ના રોજ તેલના ફુવારા ઊડયા પછી આ ક્ષેત્ર ઉપર કાર્ય કરનારા નાનામોટા તમામ કાર્યકરો, અધિકારીઓ, રશિયનો વગેરે ખૂબ જ આનંદમાં આવી ગયા; તેમના આનંદનો પાર ન રહ્યો. વાયુવેગે સમાચાર પ્રસરી ગયા, અને ભુલાઈ ગયેલું ખંભાત દુનિયાના દરેક વર્તમાનપત્રના પાના ઉપર સુવર્ણ અક્ષરે ઝળકી ઊઠયું.

ખંભાતમાં તેલ નીકળ્યું.

પાર્લામેન્ટ ( દિલ્હીની ) શ્રી કેશવદેવ માલવિયાની જાહેરાત : તા ૧૨ ૯ ૫૮



તેલ ખાતાના પ્રધાન શ્રી કે. ડી. માલવિયા

ન્યૂ દિલ્હીમાં તા ૧૨–૯–૫૮ના રોજ બપોરના એક વાગ્યે નેચરલ ઓઈલ એન્ડ ગેસ કમિશનના અધ્યક્ષ અને ખાણો ખાતાના પ્રધાન શ્રી કેશવદેવ માલવિયાએ તાલીઓના ભારે હર્ષનાદો વચ્ચે તેલ નીકળ્યાની જાહેરાત પાર્લામેંટમાં કરી હતી[1]

[1] ન. સેં. ૧૨–૯–૫૮ના સં. ૨૦૧૪ના દ્વિ. શ્રાવણ કૃષ્ણ ૧૪ શુક્રવાર

( વિ. સં ૨૦૧૪ના દ્વિ. શ્રાવણ વદ ૧૪ )

૫૭૦૦ ફૂટ નીચે ઊતરેલી ડ્રીલિંગ સારડીથી ત્યાંના કામ કરનારા મુખ્ય એલેન્જીકોનોવની ઓફિસમાં ભારતીય અને રશિયન ડ્રીલરો તથા ઓઈલ એકસપર્ટોની બંધ બારણે કે કોન્ફરન્સ ભરી હતી; એટલે તે સમાચાર તેમણે દિલ્હી મોકલ્યા હતા અને પ્રધાને તેને જાહેર કર્યા હતા

એક શુભ શુકન :

ખંભાતમાં પ્રારંભમાં જેટલા કૂવા ખોદવામાં આવ્યા તે સઘળામાંથી તેલ નીકળ્યું હતું, એકે કૂવો ખાલી ગયો ન હતો; ખાલી જવાથી લાખો રૂપિયાનું નુકસાન થાય છે. આ એક મહાન શુકન ગણાય છે



જેમના ખેતરમાંથી પ્રથમ ભૂગર્ભ તેલ નીકળ્યું તે શ્રી નારણદાસ મુખી લુણેજ


લૂણેજમાં જેની ધરતીમાંથી પ્રથમ તેલના ફુવારા ઉડયા તે

ધનબા અને નારણ મુખી

દુનિયાભરના દેશો માટે આ નવીન સમાચાર હતા. લૂણેજમાંથી તેલ મળતાં કયા ભારતીને આનંદથી હૈયાં ઊભરાતાં નહિ હોય ! કયા ભારતીની છાતી ગજગજ નહિ ફૂલતી હોય !

ખંભાત નજીક લૂણેજ ગામે જેના ખેતરમાંથી પ્રથમ તેલ નીકળ્યું તે ખેતર મુસ્લીમ વિધવા બાઈ ધનબાનું હતું; તથા લૂણેજના મુખી શ્રી નારાયણભાઈનું હતું 'ધરતી ફાડીને ભગવાન નીકળ્યા' એવી જ રીતે ધરતી ફાડીને તેલ નીકળ્યું એટલે બધો હર્ષ અને આનંદ થયો હતો.

ખંભાતના મુસ્લીમ જનાબ ખાલીદભાઈ અમીરભાઈની વિધવા પત્ની ધનબા લૂણેજ ગામના માજી મુખી નારણભાઈ પોચાભાઈ પટેલની છે નારણભાઈએ પોતે ખબરપત્રીને આપેલા સમાચાર આ પ્રમાણે છે. 'આજથી દોઢ (૧૮મી સપ્ટે ૧૯૫૮) બે વર્ષ પહેલાં શ્રી દેશપાંડે અને રશિયાના સાહેબો આવ્યા અને મને રાતોરાત મોટરમાં ખંભાત લઈ ગયા. તેમણે કહ્યું મને ૫૦ થી ૬૦ માણસો મજૂરીએ લાવી આપો, મારે કામ છે અને તમારું ખેતર ભાડે લઈ તેમાં કામ કરવું છે. તમને બધા પૈસા મળશે ત્યારે મેં કહ્યું. અત્યારે ઘઉંની સીઝન ચાલે છે. ત્રીસેક માણસ લાવી દઉં, તમારે ખેતરમાં જે કામ કરવું હોય તે કરો. પછી તે ૩૦ થી ૪૦ માણસો પાવડા કોદાળી અને હુંડલા સાથે લાવી દીધા અને ધમધોકાર કામ શરૂ કરાયું. મને આ મજૂરોનો દેશ પંડિતે આગેવાન બનાવ્યો. એમ તેમને ખેતરમાં જેટલું ખોદવું હતું તેટલું બધું ખોદી આપ્યું. અને ચણી આપ્યું. આ બધું કામ પાંચછ મહિનામાં ચાલ્યું હશે. રશિયાના સાહેબો પણ દેશપંડિત સાથે ખેતર પર વારંવાર આવતા હતા અને પછી બધાં મશીન ગોઠવાયાં એટલે અમને રજા મળી.



ખનીજ તેલ કાઢવાનો પ્રચંડકાય શારડો

આ તેલ નીકળ્યાની વાત નારણભાઈ મુખીના જાણવામાં આવી ત્યારે તેના હરખનો પાર ન રહ્યો. તે પોતાની ધરતી માટે કહેવા લાગ્યો. 'કેમ હરખ ન થાય! અમારી જમીન પણ એવી છે. જુઓ તાણે ખબર પડે, બીજી જમીન કરતાં મારી જમીનમાં અત્યારે કેવી બાજરી પાકી છે? રશિયનો તેને ઘેર જતા અને આનંદથી વાતો કરતા.

ધનબા કે જેનો ધણી ખાલીદભાઈ અમીરભાઈ તા ૨૦-૧-૫૭ના રોજ ખંભાતથી બોરસદ જતી એ.સ.ટી મોટર અને એન્જીન વચ્ચે અકસ્માત શકરપુર આગળ ગરનાળા ઉપર થયો હતો, તેમાં તે મરણ પામ્યો હતો. તેણે પોતાના ખેતરમાં ડીલીંગ કરવા દીધું હતું પરંતુ તેલ નીકળ્યું તે પહેલાં તે અકસ્માતમાં મરણ પામ્યો હતો. તેનો મોટો પુત્ર અને તેની વિધવા ધનબાને પોતાના ખેતરમાંથી તેલ નીકળ્યાના સમાચાર મળ્યા ત્યારે તેણે કહ્યું. 'ખુદાની મહેરબાની' એમ કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

દેશની સમૃદ્ધિનો પ્રારંભ :

સને ૧૯૫૮ના સપ્ટેમ્બરમાં ખંભાત નજીકના 'લુણેજ પાલડી પીનપોઈન્ટ'માંથી તેલ નીકળ્યું : તેની મહત્તા ગુજરાતની દષ્ટિએ ઘણી જ છે. અને રાષ્ટ્રની દષ્ટિએ અનેક ગણી મહત્તા છે. દેશની આર્થિક સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ કરવાના આ નૂતન પ્રયાસના પ્રારંભનું કુંકુંમ અંકિત થવાનું ખંભાતના સદ્‌ભાગ્યમાં લખ્યું હશે.

રશિયન વરિષ્ઠ પ્રતિનિધિમંડળે લુણેજની લીધેલી મુલાકાત[1] તા. ૧૧-૩-૫૯

ભારતના રાષ્ટ્રપતિના નિમંત્રણથી રશિયાની સુપ્રીમ પ્રીસીડીયમના નેતા તથા સોવિયેટ સંઘના પરદેશખાતાની કેન્દ્રાય સમિતિના પ્રમુખ તથા પ્રધાનમંડળના પ્રથમ ઉપાધ્યક્ષ, પરદેશખાતાના અગ્નિએશિયાના વડાઈ તથા બીજા મળી લગભગ ૪૦ વરિષ્ઠ રશિયન આગેવાનોનું મંડળ લુણેજ તા. ૧૧-૩-૫૯ના રોજ આવી પહોંચ્યું હતું. તેને તેલખાતાના પ્રધાન, તથા લુણેજખાતેના વરિષ્ઠ અધિકારીઓએ તથા શહેરના નાગરિકોએ તેમનું ઘણું જ સ્વાગત કર્યું હતું, તેઓએ તેલનો કૂવો જોયો હતો. તેઓના મુખ્ય વકતાએ જણાવ્યું હતું કે 'અહીં કામ કરતા અમારા એન્જિનીયરો દ્વારા અમે એ જાણીને આનંદ પામ્યા કે ભારત પાંચદસ વર્ષમાં જ તેલક્ષેત્રે ઘણી જ સારી પ્રગતિ કરશે અને તમારે તેલને માટે બીજા દેશો પર આધાર રાખવો નહિ પડે.'

લુણેજ–રશિયન અને ભારતીય જનતાનું મૈત્રીનું પ્રતીક

ઉપરના વક્તાઓએ કહ્યું કે 'લુણેજનું આ તેલક્ષેત્ર સોવિયત સંઘ ને ભારતીય જનતાની મૈત્રીનું પ્રતીક બનો અને અમારી અને ભારતીય શાંતિ-ચાહક મહાન પ્રજાની મિત્રતાને આગળ વધારો જયહિન્દ!'

ખંભાતમાં રુમાનિયન ઈ. સ. ૧૯૫૯

ખંભાત નજીક લુણેજથી તેલ નીકળતાં પશ્ચિમ ભારતના ઔદ્યોગિક વિકાસ પર ભારે અસર થઈ, નવીન આશાઓનો સંચાર થયો. વિશ્વની તુલનાએ ભારતમાં તેલપ્રાપ્તિના સંયોગો કેવા છે; આપણે ત્યાં તેલની બનાવટોનો વપરાશ કેવો છે, વધતા જતા વપરાશને પહોંચી વળવાના સંયોગો કેવા છે વગેરે અનેક આનુષંગિક પાસાંઓની સવિસ્તર સમાલોચના નિષ્ણાતો કરવા લાગ્યા, અને તે માટે વધુ ને વધુ તેલના કૂવાઓનું કામ ચાલવા લાગ્યું; આ માટે ખંભાતના પીનપોઈંટો ઉપર કામ કરવા ૧૨ રૂમાનિયન તેલ નિષ્ણાતો

૧. નવસંસ્કાર તા. ૧૩-૩-૫૯ પૃ. ૮

તા. ૨૫-૧૧-૫૯ના રોજ ખંભાત આવી હતી, અને તેઓએ ડ્રિલિંગનું કામ શરૂ કર્યું હતું.

સરકારે ધીમે ધીમે આ ખાતાનો ખૂબ વિસ્તાર કર્યો; અને લાખો રૂ.નું વાર્ષિક હૂંડિયામણ બચે, અને દેશમાં આર્થિક ઉત્પાદન વધે તેનાં પગલાં ભર્યાં.

કૉલોની—

ખંભાતમાં સને ૧૯૫૮થી તેલ નીકળ્યા પછી ભારતીય ટેકનીશિયનો આવીને રહે તથા અન્ય કામદારોના ઉપયોગ માટે સ્ટેશન નજીક ૧૦૦ એકર જમીનમાં લાખોના ખર્ચે કૉલોની બાંધવાની યોજના કમિશને વિચારી; અને તે બંધાઈ ગયું. આ વિશે જુદા પ્રકરણમાં નોંધ છે.

શ્રી યશવંતરાવ ચવ્વાણ–ખંભાતની મુલાકાતે

ઈ. સ. ૧૯૫૮

મુંબઈ રાજ્યના પંતપ્રધાન તરીકે સને ૧૯૫૭માં હતા. તે સમયે તેઓશ્રી ખંભાતના લુણેજ તેલક્ષેત્રની મુલાકાતે તા. ૩-૧૨-૫૮ના રોજ આવ્યા હતા. તેઓએ ડ્રીલસાઈડ પરની લેબોરેટરી, મશીનરી તથા શારડીઓ વગેરેનું રસપૂર્ણ નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ ખંભાતના અગ્રગણ્ય નાગરિકો સાથેનો વાર્તાલાપ ગોઠવ્યો હતો; આ માટે બેઠક રોડ ઉપરની નવી હાઈસ્કૂલના મકાનમાં બેઠક રાખવામાં આવી હતી. ત્યાં શહેરની સંસ્થાઓએ તેમનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. તેમણે કહ્યું હતું :

'ખંભાતના લુણેજ તેલક્ષેત્રે સમગ્ર ભારતનું ધ્યાન ખેંચ્યું છે અહીં જે કારવાઈ ચાલી રહી છે તેથી ગુજરાત તો શું પણ આખા ભારતનો નકશો પલટાઈ જશે. છેલ્લા કેટલાય વખતથી અહીં આવવા મારું દિલ ચાહતું હતું. આજે અહીંના તેલક્ષેત્રની કારવાઈ મને ખેંચી લાવી છે. અહીં આવ્યા પછી કલાક બે કલાક લુણેજ ડ્રીલસાઈડ પર હું ફર્યો. એકસપર્ટોએ અહીંની પરિસ્થિતિ મને સમજાવી અને ભવિષ્યની ઉજ્જવળ આશા મને બંધાઈ છે. અહીં હિન્દુસ્તાનના યુવાન એન્જિનીયરોને આ યશસ્વી કામ કરતા જોઉં છું તેથી મને અભિમાન અને ગૌરવ પેદા થાય છે.'

ત્યાર બાદ નવાબસાહેબના મહેલમાં ભોજન લઈ બપોરની મોટરમાં મહીકેનાલ તરફ ગયા હતા.

ભારત સરકારના નાયબ પ્રધાન શ્રી ચંદા ઈ. સ. ૧૯૬૦

અનીલકુમાર કે. ચંદા.

ભારત સરકારના પુરવઠા અને પુનર્વસવાટખાતાના નાયબ પ્રધાન શ્રી એ. કે. ચંદા તા. ૨૭–૩–૬૦ ખંભાત પધાર્યા હતા તેમને વેપારી મહામંડળે સન્માનપત્ર આપ્યું હતું. તેના જવાબમાં તેમણે કહ્યું કે, 'ખંભાતમાં તેલ નીકળ્યું છે તેથી ખંભાત માટે તેના ભૂતકાળ કરતાં પણ ભવિષ્ય ઉજ્જવળ બનશે આજના યુગમાં તેલ ખૂબ જ જરૂરી સાધન છે અને વિકાસનાં કાર્યોમાં તેની અગત્ય ઘણી છે. હિન્દ તેલયુગમાં આગળ વધી રહ્યું છે.[1]

રશિયન ડ્રીલિંગ એન્જિનિયર શ્રી એલિએન-ચીકોવ ૧૯૬૦

ખંભાતના તેલવિસ્તારમાં લુણેજમાં પ્રથમ કૂવામાંથી તેમના પ્રયત્નથી તેલ નીકળ્યું હતું. તેમના હાથ નીચે રશિયન, રૂમાનિયન અને હિન્દી ડ્રીલરોએ સારું કામ કર્યું હતું. મિ. એલેન-ચીકોવે બાકુ, કાસ્પીયન સમુદ્ર હોશિયારપુર, અને જ્વાળામુખી વગેરે ઠેકાણે કામ કર્યું છે; તેઓ એક અનુભવી અને શોધક હતા અને તેમનો જુદાં જુદાં ક્ષેત્રોનો અનુભવ અને સફળતાથી ખંભાતમાં તેઓએ સંપૂર્ણ સફળતા મેળવી. તેઓએ ખંભાતના ટે. નં. ૧–૨–૫–૬–૯–૧૧ વગેરે કૂવાઓ ઉપર કામ કર્યું

---

૧. નવસંસ્કાર ૩૧–૬–૬૦ પૃ. ૧૦

હતું. તેઓ રજા ઉપર જતા હતા (પોતાના વતન રશિયામાં) તેમને વિદાયમાન આપવાનો મેળાવડો ખંભાત વેપારીમહામંડળ તરફથી તા. ૧૩–૧૦–૬૦ રવિવારે રાખવામાં આવ્યો હતો. તેઓ ખંભાત વિષે બોલતાં કહે છે કે,

'ખંભાત તેની ભૂતકાળની જાહોજલાલી સાથે બંદર વિકસાવી શકશે.'

ભારતના વડાપ્રધાન શ્રી જવાહર નેહરુ ખંભાતના તેલક્ષેત્રની મુલાકાતે ઈ. સ. ૧૯૬૦

તારીખ ચોથી એપ્રિલ ૧૯૬૦ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ વડોદરા વિમાની-મથકે વિમાન દ્વારા આવી પછી ત્યાંથી મોટર દ્વારા ખંભાત પધારેલા જેનું સવિસ્તવર્ણન અન્ય સ્થળે આપ્યું છે. અહીંયાં તેલક્ષેત્રની હકીકત આપી છે.

ખંભાત પધાર્યા ત્યારે મધ્યાહ્‌ન થઈ ગયો હતો. તેઓ કંસારીથી લાલ બાગને રસ્તે સીધા તેલક્ષેત્ર પર ગયા હતા. ત્યાં રશિયન એન્જિનિયરો વગેરેએ તેમનું સ્વાગત કર્યું હતું. તેમણે એકેક તેલના કૂવા જોયા હતા. તેમણે માલાસોની કૂવાની પહેલી મુલાકાત લીધી હતી. આ કૂવાના ડ્રીલિંગ ટાવરને 'વિજય (ફતેહમંદ) નામ આપ્યું હતું. તેલના અધિકારીઓએ તેઓને તેલના નમૂનાની બાટલી ભેટ આપી હતી તથા કમિશનના મેમ્બર ટી. ઘોષે તેલ કૂવાના યંત્રની ચાંદીની પ્રતિકૃતિ ભેટ આપી હતી. તેલના કૂવા, લેબોરેટરી, તેલનું તળાવ વગેરે સઘળું ઘણું રસપૂર્વક અને આનંદથી જોયું હતું. એક સ્થળે તો તેમના કપડાં પર તેલના છાંટા પડયા હતા. અપૂર્વ ઉત્સાહથી તેમણે આ બધું નિહાળ્યું હતું.

તેમણે બપોરે મળેલી સભામાં ભાષણ આપ્યું હતું કે કોઈ પણ દેશ પરિશ્રમ વિના આગળ વધી શકે નહિ. ચીન, રશિયા, જાપાન, અમેરિકાના લોકોએ પ્રગતિ કરી છે. કેમકે તેમણે સખત પરિશ્રમ કર્યો છે. આજે આપણે નવો વળાંક લઈ રહ્યા છીએ નવી દુનિયામાં જઈ રહ્યા છીએ. આ દુનિયામાં જઈ રહ્યા છીએ આ દુનિયા વિજ્ઞાનની છે. મશીનરીએ સર્જેલ ક્રાંતિની છે. ખનીજ તેલ અને કોલસા ભલે દેખાવમાં સારા ન હોય પણ આજની દુનિયામાં સોનાચાંદી કરતાંય વધારે કિંમતી છે. આજે આપણો દેશ ઔદ્યોગિકક્રાંતિમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ખંભાતમાંથી મળેલા તેલને રાષ્ટ્રભરમાં લોકોએ આશાપૂર્વક વધાવી લીધું છે.[૧]

વળી રાજકુમાર કૉલેજ રાજકોટના મેદાનમાં જાહેર પ્રવચન કરતાં વડાપ્રધાન નેહરુએ ગુજરાતી પ્રજાને 'તેલ મુબારક' પાઠવ્યા હતા.

'ખંભાતનું લૂણેજ તેલક્ષેત્ર અત્યારે દુનિયા-ભરમાં પ્રસિદ્ધ થઈ ગયું છે. આનો પ્રથમ ફાયદો તો ખંભાત અને ગુજરાતને જ મળશે અને ત્યાર બાદ ભારતને મળવાનો છે. એટલે હું ગુજરાત રાજ્યની પ્રજાને 'તેલ મુબારક' પાઠવું છું.[૨]

જર્મન ભુસ્તરશાસ્ત્રીય સંસ્થાના પ્રમુખ. ડૉ. બેન્ડઝનું ખંભાતમાં તેલક્ષેત્રની મુલાકાત ૧૯૬૧

જર્મનીના મુખ્ય શહેર હેનાવરથી વિમાનદ્વારા તેઓ અમદાવાદ આવ્યા હતા. ને ત્યાંથી તેઓ ખંભાત આવ્યા હતા. તેઓ જર્મનીના ખ્યાતનામ જીઓલોજીસ્ટ અને જર્મનીની વિશ્વવિખ્યાત સંસ્થા બુડેસેન્સટોલ્ટ ફેર બોડેન ફારસીંગના પ્રમુખ. તેઓએ તા. ૧૯–૨–૬૧માં તેલક્ષેત્રની મુલાકાત લીધી. રૂમાનિયન અને ભારતીય તેલ

૧ નવસંસ્કાર તા. ૭–૪–૧૯૬૦ પૃ. ૧
૨ નવસંસ્કાર ૭–૪–૬૦ પૃ. ૬૩

નિષ્ણાતો સાથે વાતચીત કરી હતી. તેઓએ કેટલીક મંત્રણાઓ કરી હતી. તેમણે ખંભાત વિશે કહ્યું કે :

'ખંભાત વિસ્તારને તેલસમૃદ્ધ પ્રદેશ કહું તેના કરતાં ભારતનું અત્યંત મહત્ત્વનું તેલક્ષેત્ર અને ગેસસ્થાન છે એમ કહું તો તે ઘણું યોગ્ય લેખાશે.'

મોટા જગતના પુરુષોનું આગમન :

રશિયાના નાયબ વડાપ્રધાન મી. કોઝલોવની ખંભાતની મુલાકાત તા. ૨૮–૧–૬૦

સોવિયેતસંઘના પ્રથમ નાયબ વડાપ્રધાન નામદાર એફ. આર. કોઝલોવ તથા સોવિયેત-સંઘના સાંસ્કૃતિક ખાતાના પ્રધાન મો. એન. એન. દાનિનોવ, રશિયન ટ્રેડ કાઉન્સીલર મિ. સરજીવ તથા બીજા સોળ જેટલા રશિયન રાજદ્વારી સહ-કર્મચારીઓ તા. ૨૮–૧–૬૦ના રોજ સવારે સાડાનવ વાગે ખંભાતના આંગણે પધાર્યા હતા. ચાર ઘોડાની ગાડીમાં સરઘસ આકારે તેમનું ખંભાતની પ્રજાએ તેમનું ઘણું જ હાર્દિક સ્વાગત કર્યું હતું. આ મંડળીએ લુણેજના તેલવિસ્તારની મુલાકાત લીધી હતી. બપોરના ના. નવાબ હુસેન-યાવરખાન સાહેબ તરફથી ભોજનસારંભ કર્યો હતો. બાદ મોટરદ્વારા વડોદરા થઈ મુંબઈ ગયા હતા.

લુણેજના પીનપોઈંટ ઉપર તેમણે રશિયન અને ભારતીય ટેકનીશીયોને સંબોધતાં જણાવ્યું હતું કે 'ખંભાતનો આ તેલવિસ્તાર ભારતના તેલ-ઉદ્યોગના નવા સીમાચિહ્નરૂપ છે. ખંભાતમાં ઔદ્યોગિક તેલ અને જ્વાળામુખીમાં કુદરતી ગેસ શોધી કાઢવામાં સફળતા મળી છે. રશિયન અને હિંદી તેલ સંશોધનનિષ્ણાતો અને ટેકનિશિયનોના સંયુક્ત સહકારથી આવાં યાદગાર પરિણામો આવ્યાં છે. તે જાણી સંશોધન પ્રજાને સંતોષ અને આનંદ થયો છે.'

વળી તેમણે જણાવ્યું હતું કે 'આવા ઉદ્યોગોમાં મૂડીવાદી દેશો તેમાંથી સારી કમાણી કરી લેવા ઈજારાપદ્ધતિનો માર્ગ લે છે. ભારતે આ માર્ગ નથી અપનાવ્યો અને જાહેરદ્વારા તેલઉદ્યોગનો પ્રશ્ન હાથ ધર્યો છે; અને ભારત જ્યાં સુધી આ નીતિ અપનાવવાનું ચાલુ રાખશે અને ઈજારા-પદ્ધતિ નહિ અપનાવે ત્યાં સુધી રશિયાનો સંપૂર્ણ સાથ અને સહકાર રહેશે. કારણ કે ભારત શાંતિ ઇચ્છે છે અને રશિયા પણ શાંતિ ઇચ્છે છે. આજે જે અમે ભારતને જે કાંઈ મદદ આપવા પ્રેરાયા છીએ તે ભારતની વિદેશનીતિને કારણે પ્રેરાયા છીએ. અમે પણ ભારતના જેવી સ્થિતિમાંથી પસાર થયા છીએ. ભારતીય પ્રજામાં ખુમારી છે. એટલે તે પણ રશિયન પ્રજાની માફક થોડાં જ વર્ષોમાં વિજ્ઞાનક્ષેત્રે પ્રગતિ સાધશે. આજે અમે ચંદ્ર પર રોકેટ અને સ્પુટનિક મોકલી શકીએ છીએ. ભારત પણ તેની ઉપરની નીતિને માર્ગે ચાલશે તો રશિયા દરેક ક્ષેત્રે મદદ આપવા ઉત્સુક છે.'

મિ. કોઝલોવને ખંભાતની ભેટ :

બપોરના ભોજન બાદ ખંભાતના મુખ્ય ઉદ્યોગ હાથવણાટની સાડીઓ તથા અકીકનું પ્રદર્શન ભર્યું હતું. તેમાંથી તેમને એક ઝરીની સાડી તથા અકોકની સીગરેટ પીવાની સુંદર ચૂંગી અને એલેકઝાન્ડ્રાનંગની ભેટ આપવામાં આવી હતી. નવાબસાહેબને ત્યાં સોનાનાં પતરાં જડેલી ગાદી પર બેસી મિ. કોઝલોવે ફોટો પડાવ્યો હતો; અને કીનખાબ બિછાનાવાળી ચાર ઘોડાવાળી બગી જોઈ તેઓએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

ભયંકર અકસ્માત : (૧૯૬૦)

ખંભાત નજીક લુણેજ ખાતે જ્યાં તેલ અને ડ્રીલિંગ કામ ચાલે છે; ત્યાં પીનપોઈંટ નં. ૩

ઉપર તા. ૧–૨–૬૦ના રાતના મધરાતે ૨–૪૫ મિનિટે ગેસનું દબાણ અતિશય વધી પડવાથી ધરતીને ધમધમાવા નાખતો ભયંકર બનાવ બન્યો હતો. ત્યાં કામ કરતા બે રૂમાનિયન અને બે ભારતીય નિષ્ણાતોનાં કરુણ મરણ થયાં હતાં અને બીજાને પાંચને ઈજા થઈ હતી. રૂમાનિયનોનાં મડદાં વડોદરાથી વીમાનદ્વારા તેમના દેશ રૂમાનિયા લઈ જવામાં આવ્યાં હતાં.

ઈન્ટુકના મહામંત્રી શ્રી વસાવડા ખંભાત વિષે શું કહે છે. (ઈ. સ. ૧૯૬૧)

'સરકારે ખંભાતના પાદરે યજ્ઞ આરંભ્યો છે. આ યજ્ઞ દ્વારા તેલનું ઉત્પાદન થશે અને ભારતની ઔદ્યોગિક સૂરત પલટાઈ જશે.'

ખંભાતમાં તા. ૨૮–૨–૬૧ના રોજ શ્રી શ્યામપ્રસાદ વસાવડા કે જેઓ ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસના મહામંત્રી હતા. તેઓએ તે દિવસે રાત્રે ઝંડાચોકની સભામાં ભાષણ આપ્યું હતું.[1]

તેલક્ષેત્રની સફર પ્રયાસ–ખુલ્લો મૂકતી વખતે–૧૯૬૧. :

અમદાવાદથી ખંભાત તેલક્ષેત્રની સફર માટે પ્રવાસીઓની સગવડ માટે સરકાર તરફથી પ્રવાસ-યોજના ગોઠવાઈ હતી. તેના પ્રથમ ઉદ્દ્ઘાટન પ્રસંગે શ્રી રસિકલાલ પરીખે ખંભાત વિષે કહ્યું કે : અંકલેશ્વરનું તેલક્ષેત્ર ખંભાત કરતાં મોટું છે. એમ દેખાવા લાગ્યું છે; પરંતુ ખંભાતની જૂની અને નવી જાહોજલાલીનો ખ્યાલ રાખવો જોઈએ. ખંભાતનો અકીકઉદ્યોગ સારો ચાલે છે.'[2]

ગુજરાત પ્રથમ પંતપ્રધાન : જીવરાજ મહેતા. ઈ. સ. ૧૯૬૧ :

'બસો વર્ષની પડતી પછી પ્રસ્થાન કરતા; ખંભાત મોટું બંદર હતું પણ હાલ તે ભાંગી પડયું છે; પણ દેશપરદેશ ખેડનારા સાહસિક વેપારીઓથી તે આજેય જાહોજલાલી ભોગવતું રહ્યું છે અને હવે તેલ નીકળવાને કારણે ખંભાત અનેક ગણું વધી જશે. આ માટે આ શહેરના શહેરીઓને હું અભિનંદન આપું છું.'[3] ખંભાતની તેલની વિજ્ઞાન શાળાના ઉદ્દ્ઘાટન પ્રસંગે.

દિલ્હીની પાર્લામેન્ટના સભ્યો તેલક્ષેત્રની મુલાકાતે (ઈ. સ. ૧૯૬૩) :

તા. ૨૪–૧૨–૬૩ના રોજ સવારના સ્પેશિયલ બોગીમાં ભારતીય પાર્લામેન્ટના ૨૬ સભ્યો આંધ્રના શ્રી પી. વેંકટેશ્વરબાબુની આગેવાની નીચે ખંભાત ગેસ–તેલક્ષેત્રની મુલાકાતે આવ્યા હતા. તથા તા. ૨૫–૩–૬૩ના રોજ સભ્યો તેલક્ષેત્રની મુલાકાતે આવ્યા હતા. તેમણે લાલ બાગ આગળ ચાલતી શાળા તથા ડ્રીલિંગ કામ, તથા કાર્યવાહી દર્શાવતું પ્રદર્શન વગેરે જોયું હતું.

તેલક્ષેત્રમાંથી થતા ઉદ્યોગો :

ખંભાત તેલક્ષેત્રના વિસ્તારમાંથી મળી આવેલા કુદરતી ગેસનું પ્રમાણ દૈનિક ૦–૫૬ કરોડ કયુબીક મીટરનું છે. ધુવારણ મુકામે આ ગેસ પૂરો પાડવા પાઈપલાઈન નાખવામાં આવી છે. ધુવારણ વીજળી-કારખાના ઉપરાંત બીજા ઉદ્યોગો માટે પણ આ ગેસનો ઉપયોગ થઈ શકે તેવી શકયતા છે.

વડોદરાના રાસાયણીક ખાતરના કારખાનામાં પણ આ વાયુનો ઉપયોગ કરવા વિચારેલ છે. જેથી ત્યાં પણ વધારાની જે ગેસ પાઈપલાઈન નાખવામાં આવશે તેનાથી તે બાજુના નાના નાના યાંત્રિક ઉદ્યોગના વિકાસને મહત્વનો ટેકો મળશે.

---

૧. નવસંસ્કાર તા. ૨–૩–૬૧

૨. એ જ તા. ૯–૩–૬૧

૩. ન. સં. ૧૩–૪–૬૧ પૃ. ૨૨

ગેસનો કાચો પદાર્થ, કાર્બન વગેરેની બનાવટો માટે સંખ્યાબંધ પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો માટે મહત્વનો પદાર્થ છે. આવા ઉદ્યોગોની સ્થાપના બીજા અસંખ્ય નાના ઉદ્યોગોને ટેકો આપશે. ઉત્પાદનની દૃષ્ટિએ કાર્યક્ષમ કારીગરી મળશે. જેથી ચાલુ ઉદ્યોગોએ તેમના વિકાસની શકયતાઓ વિચારી ઉદ્યોગસંચાલકશ્રીએ પેટ્રોકેમિકલ્સની બનાવટોની વિસ્તૃત યાદી તૈયાર કરી વ્યક્તિગત એકમોને તે પ્રકારનું ઉત્પાદન કરવા દોરવણી આપવી જોઈએ. મોટા ઉદ્યોગોના પ્રસ્થાપિત ધોરણ પ્રમાણે નાના ઉદ્યોગો પણ સફળતાપૂર્વક આવું આયોજન કરી શકશે. અને ગેસ મેળવવાના કારણસર હાલના ઉદ્યોગોનો સારો એવો વિકાસ થશે તેમ માને છે.

### તેલક્ષેત્રમાંથી પ્રાપ્ત થતો ગેસ

ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશને ખંભાતના તેલક્ષેત્રમાંથી પ્રાપ્ત થતા ગેસના ઉપયોગ માટે તપાસ કરવા એક ખાસ નિષ્ણાતોની સમિતિ નીમી હતી. પ્રાથમિક હેવાલો ઉપરથી ગેસની વિપુલતા હોવાનું જણાયું હતું. ખંભાત વિસ્તારમાંથી તેલ સાથે સારો ગેસ મળી આવવાથી ઉત્સાહ વધ્યો હતો, કારણકે ભારતે હવે પાકિસ્તાન પાસેથી સુઈ ગેસ ખરીદવો નહીં પડે.

ખંભાતના ગેસક્ષેત્રમાંથી નીકળેલા ગેસનો અંદાજ કાઢવામાં ( સને ૧૯૬૪ ) આવેલો; ત્યારે ૧૦ અબજ ઘનમીટર ગેસ મળશે એમ અંદાજેલું, વળી જે કૂવાઓમાંથી ગેસ નીકળ્યો છે તેને જોડીને એકત્ર કરવામાં આવેલો; તેમાંથી દરરોજ બે લાખ ઘનમીટરગેસ મળી આવેલો. એ બધો ગેસ એક ઠેકાણે એકત્ર કરીને ધુવારણ વીજળીમથકને આપવાનું નક્કી થયું.

બે નંબરના કુવા ઉપર બધા કુવાઓનો ગેસ એકત્ર કરવામાં આવે છે. ગૃપગેધેરિંગપ્લાન્ટ ' કહે છે અહીંયાથી ધુવારણ સુધી ૨૬ કિલોમીટર લાંબી ગેસપાઈપ નાખવાનું કામ ૧૬-૧૨-૬૩ના રોજ પૂરું થયું. તેનું રક્ષણ કરનાર, વગેરેની નિમણુક કરવામાં આવી છે અને એ ગેસમાંથી ધુવારણ વીજળીમથકને દરરોજ પાંચ હજાર કયુબીકમીટર ગેસ પૂરો પાડે છે. ખંભાત ખાતે ૪૫ કુવા ખોદાયા છે. ગેસ સાથે કેન્ડેન્ટ તેલ પણ થોડું થોડું નીકળે છે. આ તેલમાંથી ગેસોલીન, કેરોસીન, અને ડીઝલ વગેરે છે એવું નિષ્ણાતો માને છે.[૧]

### ખંભાતના સાગરમાં તેલની શોધ સને ૧૯૬૪

ખંભાતના સાગરમાં તેલ હોવાની શોધ ભૂસ્તરશાસ્ત્રીઓએ સને ૧૯૬૪માં જાહેર કર્યું; અને નવી દિલ્હીના પેટ્રોલિયમ અને કેમિકલ્સ ખાતાના પ્રધાન પ્રો. હુમાયુ કબીરે પત્રકાર પરિષદને તા. ૧૧-૬-૬૫માં જાહેર કર્યું કે ' વિશ્વમાં સર્વોત્તમ તેલક્ષેત્રોમાંનું એક ગણાય તેવું તેલક્ષેત્ર ગુજરાતમાં પ્રાપ્ત થવાના ચોકસ નિર્દેશો મળ્યા છે.' આ ક્ષેત્ર ખંભાત પાસે દરિયામાં જ્યાં સંશોધન ચાલે છે ત્યાંથી મળી આવ્યું છે. આ તેલક્ષેત્ર અત્યાર સુધી મળી આવેલાં તેલક્ષેત્રો કરતાં વધુ નવું સમૃદ્ધ હશે.' વિશ્વના કેટલાંક ઉત્તમ તેલગેસક્ષેત્રોમાં સ્થાન પ્રાપ્ત કરનાર ખંભાત વિશ્વના સર્વોત્તમ તેલગેસક્ષેત્રનું સ્થાન પ્રાપ્ત કરે તેવી સંભાવના છે.[૨]

### સાગરમાં શારકામક્ષેત્રે રહેલી મુશ્કેલીઓ

સમુદ્રના શારકામમાં હરેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી હોય છે. ટેકસાસમાં તૈયાર કરવામાં આવેલા ડ્રીલિંગ પ્લેટફોર્મને જેકની મદદ વડે એના તળિયાથી ૪૨ ફૂટ ઊંચે ચડાવી શકાય છે. જેની ઉપર પ્લેટફોર્મ ટેકવાઈ રહે છે. તે ત્રણ જંગી થાંભલાઓનો વ્યાસ ૧૦ ફૂટનો હોય છે અને તેની ઊંચાઈ ૨૦૯ ફીટ હોય છે. આ પ્લેટફોર્મની મદદ વડે ૧૫૦ ફીટ હવામાં સુસવાટા સાથે જોસથી પવન ફૂંકાય,

૧ નવસંસ્કાર તા. ૨૦-૫-૫૫ પૃ. ૬

૨ ગુજરાત સમાચાર ૧૨-૬-૬૫ પૃ. ૧

ઝંઝાવાત અને વંટોળિયા થાય, વીજળીના ચમકારા થાય, રાક્ષસી મોજાંઓ સામે ટક્કર ઝીલવી પડે. રીંગ અને શારની વચ્ચે પાણી પોતે જ અવરોધ રૂપ બની રહે છે. જેમ વધુ ઊંડાઈએ જઈએ તેમ અવરોધ વધુ હોય છે, વળી કાટની અસર થતાં કેટલાક ગૂંચવાડા ઊભા થાય છે. સાગરની તળની જમીન ખૂબ ઢીલી હોય છે અથવા ખૂબ કઠણ હોય તે સંજોગોમાં મુકરર પ્લેટફોર્મ ઊભું કરવામાં અથવા તો તૂરત જ જહાજ લાંગરવામાં મુશ્કેલી ઊભી થાય છે, વાયુશાસ્ત્રી, સાગરશાસ્ત્રી, નૌકાશાસ્ત્રી, રીગડિઝાઈનર અને ડ્રીલર એ સઘળાની સંયુક્ત કામગીરીથી આવા પડકાર ઝીલી શકાય.[૧]

ખંભાતના અખાતમાં આલિયા બેટ પાસે ખનીજ-તેલ માટે સારકામ શરૂ

ખંભાતના કિનારા પર અખાતમાંથી તેલ મળવાની શકયતા છે એવું ભૂસ્તરશાસ્ત્રીઓએ સને ૧૯૫૯માં નેજાખાતે 'રશિયન રેસિડન્સ'માં યોજાયેલી ભૂસ્તરશાસ્ત્રીઓની એક પરિષદમાં જણાવવામાં આવ્યું હતું. ખંભાત વિસ્તાર સિવાય બીજા કયા વિસ્તારોમાં તેલ મળશે એની માહિતી તેઓએ ત્યાં જણાવી હતી.

આ વાત સરકારના ધ્યાન પર આવતાં, સમુદ્રમાં શારકામ કરવામાં કેટલી મુશ્કેલીઓ હોય છે, તેનો સંપૂર્ણ વિચાર પરદેશીઓના અનુભવના આધારે સરકારને જણાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ નક્કી કરવામાં આવ્યું કે દરિયામાં શારકામ કરવું, અને તે પ્રમાણે સને ૧૯૭૦માં ભાવનગરથી ૪૫ કીલોમીટર દૂર ખંભાતના અખાતમાં દરિયાકાંઠે ૧૬૦૦ ચોરસ ફૂટનો એક મંચ ઊભો કરવા તેના બે વિભાગનો સફળતાથી દરિયાના પાણીમાં ઉતારવામાં આવ્યા છે. તેનું દરેકનું વજન ૧૯૦ મેટ્રિક ટન છે. આ વિભાગને દરિયામાં ઉતારવા માટે કોચીન પોર્ટ ટ્રસ્ટના ૧૨૦ મેટ્રિક ટન વજનના ઊંટડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાંધકામ કરવા મે. એલ્હોક ઍશડાઉન એન્ડ કું. લિ. નામની ઇજનેરી પેઢીએ માથે લીધું છે, ને તેની ડીઝાઈન રશિયાએ આપી છે.

દસ વર્ષની તેલક્ષેત્રની કારકિર્દી પ્રસંગે — વાયુ પંચના અધ્યક્ષ શ્રી 'ખંભાત પ્રોજેક્ટ' વિષે કહે છે કે[૧]

'તેલ વાયુપંચે કામની સરળતા માટે જુદા જુદા પ્રોજેકટ નક્કી કર્યા છે; તેમાં ખંભાત પ્રોજેકટ તરીકે નક્કી થયેલું હતું. તે સંબંધી તેલ અને કુદરતી વાયુપંચના અધ્યક્ષશ્રી જોન્સન પંચની ૧૦ વર્ષની કારકિર્દીના પ્રસંગે કહે છે.

'કેમ્બે પ્રોજેકટ તરીકે ઓળખાતી યોજનાએ ગુજરાતમાં તેલયુગનો આરંભ કર્યો હતો. ૧૯૫૮માં ખંભાતની પશ્ચિમે ૧૨ કિલોમીટર દૂર આવેલા લુણેજમાં પંચને પ્રથમ સફળતા મળી હતી. આ સફળતાએ તેલસંશોધનપ્રયાસોને બહુ મોટો વેગ આપ્યો હતો. પાછળથી ખંભાત એ મહા અંશે વાયુક્ષેત્ર સાબિત થયું હતું. આમ છતાં ગુજરાત રાજ્યમાં પંચના સફળ કામગીરીમાં આ સ્થાનનું મહત્ત્વ બહુ ગૌરવપૂર્વક રહ્યું છે.

૧૯૬૮–૬૯ સુધીમાં કેમ્બે પ્રોજેકટમાં કુલ ૬૨ કૂવાઓ ખોદવામાં આવ્યા હતા. આમાંથી ૧૯ ગેસનું અને ૩ તેલનું ઉત્પાદન કરે છે બાકીના કૂવાઓ સૂકા સાબિત થયા છે. અને કેટલાક કૂવાઓમાં પ્રયોગો થઈ રહ્યા છે. ૩૧મી માર્ચ ૧૯૬૯

---

૧ તેલ સમાચાર–સ્વાતંત્ર્ય દિન અંક તા. ૧૫–૮–૬૫ પૃ. ૪૧

૧. સંદેશ ૧૫મી ઑક્ટોબર સને ૧૯૬૯ પૃ. ૭–૮

સુધીમાં ૧૩૨૮૯૨ મીટરનું શારકામ કરવામાં આવ્યું હતું. ડિસેમ્બર ૧૯૬૪માં પ્રતિદિન ૧,૪૪ લાખ ઘનમીટર લેખે ખંભાતમાં ગેસનું પ્રાયોગિક ઉત્પાદન કરવામાં આવ્યું હતું હાલમાં આ ક્ષેત્રમાં પ્રતિદિન ૫ લાખ ઘનમીટર ગેસનું ઉત્પાદન થઈ રહ્યું છે.

આ ક્ષેત્રમાંથી ધુવારણના વિદ્યુતમથકને ગેસ પૂરો પાડવામાં આવે છે. જુલાઈ ૧૯૬૮માં પ્રાયોગિક ધોરણે પ્રતિદિન દસ ટન લેખે કઠાણા ખાતે તેલનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું, અને હવે આ ઉત્પાદન પ્રતિદિન ૧૫ ટન સુધી પહોંચ્યું છે. આ તેલને કોયલીના તેલશુદ્ધિકરણ કારખાનામાં પહોંચતું કરવામાં આવે છે.

ખંભાત પ્રોજેક્ટનો સંપૂર્ણપણે વિકાસ કરવામાં આવ્યો છે અને વધુ શારકામનો કાર્યક્રમ નથી.

## પ્રકરણ ૬૬ મું

# પ્રકાશવંત–વિદ્યુતમથક–ધુવારણ

ધી કેમ્બે ઈલેકટ્રીક સપ્લાય એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ કંપની. ઈ. સ. ૧૯૨૨.

ખંભાતમાં ઇલેકટ્રીક ઊભી કરી :

હસ્તઉદ્યોગને ઉત્તેજન મળે એવા વિચારથી ખંભાતના શ્રી દશા શ્રીમાળી વણિક શ્રી મંગળદાસ ચૂનીલાલે પ્રયત્ન આદર્યો; તેમણે એ. એ. મીયાંજીવાલાની ભાગીદારી કરીને ખંભાત રાજ્યને અરજ કરી.

'એ. એ. મીયાંજી મંગળદાસ એન્ડ કું. ખંભાત' આ નામથી સને ૧૯૨૧માં તેમણે ઇલેકટ્રીક કારખાનું કાઢવાની પરવાનગી માગી. રાજ્ય તરફથી તેમને પરવાનગી આપી.[1]

પાછળથી તેમાંથી મંગળદાસ છૂટા થયા. અને 'મિ. અબ્દુલહુસેન અબ્દુલલતીફ મીયાંજીવાલા ઓફ કેમ્બે' આ નામથી જે સને ૧૯૨૧માં આપેલું લાયસન્સ ટાન્સફર કરાવ્યું.[2] અને ખંભાત શહેરમાં ઇલેકટ્રીક કામ શરૂ કર્યું.

ઉદ્યોગો :

ખંભાત શહેરમાં વીજળીશક્તિથી ચરક ફેરવનારને, વોટરવકર્સને તથા બીજા એવા નાના ઉદ્યોગોને વીજળી મળવા માંડી. તેના દરમાં ફેરફાર રાખવામાં આવ્યો.

શહેરમાં ઇલેકટ્રીકદીવા :

આ કંપનીના દીવા ખંભાત મ્યુ. તરફથી શહેરમાં મૂકવામાં આવ્યા હતા. અને તે બદલ મ્યુ. તેમને ઠરાવેલા દરે નાણાં આપતી હતી; કોઈ વખત દરવધારા અંગે પ્રજામાં અને મ્યુ.માં ઊહાપોહ પણ થતો; પણ છેવટે સમાધાન થતું.

ખાસ નોંધવા યોગ્ય છે કે ઇલેકટ્રીક શરૂ થતાં ડી. સી. પાવર હતો તે સને ૧૯૫૭માં ધીમે ધીમે એ. સી.માં ફેરવવામાં આવ્યો.

૧. ખંભાત દ. ગેઝેટ પૃ. ૩૦, ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૧.

૨. ખં. દ. ગે. પૃ. ૩૧; ૧લી માર્ચ, ૧૯૨૨.

ગ્રીડયોજના – ૧૯૫૫ :

તા. ૧૧–૬–૫૫ના રોજ એન્જિનિયર સ્ટાફ સાથે આવેલા અને તપાસ કરી; ભાલ-ગાળામાં, ચરોતરમાં અને ખંભાતમાં સીધી રેલવેલાઈન ઉપર થઈને ત્રણે બાજુએથી ગ્રીડ લાવવાનો વિચાર ગોઠવ્યો અને તેનું સબ સ્ટેશન ખંભાત રાખવાનું નક્કી કર્યું.

ઇલેકટ્રીક કંપનીનો વહીવટ સરકારે લીધો. (૧૯૬૬) :

ખંભાતમાં સને ૧૯૨૨માં ઈલેકટ્રીક શરૂ થઈ હતી. ત્યાર પછી ગ્રીડયોજના આવી; અને તા. ૨૦–૯–૬૬થી ધી કેમ્બે ઇલેકટ્રીક સપ્લાય એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કું લી.નું અસ્તીત્વ બંધ થાય છે તેનો સઘળો વહીવટ ગુજરાત સરકાર ઇલેકટ્રીક બોર્ડ ખાતાએ સંભાળી લીધો.

ગુજરાતવિદ્યુતમંડળ : ઈ. સ. ૧૯૬૦ :

સને ૧૯૬૦ના મે માસની પહેલી તારીખે ગુજરાત રાજ્યનો જન્મ થયો. ગુજરાત રાજ્યના ઉદ્યોગોનો વિકાસ કરવા તથા ખેતી અને સામૂહિક કાર્યો કરવા વિદ્યુતની જરૂર જણાવાથી તરત જ તેમણે 'ગુજરાત વિદ્યુતમંડળ'ની સ્થાપના કરી. ભારત સરકારે સને ૧૯૪૮માં વીજળીપુરવઠાનો ધારો ઘડયો અને આ ધારા હેઠળ રાજ્યોએ વીજળીબોર્ડની રચના કરી હતી. તેણે રાજ્યમાં વિદ્યુતશકિતના વિકાસના કાર્યક્રમને સુયોજિત કરવા ખાનગી પાવરસ્ટેશનો પર અંકુશ રાખી શકે અને રાજ્યનાં પાવરસ્ટેશનોના કબજો લઈ શકે.

બીજી પંચવર્ષીય યોજનામાં ધુવારણ વિદ્યુતમથકની યોજના :

બીજી પંચવર્ષીય યોજના પૂરી થતાં અગાઉ વીજળીનું ઉત્પાદન વધારવાનો ગુજરાત રાજ્યનો નિશ્ચય થયો. અને તેની યોજના મુજબ ધુવારણ પસંદ કરવામાં આવ્યું.

ધુવારણ થર્મલ પાવરસ્ટેશન

પસંદગી સ્થળ :

લોકસભામાં સરકારના વીજળી અને નહેરો ખાતાના નાયબ પ્રધાન શ્રી જયસુખલાલ હાથીએ તા. ૨૯–૮–૫૯ના રોજ જાહેર કર્યું કે ખંભાતની આજુબાજુ ગુજરાતનું થર્મલપાવર સ્ટેશન નાખવામાં આવશે, અદ્યતન યાંત્રિક શક્તિ ધરાવતું બનાવવામાં આવશે, આ અંગે ઈલેકટ્રીક એન્જિનીયરોએ અનેક સ્થળો જોયા પછી ખંભાતથી આશરે આઠ માઈલ દૂર દરિયા કિનારા પર આવેલ ધુવારણ ગામને પસંદગી આપી છે અને ભારત સરકારે તેને મંજૂરી પણ આપી છે. ધુવારણ ખાતેના આ થર્મલ પાવર-સ્ટેશન અમદાવાદ, મહેસાણા, પાટણ સહિત મધ્ય-ગુજરાતનાં સંખ્યાબંધ ગામડાંઓમાં વીજળીપ્રવાહ પૂરો પાડી શકશે.

ખેડૂતોને મનાવ્યા :

ખંભાતના ધુવારણ ગામને વીજળી માટે પસંદ કરવામાં આવ્યું; તે તો ઘણા જ આનંદની વાત હતી, પરંતુ તેટલી જ અકારી તેના ખેડૂતોની હતી. તેમની જમીનો જશે; તો ખાઈશું શું ? એ રોટલાનો પ્રશ્ન ઊભો થયો. અને તે માટે પોતે સઘળી વિગતો અધિકારીઓને, કોંગ્રેસના મંત્રીઓને જણાવી; કોંગ્રેસમંત્રી શ્રી જટાશંકરે તેમને ખૂબ સમજાવ્યા. છેવટે તો તેમને સમજ્યા વિના છૂટકો ન થયો; અને પોતાની સારી જમીનો તેમણે આપી દીધી. એને સરકારે પણ તે ખેડૂતો તરફ રાહતની નજરે નિહાળી મદદ કરી. સર્વમાં પોતાનું હિત છે એમ ખેડૂતો સમજ્યા.

ધુવારણ વીજળીમથકે અમેરિકન નિષ્ણાતો :

(૧૯૬૨)

વીજળીમથક ઊભું કરવા માટે, તેની યંત્રસામગ્રી, રચના વગેરે બાબતો માટે અમેરિકન નિષ્ણાતોની દસ

સભ્યોની એક ટુકડી ધુવારણ આવી પહોંચી હતી.

તા. ૯–૧૧–૬૨ તેમાં મુખ્ય :

૧. શ્રી બેની ફીસ્ટ પીટર.

૨. શ્રી સીહન એડવર્ડ જોસપીટ વગેરે હતા. તેમાં એક સ્ત્રી સભ્ય પણ હતી.

યંત્રસામગ્રી કેટલીક ધુવારણ આવી.

ખંભાતમાં ગેસનું વડું મથક :

૧૯૬૨ના ડી.ની ૫–૬ તારીખે દેહરાદુન ખાતેની ખનીજતેલ ખાતાના પ્રધાને કમીટીમાં નક્કી કર્યું કે ખંભાતમાંથી નીકળેલો ગેસ એકત્ર કરીને પાઈપો દ્વારા ધુવારણ લઈ જવો અને ત્યાંના બળતણ તરીકે તેનો ઉપયોગ કરવો. આ માટે લગભગ ૨૦ લાખનો ખર્ચ અંદાજે હતો.

મહાગુજરાતના ઔદ્યોગિકવિકાસની જીવનદોરી

ધુવારણ વીજળીમથકનું શરૂ થયેલું પ્રથમ મેગાવોટ. તા. ૨૧–૧૨–૬૪

પ્રથમ એકમ શરૂ (તા. ૨૧–૧૨–૬૪) :

ગુજરાત વિદ્યુતમંડળના ૨૫૦ મેગાવોટની શક્તિ ધરાવતા વિદ્યુતમથકનો ૬૩.૫ મેગાવોટની શક્તિનો પ્રથમ જનરેટિંગ સેટ તા. ૨૧–૧૨–૬૪ વિ. સં. ૨૦૨૧ના માગશર વદ–૩ને સોમવારથી શરૂ થયો. આ સેટથી વટવા અને ગોત્રીના સબ-સ્ટેશન મારફતે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજ-રાતને વીજળી આપતું શરૂ થઈ ગયું. ગુજરાત વિદ્યુતમંડળના ચેરમેન શ્રી એચ. એમ. પટેલે બપોરના બટન દબાવી દક્ષિણ ગુજરાત માટેની ટ્રાન્સમીશન લાઈનોમાં પ્રવાહ ચાલુ કર્યો હતો.

આજે ધુવારણ વીજળીમથકના કર્મચારીઓ તરફથી વીજળીમથક ખાતે સત્યનારાયણની પૂજા-વિધિ રાખવામાં આવી હતી;

ધુવારણની શક્તિ ૨૫૦ મેગાવોટથી વધારી ૫૦૦ મેગાવોટ કરવાનું કામ ૬૮ની અધવચમાં પૂરું થશે. ધુવારણના હાલના મથક, ટ્રાન્સમીશન લાઈનો અને ત્રણ સબસ્ટેશનો પાછળ મળી કુલ ૩૦ કરોડનો અંદાજી ખર્ચ થયો છે.

ધુવારણના વિસ્તરણ માટેના બોઈલરો ગેસ અગર તો ખનીજતેલથી ચાલે એવા બનાવાશે. અત્યારે ગેસ, તેલ, અગર કોલસાથી ચાલે તેવી વ્યવસ્થા કરાશે.

બે બોઈલરો ગેસથી ચાલે એટલો ગેસ રોજના ૭ લાખ ઘનમીટર ખંભાત તેલક્ષેત્રમાંથી આપવાની તેલપંચે ખાતરી આપી છે. ત્રીજું અને ચોથું એકમ માર્ચ એપ્રિલ (૧૯૬૫)માં શરૂ કરવા કોલસો વપરાશે. કોયલી રીફાઈનરીમાંથી બળતણ તેલ મળતાં કોલસાનો ઉપયોગ બંધ થશે.

ધુવારણનું ગેસથી ચાલતું ચોથા નંબરનું એકમ આમ તો તા. ૧૩ મી (ડી. ૬૪)થી પ્રાયોગિક રીતે ચાલુ થયું છે. પરંતુ આજ (તા. ૨૧-૧૨-૬૪)થી આ એકમની સતત પ્રાયોગિક ચકાસણી શરૂ થઈ છે. અને એક–બે દિવસમાં ૩૦ હજાર કી.વોટ વીજળી પેદા કરતું થઈ જશે. આ પેદા થયેલી વીજળી નકામી નહિ જશે. કેમકે અમદાવાદ વીજળીમથકના સાબરમતી અને વિદ્યુતબોર્ડ ઉત્તરાણ વિદ્યુતમથક ઉપરનું ભારણ ઓછું કરશે.

અત્યારે વિદ્યુતબોર્ડ અમદાવાદ ઇલેકટ્રીક કંપની પાસેથી ૪૦થી ૪૩ કી.વો. વીજળી ગ્રીડ માટે ખરીદી છે. તે ધીમે ધીમે બંધ થશે. અને પરિણામે કંપની તેના વિસ્તારના ગ્રાહકોને વધુ વીજળીપુરવઠો આપી શકશે.

પ્રથમ જનરેટિંગ સેટની સતત પ્રાયોગિક ચકાસણી એકાદ માસમાં પૂરી થતાં જાન્યુઆરીના

(૧૯૬૫) અંતમાં બીજો સેટ શરૂ થતાં ખાત્રીપૂર્વક નવા ગ્રાહકોને અપાશે.[૧]

ધુવારણયોજનાના અંગેનો કુલ ખર્ચ ૩૦ કરોડ થયો છે; વિદેશી હૂંડિયામણ ૧૬ કરોડ; જનરેટર સેટ–૪ અને દરેક સેટની ઉત્પાદનશકિત ૬૩–૫૦૦ કી.વો. છે. બોઈલર્સ ૯ છે.

૧. ધુવારણથી ગોંડલ – ૧૩૦ માઈલ (ડબલ સરકીટ); ૨. ધુવારણથી વટવા ૫૫ માઈલ (ડબલ સરકીટ); ૩. ધુવારણથી ગોત્રી ૩૦ માઈલ ૪. પળિયાદ ઢસારી ૩૦ માઈલ રિસિવિંગસ્ટેશન.

પાંચ વર્ષ પહેલાં જે ધુવારણ એક નાનકડું ગામડું હતું તે આજે વિશ્વવિખ્યાત અને રાજ્યનું પ્રવૃત્તિથી ધમધમતું એક કેન્દ્ર બની ગયું. એની રાતોરાત જાણે કાયાપલટ થઈ ગઈ હોય એમ લાગે છે. તેની પાછળ ધીરજ, ખંત, ફરજ પ્રત્યેની ભક્તિ, વિશાળ ટેકનિકલ કૌશલ્ય અને માનવ સંબંધોની કહાણી રહેલી છે. એક સમાન ઉદ્દેશ્ય સિદ્ધ કરવા આ બધાંએ હાથ મિલાવ્યા હતા.

વીજળીબોર્ડના ચેરમેન :

ખંભાત તાલુકાનાં ગામડાંમાં ઈલેકટ્રીક :

ગ્રીડયોજનાથી તાલુકાના ચરોતર વિસ્તારનાં ગામોને ઠીક ઠીક લાભ મળ્યો છે. બામણવા, જલસણ, ફીણાવ, જલુંધ, પીપળોઈ, જહાજ, વટાદરા, ખટનાલ, ભુવેલ, રાળજ, વાસણા, ઉંદેલ ટીંબા, વાડોલા, કલોદરા વગેરે ગામમાં ઈલેકટ્રીક આવી ગઈ છે; અને હજી આવતી રહી છે; થોડા સમયમાં ખંભાત તાલુકાના દરેક ગામમાં તે આવી જશે.

---

૧. શ્રી. એમ. એમ. પટેલે ધુવારણ વીજળીમથક ખુલ્લુ મુકતી વખતે આપેલી માહિતી. ગુજરાત સમાચાર તા. ૨૨–૧૨–૬૪.

ધુવારણ થર્મલપાવરસ્ટેશન બીજા સેટનું ઉદ્દઘાટન: ભારતના વડા પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ કર્યું :

તા. ૬ મી માર્ચ ૧૯૬૫

'[૧]વડોદરાથી ૪૫ માઈલ દૂર અને અમદાવાદથી ૮૦ માઈલ દૂર ધુવારણનું વીજળીમથક આવેલું છે. ગુજરાતના ઔદ્યોગિક જીવનમાં અતિમહત્વના સીમાચિહ્ન તરીકે આ વીજળીમથક થયું છે. ભારતના સૌથી મોટાં થર્મલ વિદ્યુતમથકોમાં ધુવારણનું સ્થાન છે. આ મથકેથી ૨૫૪ મેગાવોટ વીજળીનું ઉત્પાદન હશે.

ધુવારણની તમામ વીજળીશકિતનો ઉપયોગ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ છે. સેંકડો નાના ગૃહઉદ્યોગો તથા મોટા ઉદ્યોગોને તેનાથી લાભ પ્રાપ્ત થયો છે.

૧૯૬૦ના ડિસેમ્બરમાં એના બાંધકામનો પ્રારંભ થયો. એમાં ૬૩–૫ મેગાવોટની શકિત ધરાવતા એક એવા ચાર ટરબો જનરેટર સેટો મૂકવાની જોગવાઈ કરી છે. પહેલો સેટ ૧૯૬૪ના ડિસેમ્બરમાં કામ કરતો થઈ ગયો કે જેનું વર્ણન પાછળ આપવામાં આવ્યું છે. બીજો સેટ આજે ચાલુ થાય છે અને બાકીના બે સેટો સને ૧૯૬૫ના વર્ષના પાછલા ભાગમાં તૈયાર થઈ ગયા હશે.

દરેક જનરેટર માટે કલાકે છ લાખ રતલ વરાળ પૂરી પાડી શકે તેવાં બે બોઈલરો છે. નવું બોઈલર અનામત તરીકે તૈયાર રાખવામાં આવ્યું છે.

વિદ્યુતમથકમાં આ બોઈલરોને કોલસો પૂરો પાડવા માટેના વિભાગ છે. વરાળને ઠારવા માટે પાણી ઠંડુ બનાવવા માટેનાં સાધનો છે. પાણી ખેંચવા અને વિદ્યુતમથકને પૂરું પાડવા માટેનું પમ્પહાઉસ છે. બોઈલરમાંથી નીકળતા ગેસને બહાર કાઢવા માટે પાંચ વિરાટ ભૂંગળાં છે. આ સિવાય સમારકામ અને જાળવણી માટેનો અલાયદો વિભાગ છે.

---

૧. 'ગુજરાત સમાચાર' તા. ૫ મી માર્ચ, ૧૯૬૫.

રાજ્યભરમાં વીજળીનું વિસ્તરણ થઈ શકે તે માટે અમદાવાદ નજીક વટવા ખાતે, વડોદરા નજીક ગોતરી ખાતે તેમ જ સૌરાષ્ટ્રમાં ગોંડલ અને ઢસા ખાતે એનાં રિસિવિંગ મથકો છે.

મહીનદીએ વહેણ બદલતાં આ મથક ઊભું કરવાને ઘણી જ મુશ્કેલી ઉભી થઈ; ઠારવા માટેના કામમાં મહીના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે; ગુજરાત સરકારે એક કરોડ રૂપિયા માટીનો બંધ બાંધી પાણીનો સંગ્રહ કરવા માટેની યોજના કરી. તે પ્રમાણે કર્યા પછી નદીનું વહેણ મૂળ સ્થાને આવ્યું અને પેલું જળાશય પણ તૈયાર થઈ ગયું.

ધુવારણ વિદ્યુતમથક માટે અમેરિકાએ જ બધા નાણાં પૂરાં પાડચાં છે. આંતરરાષ્ટ્રીય વિકાસ માટેની અમેરિકાની એજન્સી ( યુ. એસ. એ. આઈ. ડી. ) દ્વારા ધુવારણ માટેની હૂંડિયામણની જરૂર તરીકે ત્રણ કરોડ છત્રીસ લાખ ડૉલરની લોન અપાઈ છે. જ્યારે પી. એલ. ૪૮૦ ભંડોળમાંથી નવ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

ધુવારણ વિદ્યુતમથકમાં મોટાં ટ્રાન્સ ફોર્મરો અને સિન્ક્રોનસ કન્ડેન્સરો સિવાયનો મોટા ભાગનો સામાન ભોપાળ ખાતેના ભારે વિદ્યુતસરંજામના કારખાનાએ પૂરો પાડચો છે. ૨૩૦ લાખ ડૉલરની કિંમતનાં ટ્રાન્સફોર્મરો, કન્ડેન્સરો અને બીજો સરંજામ ન્યૂયોર્કની ઈન્ટરનેશનલ જનરલ ઇલેકટ્રીક પેઢીએ પૂરો પાડચો છે, કુલજિયન કોર્પોરેશન નામના અમેરિકી ઇજનેરી પેઢીએ આ મથકનું આયોજન કર્યું છે.

પાંચસો એકરમાં પથરાયેલા આ મથકને સાડા છ માઈલની પોતાની રેલવે સાઇડિંગ છે. પોતાના સ્ટાફને સવલતો પૂરી પાડવામાં જાહેરક્ષેત્રે તે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ત્યાં ૭૦૦ વસવાટો, બેંક, ટેલિફોન, તાર, ટપાલની કચેરી, બાલમંદિર, પ્રાથમિક શાળા, દવાખાનું ૨૦ પથારીની એક હૉસ્પિટલ, ખરીદીકેન્દ્ર અને કલબ છે.

ભારતના વડાપ્રધાન શ્રી લાલબહદુર શાસ્ત્રીને હાથે તા. ૬–૩–૬૫ના રોજ ઉદ્દઘાટન કરવામાં આવ્યું.

ખંભાતમાં સ્વ. વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ તેલ અંગે આવ્યા હતા, અને ત્યાર પછીના ભારતના બીજા વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રી ખંભાત તાલુકાનું ધુવારણ વીજળીમથકનું ઉદ્દઘાટન કરવા પધાર્યા; આમ ભારતના લોકલાડીલા બંને પ્રધાનોનાં મંગળ પગલાં ખંભાત તાલુકામાં થયાં; તે માટે ખંભાતની જનતા ખૂબ આનંદ અને ઉત્સાહમાં ઘેલી બની હતી. ખંભાત શહેરના અને આજુ-બાજુનાં ગામડાના લોકો બસથી, ગાડાંઓમાં, સાયકલોદ્વારા તથા ચાલીને હજારોની સંખ્યામાં આવ્યા હતા. અને મહીનદીને કિનારે આવેલા પ્રાચીન પૌરાણિક ધુવારણને અર્વાચીન તીર્થક્ષેત્ર તથા યાત્રાધામ બનાવ્યું હતું.

શણગારાયેલા વિશાળ મંડપમાં વીજળીના કાર્યના નકશો મૂકવામાં આવ્યો હતો. હેલીકોપ્ટર વિમાનમાં અમદાવાદથી શ્રી વડાપ્રધાનનું આગમન થયું. ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી બળવંતરાય મહેતા, તથા ગુજરાત વીજળીબોર્ડના ચેરમેન શ્રી એચ. એમ. પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. તથા ખંભાત તાલુકાના પંચાયત અધ્યક્ષ શ્રી જટાશંકર-ભાઈએ અને કોંગ્રેસ પ્રમુખે તેમને ફૂલહાર અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ગુજરાતના બીજા કેટલાક નામાં-કિત પુરુષો હાજર રહ્યા હતા. ઓળખવિધિ થયા બાદ પાવરમથકે ગયા હતા, અને પડદાની દોરી ખેંચીને ધુવારણમથકનું વિધિસર ઉદ્દઘાટન કર્યું હતું. મંચ ઉપર આવતાં પ્રાર્થના, સંદેશાવાચન તથા પારિતોષિકો વગેરે એનાયત થયાં હતાં.


બાદ શ્રી ગુજરાતના મુખ્ય પ્રધાન બળવંતરાય મહેતા, વીજળી બોર્ડના ચેરમેન વગેરેએ ભાષણ કર્યાં હતાં; તથા વડા પ્રધાન શ્રી શાસ્ત્રીએ ભાષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'આબાદીનો માર્ગ મોકળો થશે.'

અમેરિકાએ ખૂબ સહકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ હેલીકોપ્ટરમાં અમદાવાદ ગયા હતા.

રાતે દેશને દોરવણી આપી હતી. એવી રીતે આબાદી અને વિકાસની મજલકૂચમાં બધાં રાજ્યોને મિશાલરૂપ ગુજરાત રાજ્ય બને એવી મારી મહેચ્છા છે.

આ પ્રસંગે અમેરિકન એલચીખાતાના જુનીયર મિનિસ્ટર કાઉન્સિલર મિ. ગ્રીનને ઉદ્દેશીને તેમણે કહ્યું કે મીસ્ટર ગ્રીન ૨૫૦ મેગાવોટ વિદ્યુતશક્તિ ઉત્પન્ન કરતાં આ ધુવારણ પ્લાન્ટને અમેરિકાએ



વિદ્યુતમથક, ધુવારણ.

ધુવારણ વિદ્યુતમથકના બીજા સેટના ઉદ્દઘાટન પ્રસંગે તા. ૬ માર્ચ. ૧૯૬૫.

હિંદના વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું પ્રવચન

'ગુજરાત રાજ્ય પ્રત્યે મને ખાસ મમતા છે. અનોખો પ્રેમ છે. આ પુણ્ય પ્રદેશે પૂ. ગાંધીજી દેશને આપ્યા હતા. આઝાદીની લોકલડતમાં ગુજ-

મદદ કરી છે એ માટે હું અભારી છું; પણ સાથે સાથે એને ૫૦૦ મેગાવોટનું બનાવવાના કાર્યમાં એવી જ મદદ અમેરિકા કરશે એવી આશા અને શ્રદ્ધા પણ આ જ સ્થળે પ્રગટ કરું છું. (તાળીઓ).

આજે તો દેશ સમક્ષ સૌથી મોટો સવાલ ભાષાનો છે. કોઈ પણ વાત જબરજસ્તીથી કોઈના

પર લાદી શકાતો નથી. ભાષાવાદ પર ઝઘડાંએ રી ફરી તિરસ્કારના ભાવના જગાડવી એ દેશ માટે ખતરનાક છે. આજ તો મુખ્ય સવાલ દેશને તોડવાનો નહિ પણ જોડવાનો છે ભાષાને નામે જેઓ નફરતભર્યો પ્રચાર કરે છે તેઓ દેશને ટુકડાઓમાં વહેંચવા માગે છે, હવે એવું કાર્ય ન થવું જોઈએ કે જેથી દેશમાં અંતર વધે દરેક ભારતવાસી પોતાને હિન્દી કહેવડાવે છે. દેશ પર કોઈ પણ બાજુથી ખતરો આવી પડે ત્યારે કાશ્મીરથી કેરલ, આસામથી કેરલ, ગુજરાતથી કચ્છ એમ ચોતરફ ફેલાયેલો દેશ એક બનીને ઊભો રહેશે; તો જ દેશના રક્ષા મજબૂતાઈથી કરી શકાશે. આપણે કમજોર છીએ એવી હવા ઊભી કરવી એ ઠીક વાત નથી.

આ ધુવારણ થર્મલ સ્ટેશન એ તો આપણી પ્રગતિનું નિશાન છે કેટલાક લોકો માને છે કે પ્રધાનને સાંભળવા ને નિરખવા. આપણે નબળા બની રહ્યા છીએ. આ વાતો ગલત છે. આપણા માર્ગમાં મુશ્કેલીઓ આવી છે; દુઃખો પડયાં છે; વિટંબણાઓ ઊભી થઈ છે. પણ પ્રગતિકૂચમાં આગે ધપવા રાષ્ટ્રના માર્ગમાં હંમેશાં એવી મુશ્કેલીઓ આવવાની જ હા, કદાચ કેટલીક મુશ્કેલીઓ ભારે આવી છે; પણ એના પર કાબૂ જમાવી આપણે આગળ વધવું છે. આ આગળ વધવા માટે દેશમાં જબ્બર ઔદ્યોગિક વિકાસની જરૂર છે. નવાં કારખાનાં ઊભાં કરવાની જરૂર છે. દેશની જરૂરિયાતની ચીજો ઉત્પન્ન કરવામાં સ્વાવલંબી બનવા બધી જ જાતનાં કારખાનાં ઊભાં કરવાં છે. એથી એમ ન માનશો કે આપણે આયાતનિકાસનાં બારાં બંધ કરવા માગીએ છીએ. આજની દુનિયામાં એના વગર ચાલવાનું નથી. કારખાનાં ઊભાં કરવા માટે વીજળીની ખૂબ જ જરૂર છે. એથી તો ત્રીજી પંચવર્ષીય યોજના અંતે આપણે ૧૧૦ લાખ કિલોવોટ શક્તિ પેદા કરીશું.

આ સ્ટેશન શરૂ થતાં એ તંગી દૂર થશે અને એ શક્તિને ખેવડાવતાં ગુજરાતમાં આબાદીનો માર્ગ મોકળો બનશે. આ શક્તિ નવાં કારખાનાં ઊભાં કરવા માટે મદદરૂપ બનશે. પણ ગુજરાતમાં અનાજની તંગી છે. એના કારણે થોડા વખત પહેલાં ગુજરાતને વિટંબણા ભોગવવી પડી હતી. તો હવે આ શક્તિનો ઉપયોગ ખેતીમાં કરી ગુજરાતે એના અનાજ ઉત્પાદન વધારવામાં સારો ઉપયોગ કરવો જોઈએ. વીજળી ગામડામાં પહોંચવી ખાસ જરૂરી છે. આર્થિક ઉન્નતિમાં એ મહત્ત્વનો ફાળો આપે છે.

આપણે લોકશાહીને વરેલા છીએ. ચીનના માર્ગને આપણે અનુસર્યા નથી. એથી તો ચીને આપણા પર આક્રમણ કર્યું હતું. આપણી લોકશાહીમાં વિરોધપક્ષને સ્થાન છે. પણ વિરોધ કરવામાં પણ મર્યાદા તો રહેવી જ જોઈએ. આગ લગાડવામાં આવે, ખૂનો કરવામાં આવે, હિંસા આચરવામાં આવે એ વિરોધનો માર્ગ નથી. પણ સરમુખત્યારી લાદવાનો માર્ગ છે. લોકોને બોલવાની, લખવાની અને બંધારણમાં રહી વિરોધ આચરવાની છૂટ બંધારણે બક્ષેલી છે. એનાથી આગળ ન જવાય અને જશે તો આ દેશની પ્રગતિ રૂંધાઈ જશે. દેશ બરબાદ થશે. દેશની બરબાદી કરવાનો હક્ક કોઈને મળ્યો નથી; અને મળી શકે પણ નહિ. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ મન, વચન અને કર્મમાં સત્ય અને અહિંસા કેવી રીતે આચરવી એનો માર્ગ આપણને શીખવ્યો છે. આવતી પેઢી સુખી બને એની જવાબદારી આજની પેઢીની છે. જે ભૂમમાંથી ગાંધીજી પાકયા એ ભૂમિમાંથી આજે હું દેશના સૌને નમ્ર પ્રાર્થના કરું છું કે આપણે આપણા દેશના વિકાસના કાર્યમાં લાગી જઈએ અને દેશને આબાદ અને સમૃદ્ધ બનાવીએ.

આ મથકના બાંધકામમાં ૧૭૦૦૦ ટન સિમેન્ટ વપરાયો છે. ૪૭,૫૦૦,૦૦૦ કયુબીક ફીટ માટી-કામ થયું હતું અને રોજના ૪૧૮,૦૦૦,૦૦૦ અમેરિકન ગેલન પાણીનો વપરાશ થશે.

વિરાટ કાય :

મુખ્ય ટેકનિકલ લક્ષણો :

ગુજરાત સરકાર તરફ પ્રસિદ્ધ થતા 'ગુજરાત' તા. ૧૧-૩-૬૫ના પૃ. ૩ ઉપર નીચેની વિગતો આપવામાં આવી છે.[૨]

૧. સામાન્ય :

યોજનાની જગાનો વિસ્તાર લગભગ ૧૫૦૦ એકર છે.

૨. પાવર પ્લાન્ટ અને સ્ટેપ અપ સબ–સ્ટેશન.

૧. ટરબો જનરેટરની સંખ્યા ૪

૨. પાવર પ્લાન્ટની કુલ શક્તિ ૨૫૪,૦૦ કિલોવોટ.

૩. બોઈલરની રચના એવી છે કે ૧૦૦ ટકા કોલસા અથવા ૧૦૦ ટકા રેસિડયુઅલ ઑઈલ અથવા કુદરતી ગેસ અથવા રેસિડયુઅલ ઓઈલ અને કુદરતી ગૅસનું કોઈ પણ મિશ્રણ બળતણ તરીકે વાપરી શકાય.

૪. હેન્ડલિંગ પ્લાન્ટ કેપેસિટિ : કલાકના ૬૦ ટન.

૫. કન્ડેન્સરનું વજન = ૧૪૦ ટન

સ્ટેપ -- અપસ્ટેશનની સંખ્યા.

૧૩૨ કે. વી. ટ્રાન્સમિશન લાઈનો.

ગ્રાઉન્ડ વાયર = ૭/૦ ૧૪૫" જી. આઈ. વાયર

સામાન્ય સ્થાન = ૧૦૫૦ ફૂટ

લાંબામાં લાંબુ સ્થાન = ૧૮૦૦ ફૂટ ( મહાનદી ઉપર )

ટાવરની કુલ સંખ્યા = ૧૪૦૪

વપરાયેલા પાવર કન્ડકટરની કુલ લંબાઈ = ૧૫૬૦ માઈલ

વપરાયેલા ગ્રાઉન્ડ વાયરની કુલ લંબાઈ = ૨૭૦ માઈલ

૨. ગુજરાત રાજ્યના માહિતીખાતા તરફથી પ્રસિદ્ધ થતા 'ગુજરાત'માં નીચેના આંકડાઓ તથા સઘળી વિગતો પ્રસિદ્ધ થઈ છે.

## રસપ્રદ આંકડા

૧. પાવર સ્ટેશન માટે વિદેશથી આવેલી મશીનરીનું કુલ વજન = ૨૦,૦૦૦ ટન

૨. પાવર હાઉસ બિલ્ડીંગ માટે સ્ટ્રકચરલ સ્ટીલ વજન લગભગ = ૨૫,૦૦ ટન

૩. ૧૩૨ કે. વી. ટ્રાન્સમિશન લાઈન ટાવર માટેના સ્ટીલનું વજન = ૫,૦૦૦ ટન

૪. વપરાયેલા કંડકટરની કુલ લંબાઈ ૧૫૬૦ માઈલ

૫. ભારેમાં ભારે દાગીનો ( જનરેટર સ્ટારટર – ૪ આવા દાગીના ૧૧૦ ટન દરેકનું

૬. મોટામાં મોટો દાગીનો ( આવા ચાર દાગીના ) = ૧૨'×૧૫૧/૨×૧૧૧/૨' લગભગ

૭. વપરાયેલા કુલ સિમેન્ટ : ૧૭૦૦૦ ટન (૩,૪૦,૦૦૦ ગૂણી)

૮. કુલ માટીકામ : ૪૭,૫૦૦,૦૦૦ ઘનફૂટ

૯. મેકિસમમ લોડ પર કુલિંગ વોટરની જરૂરિયાત : ૪૧૮,૦૦૦,૦૦૦ યુ. એસ. ગેલન યોજના

**વહીવટી સીમાસ્થંભો :**

૧. ખંભાત નજીક ૧૫૦ મેગાવોટની શક્તિવાળા થર્મલપાવર સ્ટેશન માટે આયોજન પંચની મંજૂરી. (૨૯-૨-૧૯૬૦)

૨. સ્થાપિતશક્તિને ૧૫૦ મેગાવોટ પરથી ૨૫૪ મેગાવોટ સુધી વધારવા માટે આયોજન પંચની સૈદ્ધાંતિક મંજૂરી. (૩-૧૦-૧૯૬૦)

૩. આઈ. એસ. એમ. વોસિંગ્ટન અને આઈ. જી. ઈ. ન્યૂયોર્ક ૬-૭-૧૯૬૧ દ્વારા કરારપર સહી અને યોજનાના કાર્યની શરૂઆતની તારીખ.

૪. આઈ. જી. ઈ. એ મોકલેલું પહેલું કન્સાઈનમેન્ટ. ૩૧-૧-૧૯૬૨

૫. અઈ. જી. ઈ. ના સબ કોન્ટ્રાકટર લુમસ કંપનીએ પાવરપ્લાન્ટ સાઈડ ખાતે ઈરેક્શન કાર્ય. શરૂ કર્યું.

યોજનાનાં કાર્યોના મહત્ત્વનાં ઘટકોની શરૂઆત અને પૂરા થવાને લગતી મહત્ત્વની તારીખો.

| નામ | શરૂ કર્યા તારીખ | પૂરું થયાની તારીખ |
|---|---|---|
| સર્વિસરોડ | નવેમ્બર -૧૯૬૧ | સપ્ટેમ્બર -૧૯૬૨ |
| સક્યુર્લેટિંગ વોટર-પાઈપ લાઈન્સ અને ફાયર વોટરપાઈપ લાઈન | જુલાઈ -૧૯૬૧ | માર્ચ -૧૯૬૪ |

| | | |
|---|---|---|
| પાવરહાઉસ અને મશીનરી ફાઉન્ડેશન | નવે. ૧૯૬૧ | જુન. ૧૯૬૩ |
| ઈન્ટેક પંપ હાઉસ અને પાઈપ સપોર્ટ | ડિસે. ૧૯૬૧ | જાન્યુ. ૧૯૬૪ |
| આર. સી. સી. સ્ટેક | મે. ૧૯૬૧ | જુન. ૧૯૬૩ |
| ડિસ્ચાર્જ ટનલ | ઓકટો. ૧૯૬૨ | મે. ૧૯૬૩ |
| કોલ હેન્ડલિંગ પ્લોટનો પાયો | ડિ. ૧૯૬૨ | મે. ૧૯૬૩ |
| વર્કશોપ બિલ્ડિંગ | ડિ. ૧૯૬૨ | ડિ. ૧૯૬૩ |
| વહીવટી કચેરીનું મકાન | જાન્યુ. ૧૯૬૩ | ડિ. ૧૯૬૩ |
| રેલવે સાઈડિંગ | જાન્યુ. ૧૯૬૧ | ડિ. ૧૯૬૧ |

નીચેની વિગતોને સામાન્ય માણસને ખ્યાલ આવે તે માટે તે રસપ્રદ વિગતો નીચે પ્રમાણે આપી છે.

" ધુવારણ પાવરસ્ટેશન પૂરું થશે ત્યારે તેને ચાલુ રાખવા માટે રોજની ત્રણ ગાડીઓ ભરીને કોલસા જોઈશે.

" ધુવારણ પાવર હાઉસ ખાતે પાણી ઠંડું કરવાના હેતુ માટે દરરોજ કન્ડેન્સરોમાંથી પસાર થતા પાણીનો જથ્થો એટલો બધો છે કે એટલા પાણીથી વડોદરા શહેરને ત્રણ માસ સુધી પાણી પૂરું પાડી શકાય.

" ધુવારણ પાવરહાઉસનાં બોઈલરોની રચનામાં વપરાયેલી નળીઓને એક પછી એક લાઈનમાં ગોઠવવામાં આવે તો તે વડોદરાથી મુંબઈ સુધી પહોંચે.

" ધુવારણનાં બોયલરોમાં એકલો ગેસ જ બળતણ તરીકે વાપરવામાં આવે તો તેમાં એક જ દિવસમાં વાપરનાર ગેસ સરેરાશ ૨૫ લાખ કુટુંબોની રોજની જરૂરિયાતના ગેસ જેટલો થાય.

" દહન માટે ધુવારણ બોઈલરોની હવાની જરૂરિયાત દસ લાખ માણસની હવાની જરૂરિયાત જેટલી છે?

" ધુવારણ યોજનાની ટ્રાન્સમિશન લાઈનોમાં વપરાયેલાં દોરડાંની કુલ લંબાઈ પૃથ્વીને વિષુવવૃત્ત આગળથી બે વાર વિંટળાઈ વળે એટલી લાંબી

થાય અને તેમ છતાં મુંબઈથી લંડન પહોંચે એટલી લંબાઈ વધે.

" ધુવારણનાં સઘળાં કે. વી. ટ્રાન્સમિશન ટાવરોને એક ઉપર એક એમ ગોઠવવામાં આવે તો તેની ઉંચાઈ હિમાલયની ઊંચાઈ કરતાં ચાર ઘણી થાય.'[૩]

ગુજરાત રાજ્યની વીજળીની એકંદરે પરિસ્થિતિ ૧૯૬૮ સુધીમાં

રાજ્યની કુલ સ્થાપિત શકિત ૬૧૮ મેગાવોટની છે. જેમાં અમદાવાદ ઇલેક્ટ્રીક સીટી કું.નો પણ સમાવેશ થાય છે.

| | |
|---|---|
| ૧ ધુવારણ મથક ( ૧૯૬૫ ) | ૨૫૪ મેગાવોટ |
| ૨ ઉત્તરાણ મથક | ૬૭૫ મેગાવોટ |
| ૩ સૌરાષ્ટ્રનાં ચાર થર્મલ મથકો | ૬૩૦ ,, ,, |
| ૪ કંડલા વિદ્યુતમથક | ૧૬ ,, ,, |
| ૫ અમદાવાદ ઈલે. કુ. | ૨૧૭.૫ ,, ,, |

ખંભાતનું તેલક્ષેત્ર રોજનો ચાર લાખ ક્યુબિકમીટર ગેસ ધુવારણને થર્મલ સ્ટેશનને પૂરો પાડવામાં આવે છે.[૧]

ધુવારણ વીજળીકેન્દ્રનું વિસ્તરણ પ્રોજેકટોનો શુભારંભ ભારતના નાયબ પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈએ કરેલો પ્રારંભ તા. ૮-૧૨-૬૮

૩ ગુ. સ. માહિતીખાતાનું 'ગુજરાત' તા. ૧૧-૩-૬૫ પૃ. ૨

૧. જાગૃતિ - ૧૩-૧૨-૬૮

૨. ગુજરાત સમાચાર તા. ૩-૩-૬૯ પૃ. ૧

તા. ૮-૧૨-૬૮ના રોજ ધુવારણ મથકે ભારતના નાયક વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ તથા ગુજરાતના વડાપ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ તથા અણુભાઈ જશભાઈ વગેરે આવ્યા હતા.

નાયબ વડા પ્રધાનને ધાર્મિક વિધિની પૂજા કરવાની વિનંતી કરતાં તેઓશ્રીએ પૂજા કરી હતી. બાદ વીજળીબોર્ડને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે ધુવારણનું વિસ્તરણકામ મારે હાથે શરૂ થાય છે અને બે વર્ષમાં પૂરું થશે. વિદ્યુતબોર્ડ જે રીતે કામ કરે છે તેથી મને આશા છે કે નિયત કરેલા સમય કરતાં વહેલું પૂરું કરવા માટે બધી જહેમત લેવાશે.

'આપણી પ્રજા જેટલી સમજદાર અને સારી છે તેવી પ્રજા મેં જગતના બીજા કોઈ દેશમાં જોઈ નથી. માનવીને અસંતોષ તેની શક્તિઓ માટે હોવો જોઈએ કારણ કે તો જ શક્તિ વધે અને સારું કામ થાય. આપણી પ્રજાના લોહીમાં જે સંસ્કાર પડેલા છે તે જ આ દેશની સાચી સંસ્કૃતિ છે અને આ સંસ્કૃતિ જીવંત રહે તો જ આ દેશ જીવંત રહેશે.'[૧]

ખંભાત તાલુકાનાં ગામોને મળતી વીજળી

ખંભાત, નગરા, કલમસર, ઉંદેલ, ભુવેલ, વત્રા, વટાદરા, ખટનાલ, બામણગામ, જહાજ, જલસણ, ફીણાવ, કણઝટ, કાણીસા, ટીંબા, જલુંધ, તારાપુર, રાળજ, વાસણા, શકરપુર, મેતપુર, ધુવારણ, લુણેજ, પીપલોઈ

૧ જાગૃતિ તા. ૧૩-૧૨-૬૮ પૃ. ૧

## પ્રકરણ ૬૭મું
# મીઠું અને લોખંડ

મીઠાનો ઉદ્યોગ :

ખંભાત સમુદ્રકીનારે આવેલું હોવાથી, સમુદ્રના પાણીથી મીઠું પકવવાનો ઘણો મોટો ઉદ્યોગ ચાલતો હતો, ઘણા એકર જમીન તે ઉદ્યોગમાં રોકાયેલી હતી. ઘણા નાના માણસોની આવકનું સાધન હતું.

મિરાતે એહમદીકાર લખે છે કે 'બીજી પેદાશ નિમક એટલે મીઠું છે. ખારા સમુદ્રને કાંઠે આવેલી આ દેશની સઘળી વસ્તીમાં ક્યારીઓ કરી શિયાળામાં કોદાળીઓથી નીકો કરી પાણી ભરે છે; અને તે પાણી જામી જાય છે. તેનું મીઠું થાય છે. તે મીઠું કેવું થાય છે તે વિષે તે લખે છે કે તે કઠણ અને રેતી સરખું હોય છે.[1] કેમકે સમુદ્ર ત્યાંથી ઘણો નજીક છે.

અગરો : ખંભાતના દરિયાકિનારા ઉપર મોટા મોટા અગરો હતા. અગરો નવાબના ઉપરાંત કોઈ કોઈ ખારવાઓના કબજાઓમાં હતા. વિ. સં. ૧૭૬૧ (ઈ. સ. ૧૭૦૫)ના ભાદરવા સુદ ૧૨ સોમવારના રોજ કરેલા એક ખત ઉપરથી જાણી શકાય છે.

'માછી હીરજી દાજી શ્રી જોગ લખતંગ કડિયારા હીરા હરજી એ દેવા ધરેણા ઉપર દેવા. ધરેણાની વિગત આગર મીઠાનો તેનું નામ માછડીઓ ભાગ ૬ તે ઉપર દેવા ખુટની વગત ઉગમણીગમા બાબશમાંનીઓ. આથમણી ગમાં મોરીઓ ઉતર ગમમાં બાબશમાન તલાવડી દખણાગમાં દરિયો છે તે ઉપર દેવા આગરની દાણ નહિ રૂપેડીઆનું વાજ નહિ ભાગે કૂટે ગણી શમરાવી આપે અવધ વરસ ૩ની કરી છે લખૂ બાપના બોલ સાથે પાળીએ સંવત ૧૭૬૧ના ભાદરવાસુદ ૧૨ સોમે.'[1] રૂ. ૭૫] લઈ હીરા હરજીએ મતુ કરી આપ્યું છે.

વળી સમુદ્ર તો ઘણાં વર્ષોથી ખંભાતને પ્રાપ્ત થયલો છે, અને માણસને મીઠાની જરૂરિયાત પણ તેટલી જ જુની છે; એટલે પ્રાચીનકાળથી ખંભાતમાં મીઠું પાકતું એ દેખીતું છે; મીઠાને ગુજરાતમાં 'ખંભાતી'નામથી પણ ઓળખતા.

અગરિયા :

ઘણા વર્ષોથી મીઠું પાકતું હોવાથી ખંભાતના સમુદ્રકિનારે જ માછી પરુ વસેલું છે, આ પરામાં માછી, ખારવા તથા ખલાસી રહેતા. તેમાં મીઠું પકવવાનું કામ માછી અને ખારવા કરતા. કેટલાક વહાણો બનાવવાનું કામ પણ કરતા. દરિયાઈ કામ કરવાવાળાઓની ઘણી વસ્તી માછીપરામાં હતી; એટલે માછીપરું વસ્તીથી ભરેલું હતું. અને જીવનનો મુખ્ત ઉદ્યોગ હેતુ મીઠું પકવવાનો હતો.

સરકારી ભાગ

મીઠું પકવનારા પોતાના અગરોમાં મીઠું પકવતા હતા. અને તેમાંથી અર્ધો ભાગ નવાબસાહેબને આપના ગુજરાત અને હિંદના બીજા ભાગમાં મીઠું જતું.

ભાવ

ખંભાતમાં જ મીઠું પાકે એટલે તે એકદમ સસ્તું વેચાતું હતું; ખંભાતી પૈસાની, ટોપલી મીઠું

---

૧ મિરાતે એહમદી ભા. નિઝામખાન પૃ. ૩ પ્રસ્તાવના મિ. એ હિ. સ. ૧૧૭૬ (ઈ. સ. ૧૭૬૨)માં લખાયેલી અને મહમદ મુકર્રના હાથની લખાયેલી નકલ છે. તેના ઉપર લેખકની મહોર છે એટલે તે વરસમા તે હયાત હોવો જોઈએ.

૧ 'હસ્તલિખિત ખતપત્ર' વિ. સં. ૧૭૬૧

ઘેર નાખી જતાં; જોખીને બેઆને મણ મળતું હતું.

ભક્તકવિ પ્રિતમદાસ ખંભાતમાં

'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને' ઉપરની પંક્તિના રચયિતા ભક્તકવિ પ્રિતદાસનો જન્મ[1] વિ. સં. ૧૭૭૪–૮૦ના અરસામાં બારોટ જ્ઞાતિમાં થયો હતો. એમનું અવસાન ૧૮૫૪ના વૈશાખ વદ ૧૨ને દિવસે થયું છે. તેઓ મૂળ 'બાવળા' ગામના હતા. તેઓ સં. ૧૮૧૭માં સંદેશર ગામમાં પ્રથમ આવીને વસ્યા.

તેઓનાં ૫૨ મંદિરો છે; ખંભાતમાં પણ રજપૂતવાડામાં એક મંદિર છે. તે હાલતો 'મથુરાં બવાના' મંદિરનામથી ઓળખાય છે. તેમની અનેક ચમત્કારી વાતો છે; તેમાં ખંભાતને લગતી બે વાતો છે; એક તો દરિયામાં આવેલો 'ગંગાવોકૂવો' મીઠો કર્યો; અને બીજી મીઠાની સાકર બનાવી. તે પ્રસંગ એવો છે કે

નવાબ ફતેહઅલીખાન (માંમીખાન ત્રીજા)નો ખંભાતમાં અમલ હતો. (ઈ. સ. ૧૭૬૧) ભક્તકવિ કાવી બાજુથી ખંભાત આવતાં રસ્તામાં ગંગાવોકૂવો મીઠો કરી ખંભાતમાં પધાર્યા. પ્રિતમદાસની કીર્તિ અને ચમત્કાર તો ક્યારનાયે પ્રસરી ગયા હતા; નવાબસાહેબના જાણવામાં આવતાં તે વેશ બદલીને તેમના સાધુભક્તોની મંડળીમાં બેસી ગયા; અને એક કથરોટમાં મીઠું ભરી, તેના ઉપર વસ્ત્ર ઢાંકીને લાવ્યા અને ભગવાનના નૈવેદ્ય તરીકે તે પાત્ર મૂકી દીધું. ભજન પૂરું થયે પ્રિતમદાસે તેમાંથી થોડો પ્રસાદ લીધો અને બાકીનો વહેંચવાની આજ્ઞા કરી. પ્રસાદ વહેંચાયો; અને સર્વને મીઠાને બદલે સાકર મળી. નવાબસાહેબ આશ્ચર્ય પામ્યા. તેમણે વંદન કર્યું; પછી પોતે ચાલ્યા ગયા. તે દિવસથી ખંભાતના અગરમાંથી પ્રીતમદાસનાં મંદિરોએ મીઠું

1. 'પ્રીતમવાણી' સ. સા. વ. કા. પ્રકાશત પૃ. ૩૬–૩૭માં આ પ્રસંગ આપ્યો છે.

વહેંચતાં વહેંચતાં ઠેઠ સંદેશર મંદિર સુધી પહોંચાડવામાં આવતું; પછી મીઠાના અગર બંધ થયા તો પણ રૂ. ૭ાાની રોકડ રકમ બોરસદ કચેરી દ્વારા નવાબસાહેબ તરફથી સંદેશરના મંદિરને મોકલવામાં આવતી.

અંગ્રેજોની મીઠા ઉપર પડેલી નજર[1]

પરદેશી સરકાર હંમેશાં પ્રજાશરીરની ધોરી નસો શોધતી ફરે છે. અંગ્રેજોને મીઠાની આ ધોરી નસ હાથમાં આવી. કારણ કે ધાવણા બાળક સિવાય કોઈ પણ માણસ મીઠા વગરનો નહોય! એટલે મીઠા ઉપર કર નાખવો એ વાત અંગ્રેજોએ વિચારી.

શરૂઆત:

બંગાળામાં ઈસ્ટઈંડિયા કંપનીના હાથમાં નવી નવી રાજસત્તા આવી હતી. ગોરા ગુમાસ્તાઓ તેને સોનાની ખાણ સમજવા લાગ્યા. અને લાંચ રુશવત ખૂબ લેવા લાગ્યા. આથી અંગ્રેજોનું નામ બદનામ થવા લાગ્યું. તે માટે કંપનીના નોકરોને મોટા મોટા પગાર આપવા માંડ્યા. આથી કંપનીને ખોટ આવી. આ ખોટ પૂરવા મીઠા ઉપર કર નાખ્યો.

શરૂઆતનો કર:

મીઠા ઉપર પહેલવહેલી જકાતનો કર દર બંગાળી મણે ચાર રૂપિયા કર્યો. એટલે કે એક રૂપિયાના મીઠા ઉપર ચાર રૂપિયા જકાત નાખી: અને તે જકાત લેવા નાકાં બેસાડ્યાં. આમ કરનો આવક થવા લાગી. પછી તેમાં વધઘટ કારણોસર કરતા હતા.

છેવટે કર કાઢી નાખી નવું જ ઊભું કર્યું:

જકાત વસૂલ કરવાનું બંધ કરી ૧૮૭૦માં સાંભર સરોવર ગીરો લઈ લીધું. અને ત્યાર પછી

1 'મીઠાવેરો'યાને હિંદની પાયમાલીની કરુણ કથા' નામક પુસ્તકને આધારે (સને ૧૯૩૦)

લોર્ડ લીટને રજપૂતાનાની મીઠું પકવવાની બીજી જગ્યાઓ હતી તે પણ ખરીદી લીધી.

કિનારાઓ ઉપર પણ સરકાર તરફથી મીઠાનાં કારખાનાં ચાલતાં થયાં. મુંબઈમાં જ અગરો ખાનગી આસામીઓ તરફથી ચાલતા હતા તેના ઉપર અંકુશ મૂકયા.

ગોખલેજીની લડત :

મીઠા ઉપરના કર માટે ગોખલેજીએ ઘણી લડત ચલાવી ત્યારે મીઠાનો કર રૂા. ૨ હતો તે ૧ાા કર્યો આમ વારંવાર કર બદલાતા રહ્યા.

વિલાયતથી મીઠું આયાત :

જે દેશને ત્રણ બાજુ લાંબા સમુદ્રકિનારા છે; મીઠાની ખાણો છે અને સૂર્યદેવ તેમને તૈયાર કરીને આપે છે, એવી આ ભારતવર્ષની ભૂમિને વિલાયતથી મીઠાની ગુણયો આગબોટમાં છેક નીચેના તળિયામાં ભરીભરીને આવવા લાગી. ૫૬ મણના ટનના મીઠાના વિલાયતમાં રૂા. ૨૨ ઉપજતા હતા તેના હિન્દુસ્તાનમાં રૂા ૧૮૦ ઉપજતા. આમ વિલાયતના મીઠાનો ઉપયોગ હિન્દમાં કરી સ્વદેશના ઉદ્યોગને ઉતેજન આપ્યું આથી અંગ્રેજોને ખૂબ આવક થઈ. આ વાત બીજી કંપનીઓ સમજતી થઇ ગઇ અને તેણે પણ ખૂબ પ્રયત્નો કર્યા.

ખંભાતના નવાબ સાથે કરાર :

ખંભાતના સમુદ્રકિનારે સેંકડો વર્ષથી મીઠું પકવવામાં આવતું હતું; અને તેનાથી હજારો કારીગરો પોસાતા હતા. નવાબસરકારને પણ સારી આવક હતી; પરંતુ જ્યારે એક હથ્થુ વેપારીનીતિ સરકારે કરી ત્યારે તેમાં તાબાના રાજા નવાબ સાહેબને પણ આંખો બંધ કરવી પડી, સને ૧૮૭૮ ૧૯મી માર્ચ એ કપરો દિવસ આવ્યો અને નવાબસાહેબને તે ધંધા ઉપરથી હાથ ઉઠાવી લેવાનું કહેવામાં આવ્યું.

અને તે બદલ તમને રૂા. ૪૦૦૦૦ ચાળીસ હજાર આપીશું, એમ કહેવામાં આવ્યું. આ સમયે મ. નવાબ જાફરઅલીખાનના પિતા હુસેનયાવરખાનસાહેબ હતા. તે તો સારી રીતે સમજ્યા કે આપણી પાયમાલી નોતરી; તેમને સખત આઘાત થયો, ઈ. સ. ૧૭મી માર્ચ ૧૮૮૧ના રોજ કરાર થયા. તેમાં ૧૦મી જાનેવારીએ ૨૦૦૦૦ અને ૧લી જુલાઈએ ૨૦૦૦૦ એમ બે હપતે થઈ ચાળીસ હજાર બ્રિટિશ રાજ્ય તરફથી મળવાના; નીમકસારના હકવાળાના હક કાયમ રાખ્યા અને ખંભાત દરબારને ૫૦૦ મણ મીઠું આણંદ સ્ટેશને આપે, જો ફરી મીઠું પકવવાનું થાય તો રૂપિયા ચાળીસ હજાર આપવાના બંધ[1] આ પ્રમાણે કરાર કર્યા.

આ પ્રમાણે સારી આવક ધરાવતો, ઓછી મૂડી રોકતો, હજારોના જીવનદીપક ઉદ્યોગ ઝાંખો પડી ગયો. ઈ. સ. ૧૮૭૮માં મીઠાની આવકમાંથી ૬૪૭૭૧ રૂા થતી અને રાજ્યની કુલ આવક ૩,૮૮,૬૩૦ રૂા હતી એટલે આવકનો લગભગ પાંચમો ભાગ મીઠાની ઉપજ હતી.[2]

કસ્ટમ ઓફિસ રાખી :

વળી દરિયા ઉપર કસ્ટમઓફિસ રાખી હતી; અને તેમાં પોલિસો રાખ્યા. તે પોલિસો રોજ દરિયાની ચોકી કરે; કોઈ પણ માણસ દરિયામાંથી જરા પણ મીઠું કે મીઠાવાળી રેતી વગેરે લઈ

૧. કલકત્તામાં સર. સી. યુ.. ઍટચસના અગ્રેજી પુ. વો. ૭માં પેજ ૮૧ થી ૮૫ સુધી આ કરાર આપ્યા છે.

૩. લોકમત વર્ષ ૧ લું તા. ૧૧-૪-૧૯૪૮

ન જાય; આ માટે તેમને માથે ફરજ નાખેલી કે થોડા દિવસ થાય કે જમીન ઉપર દેખાતું.

મીઠું પાછું રેતોભેગું ભેળવી દેવું. આમ થવાથી ઘણું નુકસાન થયું, અને મીઠા માટે પરાવલંબીપણું આવી ગયું.

કાયદો :
મુંબઈ ઈલાકાના તાબમાંના દેશમાંથી મીઠું લઈ જશે તેને ત્રણ મહિનાની સજા અને રૂા ૫૦૦ દંડ અથવા બંને ઠરાવ્યાં.

મીઠાનો ભાવ :

આ સમયે ખંભાતીનાણું ચાલતું હતું. એક રૂપિયાના ૮૦ પૈસા હતા. અને એક ખંભાતી પૈસાનું પાંચશેરનું મીઠું મળતું. ૧૦૦ મણ મીઠાની કિંમત રૂા. ૬–૧૪–૦ હતી. આટલું બધું સસ્તું મળતું, ખંભાતની પ્રજાને તો એની કંઇ કિંમત ન બેસતી એમ કહીએ તોપણ ચાલે. આજે મીઠાના ભાવ અને કોઈ વખતે તે ન મળવાથી ભોગવવી પડેલી હાડમારીનો ચિતાર જોઈએ છીએ ત્યારે ઘરને આંગણે પાકતા મીઠાના લાભ સમજાય છે.

ખંભાતના અગરિયાઓ :

ખંભાતમાં મીઠું પકવનારાઓએ ભારતસરકાર સુધી પોતાના હક બાબત લડત ઉપાડી કે '૧૮૭૫–૭૮ના સમયથી મીઠું પકવવાનો હક છે.' પરંતુ છેલ્લે આ લડતનું પરિણામ કંઈ આવ્યું નહિ.

મીઠાના હક[4] :

ખંભાત રાજ્યમાંથી નીમકખાતું બંધ થયું ત્યારે હક બાંધી આપ્યા. કાનુગાનો, નીમકસારનો, કસ્ટમ ફુરજાનો અને ધર્માદાખેરાતનો કાનુગા એ લોકો નીમકખાતામાં કારકુનનું કામ કરતા હતા. જેઓને 'નીમકસાર' નામનો હક ખાય છે તે તે નીમકના નાકા ઉપર સિપાઈની નોકરી કરતા હતા, નોકરીના બદલામાં નીમક ઊપર અમુક લવાજમ મળતું હતું; પગાર મળતો નહિ; જ્યારે નીમકખાતું બંધ થયું ત્યારે એ લોકોને હક બાંધી આપવામાં આવ્યો હતો. તેથી તે હક ચાકરીઆટ છે. એ હક બાબત સનદ આપવામાં આવી નથી. આ હક ઉપર ઉત્તરાધિકાર ખંભાત દરબારનો હતો.

ના.નવાબ હુસેનયાવરખાનના હાલના સમયમાં ખંભાતમાં ફરી મીઠું પકવવા બાબત કરેલો પ્રયત્ન (૧૯૩૨)

આ સમયે દિ. બા. નર્મદાશંકર દે. મહેતા દીવાન હતા. તેઓએ ગવર્નમેન્ટમાં બહુ જ વિનયપૂર્વક ખંભાતમાં પુનઃ મીઠું પકવવા માટે પ્રયાસ કરેલા. જેનો સાર આ પ્રમાણે છે :

ખંભાતમાં મીઠું પકવવાનું અને તેનો નિકાસ કરવાનો ખંભાત રાજ્યનો મુળભૂત હક હતો. ગવર્નમેન્ટે ફરજિયાત મીઠું પકવવાનું બંધ કરાવ્યું તેથી નાણાંકીય ઘણું નુકસાન થયું છે. સ્ટેટની આવકનો $\frac{1}{2}$ ભાગ મીઠાનો હતો. ખંભાત રાજ્યના કુદરતી અને મૂળભૂત હક મીઠું પકવવાનો લઈ લીધો જેથી બ્રિટિશ ઈંડિયાને અને ઇજારાને જ લાભ થાય. યોગ્ય રીતે જકાત નાખી હોત તો નાખી શકાત. ખંભાતનું કમનસીબ એક તરફી રહેલું છે લગભગ ૧૮૦૨ એટલે કે લગભગ ૧૨૫ વર્ષથી ખંભાતના મીઠાના અગરોના નફામાંથી અર્ધો હિસ્સો લેવાનું શરૂ કર્યું. અને ૧૮૩૭માં સ્ટેટનો હિસ્સો બ્રિટિશ અને ખંભાતના ઓફિસરોએ વેચ્યો અને અર્ધોઅર્ધ બ્રિટિશો લઈ ગયા.

૪. ખં. રાજ્યની સરક્યુલરબુક પાનું. ૨૭૬

૧૮૪૪માં એક ચોકી મૂકવામાં આવી. ૧૮૭૮માં અગરો બંધ કરવામાં આવ્યા. નવાબસાહેબનો વિરોધ એટલો સખત જબરો હતો કે તેના જીવન દરમ્યાન આ એગ્રમેન્ટ થવો ઘણો જ મુશ્કેલ લાગ્યો હતો, હુસેનયાવરખાન મીઠાના અગરો બંધ થતા સુધી જીવ્યા નહિ અને મીઠાના અગર બંધ કરવા બાબતની બધી શરતોનું સંતોષકારક રીતે પાલન ન થાય તે પહેલાં તે ગુજરી ગયા.

ઈ. સ. ૧૮૮૦ના એપ્રિલમાં નવાબ હુસેન-યાવરખાન સાહેબનું મૃત્યુ થયું. ત્યાર પછી ૧૮૮૦ના ઓગષ્ટ પહેલો એગ્રીમેન્ટ કરવામાં આવ્યો, તે વખતે હી. હા. જાફરઅલીખાન ગાદી પર હતા. નવાબ જાફરઅલીખાન બહાદુરે નવા રાજા તરીકે સને ૧૮૮૧માં એગ્રીમેન્ટ ઉપર સહી કરી; જૂની મૈત્રીની ગાંઠ વધારે દૃઢ કરવા માટે આ પગલું હતું.

'ઈ. સ. ૧૮૭૮ના માર્ચની ૧૯મી તારીખથી નવાબસાહેબે ખંભાતના મીઠાના અગરો બંધ કર્યા અને તેને એવી સ્થિતિમાં રાખવામાં આવશે કે જેથી ફરી મીઠાનું ઉત્પાદન થઈ શકે નહિ.'

આ પ્રમાણે કરવું નવાબ જાફરઅલીખાનને બિલકુલ ગમ્યું નહતું. રાજાને પોતાનો કુદરતી હકનો નાશ છિન્નભિન્ન કરનાર અને પોતાના પ્રદેશને વેરાન બનાવનાર કરાર પર સહી કરવી કેટલી દુઃખદાયક થઈ પડી હશે તેનો ખ્યાલ સહેજે આવી શકે છે. તેમની સંમત્તિ, સ્વેચ્છા, અને સ્વતંત્રની ન હતી.

ઈ. સ. ૧૮૮૦માં મીઠાના અગરોએ લગભગ ૬૪૦૦૦ની ઉપજ આપી હતી. અને ૧૮૭૮માં લગભગ ૮૬૦૦૦ હતી.

છેલ્લા ત્રીસ વર્ષની સરાસરી હિસાબ ગણી રૂા ૪૦૦૦૦ લેખે ઈ. સ. ૧૮૮૧માં આપવાના નક્કી કર્યા. એટલે આવક અર્ધી ગણી, જેથી સ્ટેટને દર વર્ષે થયેલું નુકસાન ગણતાં ૧૮૭૮થી લગભગ ૫૦ વર્ષમાં ૬૦થી ૭૦ લાખનું નુકસાન થયું છે; તેમાંથી અર્ધો ભાગ ગવર્નમેન્ટ લઈ જાત તો પણ અર્ધી રકમ રહેત; અને જો ન અર્ધો ભાગ લીધો હોત તો લગભગ બે કરોડનું નુકસાન થયું ગણાત.

આ રીતે મીઠાના અગરો બંધ થવાથી સ્ટેટને ઘણું નુકસાન થયેલું. તેને ફરી શરૂ કરવાના પ્રયત્નો ઈ. સ. ૧૯૩૨માં થયેલા. પરંતુ ગવર્નમેન્ટ તે તરફ કાંઈ પણ લક્ષ આપ્યું નહિ.

ખંભાતના સાગરકાંઠે

પુનઃ મીઠાનું ઉત્પાદન ઇ. સ. ૧૯૬૧ ;

(૧)

'ગુજરાત સોલ્ટ એન્ડ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ' પ્રા. લી. ઇ. સ. ૧૯૬૧

આ કંપનીએ ખંભાતના સાગરકાંઠે મીઠું પકવવાનું સાહસ ખેડયું છે. મુંબઈ સરકાર તથા દિલ્હીસરકાર સાથે મળીને તેમણે પરવાનગીરીઓ મેળવીને ખંભાતમાં મીઠાના અગરો માટેના પાળા વગેરે બાંધવાનું કામ શરૂ કર્યું.

સમુદ્ર કિનારે ૫૬૦૦ એકર જમીન છે; જેના ચાર વર્ગ પાડવામાં આવ્યા છે. રેલવે સડકની પૂર્વ બાજુમાં એ. બી. અને પશ્ચિમ બાજુમાં સી. ડી. એવા ચાર વર્ગો પાડવામાં આવ્યા છે. તેમાં આ કંપનીએ રેલવેની પૂર્વ બાજુની જમીનનો કબજો મળી ગયો છે; જેમાં મીઠાના પાળા બાંધ્યા. અને મીઠું ઉત્પાદન કર્યું આ કાર્યમાં લગભગ ૮૦૦ જેટલા કામ કરનારા અગરિયાનો ઉપયોગ થયો હતો. અને વર્ષને અંતે લગભગ ૧૦૦૦૦૦ લાખ ટન મીઠું તૈયાર થયું હતું. આ કંપનીએ લગભગ ૨૨ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

દરિયાના પાણીની ભરતી ઉપર આધાર નરાખતાં ચાર મોટાં ડેમ બનાવીને દરિયાકાંઠે ઇલેકટ્રીક જનરેટી દ્વારા ઉત્પન્ન કરેલી વીજળીમાંથી ચાલતાં ૭૫ પંપીંગ સેટથી પાણી ખેંચી ડેમમાં વાળી વૈજ્ઞાનિક પદ્ધતિએ મીઠું પકવવામાં આવે છે સાગરડેમ, રાજડેમ, સીર્ટાડેમ, અને રેલવેડેમ એવાં નામ આપવામાં આવ્યાં છે.૧

જે મીઠું તૈયાર થયલું છે તેને બિહાર અને યુ. પી. સુધી મોકલવામાં આવે છે. આ મીઠું સંપૂર્ણ શુદ્ધ છે. આ મીઠાને વિદેશમાં મોકલવા માટે સ્ટીમર દ્વારા નિકાશ કરવાની સગવડોની જરૂર છે અને તે માટે મરીન સર્વેયર તા. ૫–૧–૬૪ તથા ગુજરાત રાજ્યના મુખ્ય એન્જિનિયર શ્રી કાંટાવાળા તા. ૬–૧–૬૪ આવ્યા હતા. અને સ્ટીમરને પસાર થવાનો રસ્તો ઊંડા પાણીવાળો છે કે કેમ ? તે તપાસ્યો હતો

( ૨ )

વેસ્ટર્ન ઇન્ડિયા સોલ્ટ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ ઇ. ૧૯૬૩

આ કંપનીને ખંભાતના સમુદ્રકિનારે મીઠું પકવવાને માટે ગુજરાત સરકારે રાલેજ ગામના સ. નં. ૫૨૮ વાળી ૧૦૭૭ એકર–૧૯ ગુંઠા જમીન ૨૦ વર્ષના પટેથી કરાવેલી શરતો પ્રમાણે આપી છે. આ કંપનીના વહીવટકર્તા ધર્મજના શ્રી રામભાઈ લાખાભાઈ પટેલ તથા શ્રી મણીભાઈ ખોરીભાઈએ આ જગ્યાનો કબજો સંભાળી લઇને જરૂરી કામકાજ શરૂ યરી દીધું છે. આ જગા તે લગભગ શિકોતર માતાની પેલીપારનો વિસ્તાર છે.[૧]

( ૩ )

કેમ્બે સોલ્ટ એન્ડ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ –૧૯૬૪ જૂની આખોલ પાસેની ૧૬૦૦ એકર જમીન તેમને ગુજરાત સરકાર તરફથી પાસેથી પ્રાપ્ત કરી છે. એ હવે કામકાજ શરૂ કરશો[૨]

મીઠાના ઉદ્યોગોની ભલામણ

ખંભાતમાં મીઠું પાકવાનું શરૂ થયું. હવે તે ઉદ્યોગનો વિકાસ નીચેની રીતે થઈ શકે અને તે માટે ખેડા જિલ્લાના વિકાસ અધિકારી નીચેની બાબતો સૂચવે છે જે ઉપયોગી છે.

સૂર્યની ગરમીથી બાષ્પીભવનની ક્રિયાથી દરિયાકિનારે મીઠું પકવવાનો ઉદ્યોગ એ રાજ્યનો મહત્ત્વનો ઉદ્યોગ છે. ભારતના મીઠાના ઉત્પાદનમાં આ રાજ્યનો ફાળો લગભગ ૫૦ ટકા છે. સમગ્ર ભારતમાં ૩૫.૬ લાખ ટન મીઠું ઉત્પન્ન થાય છે તે પૈકી ૨૦ લાખ ટન મીઠું આ રાજ્યમાં ઉત્પન્ન થાય છે; મીઠા ઉપર આધારિત ઉદ્યોગો ઉપર આ પરિસ્થિતિ અનુકૂળ છે અને ખાસ કરીને રસાયણો અને દવાઓ જેવી કે પોટેશીયમ કલોરેટ મેગ્નેશિયમ સલ્ફેડ, કાર્બોનેટ, કલોરેટ, કેલ્શીયમ સોલ્ટ અને બ્રોમાઈડ વગેરે બનાવી શકાય તેમ છે. તે ઉપરાંત સોડા અને કોસ્ટીક સોડાનાં સાહસો માટે પણ સુંદર તક છે.

સને ૧૯૬૩માં ખંભાત મુકામે ૬૦૦૦ એકરમાં મીઠું પકવવાની યોજના સાથે ૧૫૦૦ એકરમાં મીઠું કરતાં ૫૦૦ ટન મીઠાનું ઉત્પાદન મળે છે અને ચાલુ વર્ષે ૧૫૦૦૦ ટન મીઠુ મળવાનો અંદાજ છે. મીઠાના આ ઉદ્યોગ એકમ ખંભાતના દરિયાકિનારે ઉચ્ચતરે આવેલા ભૂમિતટમાંથી પાણી ખેંચવા ૧૩૨ પંપ ગોઠવ્યા છે. ખંભાત મુકામે ૪ લાખ ટન મીઠાનું ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે, જે

---

૧ ન. સ. ૭–૧૨–૬૧ પૃ. ૧૦

૧ જાગૃતિ તા. ૧૫–૨–૬૩

૨ " તા. ૨૪–૪–૬૪

મીઠાના અસાધારિત રસાયણોનું ઉત્પાદન અને વિકાસ સૂચવે છે.

ચર્ચાવિચારણા અને અભ્યાસ દરમિયાન એવું થયું કે આ વિસ્તારોમાં પ્રાકૃતું મીઠું ૯૫ ટકા સોડિયમ તત્વ ધરાવે છે. અને જેથી કરીને પોટેશિયમ કલોરેટ, મેગ્નેશિયમ સલ્ફેટ, બ્રોમાઇડ વગેરે માટે સારો એવો ઉપયોગ થઈ શકે તેમ છે. ચાર લાખ ટન મીઠાના સંયોજનથી તજ્જ્ઞયુક્ત રસાયણોનું આશરે ૩૨૦૦૦ ટનનું પ્રમાણ મળી આવે. આમાં પોટેશિયમ કલોરેટ, મેગ્નેશિયમ સલ્ફેડ વગેરેનો પણ પ્રાથમિક રીતે સમાવેશ થઈ જાય છે. તે પૈકી ૪૦૦૦ ટન પોટેશિયમ કલોરાઈડ ૨૦૦૦૦ ટન મેગ્નેશિયમ કમ્પાઉન્ડ, ૧૦૦૦૦ ટન બ્રોમાઈડનું ઉત્પાદન મીઠાના ઉદ્યોગમાંથી થઈ શકે.

પોટેશિયમ કલોરેટ ને બ્રોમાઈડના એકમો મીઠાની વિસ્તૃતીકરણની યોજનાની સાથે ખંભાત મુકામે સ્થાપવા ભલામણ કરવામાં આવે છે. ખંભાત બંદરને ખોદીને ઊંડું કરવામાં આવશે તો આટલા બધા વિશેષ મીઠાના જથ્થાને બહાર મોકલવાની કોઈ મુશ્કેલી પડશે નહિ. મીઠાના ધંધા માટે તેમ જ મીઠા આધારિત રસાયણો અને ઉદ્યોગો માટે ભાવિ ઉજ્જવળ છે તેમ અભ્યાસ-જૂથનો અભિપ્રાય છે.

આ કારખાનામાં લોઢું ઓગાળીને તેના નવા ઘાટ કરે છે. તથા ભાંગ્યાતૂટ્યા ભાગો બનાવે છે; તથા જાળીઓ. કઠેરા તથા લોખંડના સઘળાં કામો તૈયાર કરે છે.

---

૧ શ્રી પાનાચંદ મહેતા આઈ. એ. એસ.નો લેખ નવસંસ્કાર ખેડા જિલ્લા વિકાસઅધિકારી તા. ૧૦-૯-૬૪

૧. પ્લાસ્ટીકનું કારખાનું : — પોલીટાપ કોર્પોરેશન ઠે. પરામાં ગુર્જરવાડો

લોખંડકામ

૨ લોખંડનાં કારખાનાં :



લોખંડનાં કારખાનાં

| | |
|---|---|
| ૧. જયશ્રી ઓમકારેશ્વર એન્જિનીયરિંગ વર્કસ | ઠે. વાંસડાવાડ |
| ૨. મહાલક્ષ્મી એન્જિનીયરિંગ વકર્સ | ઠે. વાંસડાવાડ |
| ૩. લક્ષ્મીવિજય આયર્ન એન્ડ બ્રાસ ફેકટરી | ઠે. વહોરવાડ |
| ૪. ચુનીલાલ ફાઉન્ડરી | આંબાપાડ |
| ૫. ક્રાઉન એન્જિનીયરિંગ વર્કશ | ઠે. પ્રજાપતિવાડીમાં |
| ૬. કેમ્બે એન્જિનીયરિંગ વર્કસ | ઠે. પ્રજાપતિ વાડીમાં |
| ૭. લોખંડનું કારખાનું | ઠે. લાલ દરવાજા |
| ૮. બાજરિયા ઈન્ડટ્રીયલ | સ્ટેશન સામે મોટું |
| ૯. રમણલાલ ગિરધરલાલ | ઠે. ખારી કૂઈ |
| ૧૦. પંચાલ જયંતીલાલ છોટાલાલ | |

ખંભાત – ઔદ્યોગિક વિકાસ

૧ કંસારી નજીક :

ગુજરાતના ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી મનુભાઈ શાહે તા ૧૯ ૩ ૬૯ના રોજ કંસારીરોડ ઉપર ઊભી થઈ રહેલી ઔદ્યોગિક વસાહત ખાતે ખંભાત ઔદ્યોગિક વસાહત સમિતિ – તરફથી એક સમારંભ ગોઠવ્યો હતો, જેમાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ વગેરેની હાજરી સારા પ્રમાણમાં હતી શ્રી શાહે કહ્યું હતું કે – ભૂતકાળમાં ખંભાત આગળ પડતું ઔદ્યોગિક શહેર હતું, તેને ફરીથી ઔદ્યોગિક નકશા પર મુકવાનું કામ તમારા બધાનું છે, તમારો વિકાસ તમારે કરવાનો છે, બીજા આવી કરી જશે તે આશા નકામી છે. બધા સાથે મળે સહકારથી સાહસ કરે તો કોઈ અશક્ય નથી. આ માટે મુંબઈ અને બીજે બહાર વસતા ઉદ્યોગ પતિઓને એકડા કરી અહીં લાવવા જોઈએ. ઉદ્યોગ શું કરવો તેનો નિર્ણય તમે કરો અને જમીન, પાણી, પૈસા, શેડ, વીજળી વગેરે અમો આપીશું. નવા નવા ઉદ્યોગ કરવા જણાવ્યું હતું. ગુજરાત સરકાર તમામ મદદ કરશે[1]

૨ ખડોધીકલમસર પાસે

ગુજરાતનું સૌથી વિદ્યુતમથક ધુવારણ છે. ત્યાંથી પાંચ માઈલ દૂર આવેલા કલમસર અને ખડોધી ગામ નજીક ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન વિશાળ પાયાપર વીજળીશકિત આધારિત ઉદ્યોગ સંકુલ આયોજન કરવાનો નિર્ણય લેવાયો છે. તા ૧૯ ૩ ૬૮ના રોજ ઉપર જણાવેલા મનુભાઈએ વિજળીબોર્ડના સભ્યોની સયુકત મીટિંગમાં નિર્ણય લેવાયો છે.

---

૧. જાગૃત તા ૨૧ ૩ ૧૯૬૯ પૃ. ૨